અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

14 FEBRUARY-2026 SATURDAY | Vol. : 17 | Issue : 223 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  દાવો- કિમ જોંગે 13 વર્ષની પુત્રીને ઉત્તરાધિકારી તરીકે પસંદ કરી: બીજિંગ પ્રવાસે પિતા સાથે જોવા મળી હતી....

4  દેશનું સૌથી મોટું સુરક્ષા દળ સરકાર સામે કોર્ટે ચઢ્યું

6  વર્લ્ડકપમાં ટીમ ઈન્ડિયાનો વર્લ્ડ રેકોર્ડ! દુનિયાની કોઈ ટીમ ન કરી શકી એ પરાક્રમ ભારતે કરી બતાવ્યું

7  સરકારે બેઝ યર બદલતાં જ મોંઘવારીમાં ઊછાળો જોવા મળ્યો: રિટેલ ઈન્ફ્લેશન વધીને 2.75 ટકાએ પહોંચી.....

### નોર્થ-સાઉથ બ્લોક બ્રિટિશ શાસનનું પ્રતીક, ગુલામીની માનસિકતામાંથી બહાર નીકળવું જરૂરી

# એક જ છત નીચે તમામ મંત્રાલયો : વડપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી કાર્યાલય સેવાતીર્થનું લોકાર્પણ કર્યું

## મોદીએ મહિલાઓ, ખેડૂતો, યુવાનો અને નબળા જૂથોના કલ્યાણ માટે નિર્ણય લીધો, પીએમ રાહત યોજના શરૂ કરવાની મંજૂરી આપતી ફાઈલ પર હસ્તાક્ષર કર્યા

**નવી દિલ્હી, તા.13**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેવા તીર્થથી એક જાહેર કાર્યક્રમ દરમિયાન કર્તવ્ય ભવન 1 અને 2 નું ઉદ્‌ઘાટન કર્યું. સાથે જ ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડ્યો. આ પહેલા વડાપ્રધાને શુક્રવારે 'સેવા તીર્થ' કોમ્પ્લેક્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું કે આઝાદી પછી સાઉથ બ્લોક અને નોર્થ બ્લોકમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા, નીતિઓ બની પરંતુ આ ઈમારતો બ્રિટિશ શાસનના પ્રતીક તરીકે બનાવવામાં આવી હતી. તેમનો હેતુ ભારતને સદીઓ સુધી ગુલામીની સાંકળોમાં જકડી રાખવાનો હતો. એક સમય હતો, જ્યારે કોલકાતા શહેર દેશની રાજધાની હતું.

1905 ના બંગાળ વિભાજનના સમયગાળા દરમિયાન કોલકાતા બ્રિટિશ વિરોધી આંદોલનનું પ્રબળ કેન્દ્ર બની ગયું હતું. તેથી 1911 માં અંગ્રેજોએ ભારતની રાજધાનીને દિલ્હી ખસેડી. તે પછી અંગ્રેજી શાસનની જરૂરિયાતો અને તેની વિચારસરણીને ધ્યાનમાં રાખીને નોર્થ બ્લોક અને સાઉથ બ્લોક જેવી ઈમારતો બની. આ ઈમારતો બ્રિટનના મહારાજાની વિચારસરણીને ગુલામ ભારતના જમીન પર ઉતારવાનું માધ્યમ હતી. રાયસીના હિલ્સને એટલા માટે પસંદ કરવામાં આવી હતી જેથી આ ઈમારતો અન્ય ઈમારતો કરતાં ઊંચી રહે. સદભાગ્યે, સેવા તીર્થની ઈમારતો જમીન સાથે જોડાયેલી છે, પહાડ પર નથી.



હવે તેમાં વડાપ્રધાન કાર્યાલય (PMO), નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ સચિવાલય (NSCS) અને કેબિનેટ સચિવાલય કાર્ય કરશે. PMO આજથી રાયસીના હિલ સ્થિત સાઉથ બ્લોકથી સેવા તીર્થમાં સ્થળાંતરિત થશે.

ઉદ્‌ઘાટન દરમિયાન વડાપ્રધાને નવા કોમ્પ્લેક્સમાં સ્થાપિત 'સેવા તીર્થ'ની તકતીનું અનાવરણ કર્યું. પરિસરની દીવાલ પર દેવનાગરી લિપિમાં 'સેવા તીર્થ' લખેલું છે. તેની નીચે 'નાગરિક દેવો ભવ' (નાગરિક ભગવાન સમાન છે) નો મંત્ર પણ લખવામાં આવ્યો છે.

વડાપ્રધાનની ઓફિસ 1947થી સાઉથ બ્લોકમાં રહી છે. આ ઈમારત લગભગ 78 વર્ષથી દેશની સત્તાનું કેન્દ્ર રહી છે. 2014થી, મોદી સરકારે બ્રિટિશ શાસકોના પ્રતીકોથી દૂર જવા માટે સતત પગલાં લીધાં છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે 'સેવા તીર્થ' કોમ્પ્લેક્સનું ઉદ્‌ઘાટન કર્યું. હવે તેમાં વડાપ્રધાન કાર્યાલય (PMO), નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ સચિવાલય (NSCS) અને કેબિનેટ સચિવાલય કાર્ય કરશે. PMO આજથી રાયસીના હિલ સ્થિત સાઉથ બ્લોકથી સેવા તીર્થમાં શિફ્ટ થઈ જશે. ઉદ્‌ઘાટન દરમિયાન વડાપ્રધાને નવા કોમ્પ્લેક્સમાં લાગેલી 'સેવા તીર્થ' નામનું અનાવરણ કર્યું. પરિસરની દીવાલ પર દેવનાગરી લિપિમાં 'સેવા તીર્થ' લખેલું છે. તેની નીચે 'નાગરિક દેવો ભવ' (નાગરિક ભગવાન સમાન છે) નો મંત્ર પણ લખવામાં આવ્યો છે. ન્યૂઝ એજન્સી PTI અનુસાર, PM સેવા તીર્થથી એક જાહેર કાર્યક્રમને સંબોધિત કરશે. આ ઉપરાંત, તેઓ જૂની PM ઓફિસમાં કેન્દ્રીય કેબિનેટની વિશેષ બેઠક પણ કરશે. આ બેઠક શુક્રવારે સાંજે 4 વાગ્યે નિર્ધારિત છે. આ બ્રિટિશ કાળની સેક્રેટરીએટ બિલ્ડિંગમાં છેલ્લી કેબિનેટ બેઠક હશે. વડાપ્રધાનની ઓફિસ 1947થી સાઉથ બ્લોકમાં રહી છે. આ ઈમારત લગભગ 78 વર્ષથી દેશની સત્તાનું કેન્દ્ર રહી છે. 2014થી, મોદી સરકારે બ્રિટિશ શાસકોના પ્રતીકોથી દૂર જવા માટે સતત પગલાં લીધાં છે.

## લોકસભામાં 'હરદીપ પુરી રાજીનામું આપો'ના નારા લાગ્યા: વિપક્ષનો હોબાળો

### 9 માર્ચ સુધી સ્થગિત, ભાજપના આરોપ- રાહુલ સત્તા મેળવવા માટે દેશના ભાગલા પાડવા માગતા હતા



**નવી દિલ્હી, તા.13**

બજેટસત્રના 13મા દિવસે લોકસભાની કાર્યવાહી માત્ર 10 મિનિટ ચાલી. શુક્રવારે કાર્યવાહી શરૂ થતાંની સાથે જ વિપક્ષના સાંસદોએ 'હરદીપ પુરી રાજીનામું આપો'ના નારા લગાવ્યા. પાંચ મિનિટ પછી ગૃહ સ્થગિત કરવામાં આવ્યું. બપોરે 12 વાગ્યે ગૃહની કાર્યવાહી ફરી શરૂ થઈ. આ વખતે હોબાળા વચ્ચે શિક્ષણ અને કાયદા મંત્રાલયને લગતાં કેટલાંક બિલ રજૂ કરવામાં આવ્યાં. આ પછી અધ્યક્ષ સંધ્યા રાયે લોકસભા 9 માર્ચ સુધી સ્થગિત કરી દીધી. સંસદનું બજેટસત્ર બે તબક્કામાં યોજાવાનું છે. 23 દિવસના વિરામ પછી સત્રનો બીજો તબક્કો 9 માર્ચથી શરૂ થશે અને 2 એપ્રિલ સુધી ચાલુ રહેશે. આ દરમિયાન ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ શુક્રવારે રાહુલ ગાંધી પર આરોપ લગાવ્યો કે તેઓ સત્તા મેળવવા માટે દેશના ભાગલા પાડવાનો પ્લાન કરી રહ્યા હતા. આ પહેલાં ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ગુરુવારે રાહુલ ગાંધી વિરુદ્ધ લોકસભામાં સબસ્ટેન્સિવ મોશન રજૂ કર્યુ છે. રાહુલ પર દેશને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો છે. દુબેએ રાહુલનું સંસદ સભ્યપદ રદ કરવા અને ચૂંટણી લડવા પર આજીવન પ્રતિબંધ મૂકવાની માગ કરી છે. કોંગ્રેસના સાંસદ રાજીવ શુક્લાએ કહ્યું, 'પંજાબમાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. મંત્રીએ અમને જણાવવું જોઈએ કે એમએસપીને કાયદેસર સ્વરૂપ ક્યારે આપવામાં આવશે. સીધો જવાબ આપો.' શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, 'અમે ખર્ચમાં 50 ટકા નફો ઉમેરીને MSP નક્કી કર્યો છે. તેમની સરકાર દરમિયાન આવું નહોતું. હવે, ખેડૂતોને ફાયદો છે. તેથી જ તેઓ ખુશ છે.'

# સુપ્રીમ કોર્ટે કહ્યું-બંધ કરી દો RERA, માત્ર ડિફોલ્ટર બિલ્ડરોને ફાયદો

### ઘર ખરીદનારાઓને તો મદદ મળી રહી નથી, જે ઉદ્દેશ્ય માટે રેરા બનાવવામાં આવ્યું, તે સંપૂર્ણપણે ભટકી ગયો

**નવી દિલ્હી, તા.13**

સુપ્રીમ કોર્ટે રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA) ના કામકાજ પર સવાલ ઉઠાવતા કહ્યું કે તેને બંધ કરી દેવું જ વધુ સારું છે. હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના એક નિર્ણય વિરુદ્ધ સુનાવણી કરતા ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બેન્ચે આ વાત કહી.

કોર્ટે કહ્યું કે હવે સમય આવી ગયો છે કે રાજ્ય સરકારો રેરા (RERA)ની રચના પર ફરીથી વિચાર કરે. આ સંસ્થા ખરીદદારોની મદદ કરવાને બદલે ફક્ત ડિફોલ્ટર બિલ્ડરોને ફાયદો પહોંચાડી રહી છે. કોર્ટે કહ્યું કે જે ઉદ્દેશ્ય માટે રેરા બનાવવામાં આવ્યું હતું, તે સંપૂર્ણપણે ભટકી ગયું છે.

સુનાવણી દરમિયાન જ્યારે બેન્ચને જણાવવામાં આવ્યું કે



રેરામાં એક નિવૃત્ત IAS અધિકારીને નિયુક્ત કરવામાં આવ્યા છે, ત્યારે ચીફ જસ્ટિસે કહ્યું- દરેક રાજ્યમાં આ નિવૃત્ત અમલદારો માટે એક 'પુનર્વસન કેન્દ્ર' બની ગયું છે. આ ઓથોરિટીઝમાં ફક્ત આવા જ લોકો ભરેલા છે.

ચીફ જસ્ટિસે કહ્યું- જે લોકો એટલે કે હોમબાયર્સ માટે આ સંસ્થા બનાવવામાં આવી હતી, તેઓ આજે સંપૂર્ણપણે નિરાશ અને દુઃખી છે. તેમને કોઈ રાહત મળી રહી નથી.

આ આખો મામલો હિમાચલ પ્રદેશ સરકારના તે નોટિફિકેશન સાથે જોડાયેલો હતો, જેમાં રેરા ઓફિસને સિમલાથી ધર્મશાલા શિફ્ટ કરવાની વાત કહેવામાં આવી હતી. હાઈકોર્ટે તેના પર રોક લગાવી દીધી હતી.

હવે SCએ રાજ્ય સરકારને ઓફિસ શિફ્ટ કરવાની મંજૂરી આપી દીધી છે. સાથે જ કોર્ટે નિર્દેશ આપ્યો કે હોમબાયર્સની સુવિધા માટે અપીલીય ટ્રિબ્યુનલને પણ ધર્મશાલા શિફ્ટ કરવામાં આવે.

આ પહેલીવાર નથી જ્યારે સુપ્રીમ કોર્ટે રેરા પર સવાલ ઉઠાવ્યા હોય. સપ્ટેમ્બર 2024માં પણ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જવલ ભુઈયાંની બેન્ચે કહ્યું હતું કે રેરા પૂર્વ અમલદારોનું ઠેકાણું બની ગયું છે, જેમણે આ એક્ટની સંપૂર્ણ ભાવના અને યોજનાને જ નિષ્ફળ કરી દીધી છે.

ઘર ખરીદનારાઓની સંસ્થા 'ફોરમ ફોર પીપલ્સ કલેક્ટિવ એફર્ટ્સ' (FPCE) એ સુપ્રીમ કોર્ટની ટિપ્પણીઓ પર કહ્યું- રેરા કાયદાને આવ્યાને 9 વર્ષ થઈ ગયા છે, પરંતુ આજે પણ એ વાતની કોઈ ગેરંટી નથી કે રેરા-રજિસ્ટર્ડ પ્રોજેક્ટ સમયસર પૂરો થશે.

જો રેરા ખરીદદારોની અપેક્ષાઓ પર ખરો ઉતરી ન શકે, તો તેમાં મોટા સુધારાની જરૂર છે અથવા તો તેના અસ્તિત્વ પર જ ફરીથી વિચાર થવો જોઈએ.

રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી એક સરકારી સંસ્થા છે જેને 2016માં બનાવવામાં આવી હતી. તેનો હેતુ રિયલ એસ્ટેટ સેક્ટરમાં પારદર્શિતા લાવવાનો, બિલ્ડરોની જવાબદારી નક્કી કરવાનો અને ખરીદદારોના હિતોનું રક્ષણ કરવાનો હતો. સરળ શબ્દોમાં કહીએ તો, રેરા એ સુનિશ્ચિત કરે છે કે ખરીદનારને તેનું ઘર યોગ્ય સમયે, નિર્ધારિત શરતો અનુસાર અને કોઈપણ છેતરપિંડી વિના મળે.

# રાહુલ ગાંધીએ ખેડૂત સંગઠનોના નેતાઓ સાથે મુલાકાત કરી: કહ્યું- ખેડૂતોના હિતો સાથે કોઈ સમાધાન નહીં......

**નવી દિલ્હી, તા.13**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે સંસદ ભવન પરિસરમાં દેશભરના ખેડૂત સંગઠનોના નેતાઓ સાથે મુલાકાત કરી. આ બેઠકમાં ભારત-અમેરિકા વચગાળાના વેપાર કરાર વિરુદ્ધ દેશવ્યાપી આંદોલન શરૂ કરવા અને ખેડૂતો તથા ખેતમજૂરોની રોજીરોટી બચાવવાની જરૂરિયાત પર ચર્ચા થઈ. ખેડૂત નેતાઓએ આ વેપાર કરારનો વિરોધ કર્યો. તેમનું કહેવું હતું કે કરારથી મકાઈ, સોયાબીન, કપાસ, ફળ અને સૂકા મેવા ઉગાડતા ખેડૂતોની રોજીરોટી પર અસર પડશે. કોંગ્રેસ અનુસાર, રાહુલ ગાંધીએ કહ્યું કે આ કરારથી કૃષિ ઉત્પાદનોની આયાતનો માર્ગ ખુલી ગયો છે. આગળ અન્ય પાકો પણ તેનાથી પ્રભાવિત થઈ શકે છે. બેઠકમાં આ કરારના વિરોધમાં મોટા પાયે રાષ્ટ્રીય આંદોલન કરવા પર ચર્ચા થઈ. રાહુલ ગાંધીને મળનારાઓમાં અખિલ ભારતીય



કિસાન કોંગ્રેસના પ્રમુખ સુખપાલ એસ ખૈરા, હરિયાણાના ભારતીય કિસાન મજદૂર યુનિયનના અશોક બલહારા, બીકેયુ ક્રાંતિકારીના બલદેવ એસ જીરા, પ્રોગ્રેસિવ ફાર્મર્સ ફ્રન્ટના આર. નંદકુમાર, બીકેયુ શહીદ ભગત સિંહના અમરજીત એસ મોહરી, કિસાન મજદૂર મોરચા-ઈન્ડિયાના ગુરમનીત એસ મંગત અને જમ્મુ-કાશ્મીર જમીદારા ફોરમના હમીદ મલિક સહિત અન્ય ઘણા નેતાઓ સામેલ હતા.

આ બેઠક તે નિવેદનના એક દિવસ પછી થઈ, જેમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે સરકાર તેમની વિરુદ્ધ FIR દાખલ કરે, કેસ કરે કે વિશેષાધિકાર પ્રસ્તાવ લાવે, પરંતુ તેઓ ખેડૂતોની સાથે મજબૂતીથી ઊભા રહેશે. તેમણે PM નરેન્દ્ર મોદી પર આરોપ લગાવ્યો કે ભારત-અમેરિકા વેપાર સમજૂતી દ્વારા તેઓ દેશને વેચી રહ્યા છે અને ખેડૂત વિરોધી છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો જાહેર કરીને સરકારની ટીકા કરી. તેમણે કહ્યું કે કોઈપણ વેપાર કરાર જે ખેડૂતોની રોજીરોટી છીનવી લે અથવા દેશની ખાદ્ય સુરક્ષાને નબળી પાડે, તે ખેડૂત વિરોધી છે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ મોદી સરકારને ખેડૂતોના હિતો સાથે સમાધાન નહીં કરવા દે.



# વિપક્ષે 922 કરોડના સુધારા સાથે બજેટ મૂક્યું: શહેરમાં નાગરિકોને 24×7 પાણી પૂરું પાડો....

## ગીચ વિસ્તારમાંથી BRTS દૂર કરો, ભ્રષ્ટાચાર દૂર કરવા લોકપાલની નિમણૂક કરો

**અમદાવાદ, તા.13**

રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું વર્ષ 2026-27નું મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટી દ્વારા કુલ રૂપિયા 18,518 કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. વિપક્ષ કોંગ્રેસ દ્વારા પણ પોતાના સુધારા સાથેનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ દ્વારા 652 કરોડ રૂપિયાના વિકાસ કાર્યો સહિત 922 કરોડ રૂપિયાનો સુધારો મૂકી 19,440 કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. કોંગ્રેસે શહેરના નાગરિકો પ્રોપર્ટી ટેક્સ સમયસર ન ભરે તો તેમાં 18% વ્યાજ વસૂલ કરવામાં આવે છે તેને ઓછું કરી 7% કરવા માટેની બજેટમાં રજૂઆત કરી હતી.




વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણ કોંગ્રેસનું બજેટ રજૂ કરતા જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપના સત્તાધીશોએ માત્ર કલ્પનાઓનું જ બજેટ રજૂ કર્યું છે. દર વર્ષે બજેટમાં સુધારો મૂકવામાં આવે છે, પરંતુ અસરકારક રીતે તેનો ઉપયોગ થતો નથી. કોંગ્રેસે રજૂ કરેલા બજેટમાં શહેરમાં નાગરિકોને 24 કલાક અને 365 દિવસ પૂરતા પ્રેશરથી પાણી આપવા માટે 100 કરોડ રૂપિયા ફાળવ્યા છે. ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે ગીચ વિસ્તારમાંથી બીઆરટીએસ દૂર કરવા અને ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે માસ્ટર પ્લાન બનાવવા માટે રજૂઆત કરવામાં આવી છે.

શહેરમાં યુવા વર્ગ દારૂ, ચરસ, ગાંજો જેવા નશાકારક ચીજ વસ્તુઓની નશાખોરી કરી રહ્યા છે ત્યારે તેની આદત છોડાવવા માટે અમદાવાદમાં રિહેબ સેન્ટર બનાવવા માટે પણ પાંચ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગોને પ્રોજેક્ટમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિ ચાલે છે જેની અનેક રજૂઆતો કમિશનર અને સત્તાધારી પક્ષના હોદ્દેદારોને કરવામાં આવી છે ત્યારે કોઈ કાર્યવાહી થઈ નથી જેથી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પારદર્શક વહીવટ અને ભ્રષ્ટાચાર મુક્ત બને તેના માટે તટસ્થ તેમજ તપાસ એજન્સી તરીકે લોકપાલ નિમણૂક કરવાની માગ કોંગ્રેસે કરી છે. ટ્રીટ વેન્ડર પોલિસીનો અમલ કરી વોર્ડ દીઠ યોગ્ય જગ્યાએ પાણી, ડ્રેનેજ, રસ્તા, લાઈટ, કચરા વગેરેના નિકાલની સુવિધા સાથે બજારનું આયોજન કરવા 20 કરોડ રૂપિયાની પણ ફાળવણી કરી છે.

મહિલા સશક્તિકરણ નીતિ અંતર્ગત નાના-મોટા રોજગાર કરતી મહિલાઓને પ્રોપર્ટી ટેક્સમાં રિબેટ આપવાથી આર્થિક ટેકો મળી રહે અને મહિલાઓ ધંધો રોજગાર કરવા પ્રેરાય તેના માટે મહિલા આંતરપ્રિન્યોર માટે પ્રોપર્ટી ટેક્સમાં રાહત આપવા માટેનું પણ ઠરાવવામાં આવ્યું છે. શહેરમાં તમામ સ્ટ્રીટ લાઈટો પર સોલાર પેનલ નાખવા માટેની પણ 25 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. શહેરમાં અનેક જગ્યાએ સ્પીડ બ્રેકર મૂકવામાં આવેલા છે અને મોટી ફૂટપાથો બનેલી છે તેના માટેની કોઈ પોલિસી નથી. ખાસ કરીને સ્પીડ બ્રેકરના કારણે અકસ્માત થતા હોય છે જેથી સ્પીડ બ્રેકરો અને ફૂટપાથ બનાવવા માટે પોલિસી બનાવવા ઠરાવવામાં આવ્યું છે.

અમદાવાદમાં રોડ રીસરફેસની પોલિસી બનાવવા માટેની પણ માગ કરવામાં આવી છે. હેરિટેજ સિટીનો દરજ્જો મળ્યો છે ત્યારે સંસ્કૃતિ રૂપી વિરાસતો બચાવવા 50 કરોડ અને શહેરના ઐતિહાસિક ધાર્મિક સ્થાનોનો વિકાસ કરવા માટે પોલિસી બનાવીને 50 કરોડ રૂપિયાની ફાળવણી પણ કરવામાં આવી છે. સાબરમતી નદીમાં આવેલા તમામ ફ્રેન્ચવેલ કાર્યરત કરવા માટે પણ 50 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જ્યારે દરેક ઝોનમાં રેન બસેરાનો મહત્તમ ઉપયોગ થઈ શકે તેવી સુવિધા સાથે બનાવવા પણ 10 કરોડની ફાળવણી કરાઈ છે.

વિપક્ષ કોંગ્રેસ દ્વારા રજૂ કરવામાં આવેલા બજેટમાં 652 કરોડ રૂપિયા વિકાસના કામો, વીએસ હોસ્પિટલ માટે 200 કરોડ, માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય માટે એક કરોડ, એએમટીએસ માટે 25 કરોડ અને સ્કૂલ બોર્ડ માટે 69 કરોડ એમ કુલ 922 કરોડ રૂપિયાનો સુધારો મૂકવામાં આવ્યો છે. વિકાસ કામો 652 કરોડ રૂપિયાના છે. 19 અને 20 ફેબ્રુઆરીના રોજ મળનારા બજેટ સેશનમાં કોંગ્રેસ દ્વારા પોતાના સુધારા રજૂ કરાશે.

# દારૂ પીને કાર ચાલકે એક્ટિવાને ટક્કર મારી: નરોડામાં પતિ-પત્ની અને બાળક ઈજાગ્રસ્ત

## ચાલક ભાગી જતા લોકોએ પીછો કરી પકડ્યો, ગાડીમાંથી દારૂની બોટલ મળી

**અમદાવાદ, તા.13**

અમદાવાદ શહેરમાં દિન પ્રતિદિન દારૂ પીને ગાડી ચલાવીને અકસ્માતની ઘટનાઓ વધી રહી છે. ગઈકાલે(12 ફેબ્રુઆરી) શહેરના નરોડા વિસ્તારમાં કાપડી વાસ પાસે દારૂ પીધેલા કાર ચાલકે બેફામપણે કાર ચલાવી સામેથી એક્ટિવા પર બાળકી સાથે આવતા દંપતીને ટક્કર મારી હતી. જેથી ત્રણેય લોકો નીચે પડી ગયા હતા. ચાર વર્ષની બાળકીને મોઢાના અને અન્ય ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી જ્યારે પતિ-પત્નીને પણ ઈજાઓ થતા ત્રણેયને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.



અકસ્માત બાદ લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા અને ચાલકને ઝડપી પાડ્યો હતો. પોલીસને જાણ કરવામાં આવતા ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ટ્રાફિક પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. શહેરના નવા નરોડા વિસ્તારમાં આવેલી અંજની રેસીડન્સીમાં રિતેશ ખટનાની તેમના પરિવાર સાથે રહે છે. રિતેશભાઈ તેમના પત્ની અને ચાર વર્ષની બાળકીને લઈને એક્ટિવા પર તેમના સાળીના ઘરે ગઈકાલે રાત્રે મળવા માટે ગયા હતા. સવા નવ વાગ્યાની આજુબાજુ તેઓ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે નરોડા કાપડીવાસ પાસે પહોંચતા સામેના ભાગેથી બેફામ સ્પીડે એક કારચાલક આવ્યો હતો. કાર ચાલકે સામેથી આવતા એક્ટિવાને ટક્કર મારી હતી જેના કારણે રિતેશભાઈ તેમના પત્ની અને નાની બાળકી ત્રણેય નીચે પડી ગયા હતા અને તેઓને ગંભીર ઈજા થઈ હતી.

અકસ્માત થતાની સાથે જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને રીતેશભાઈએ તેમના મિત્રોને જાણ કરતા તેઓ પણ ઘટનાસ્થળ ઉપર પહોંચ્યા હતા. ગાડી ચાલક પોતાની ગાડી મૂકી ત્યાંથી ભાગી ગયો હતો. જોકે સ્થાનિક લોકોએ તેનો પીછો કરી તેને ઝડપી પાડ્યો હતો.

108 એમ્બ્યુલન્સ મારફતે ત્રણેયને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગાડીમાં તપાસ કરતા દારૂની બોટલ પણ મળી આવી હતી. પોલીસને જાણ કરવામાં આવતા જી ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. પોલીસે કારચાલક રાઘવેંદ્ર તેજભાન સીંગ (ઉ.વ 31, રહે. દેવમાણીક ફ્લેટ, શ્રીનાથ પાર્ટી પ્લોટ પાસે, નવા નરોડા, મુળ વતન ગામ-કુસમી તા-ઉચાઆહાર થાના-જગતપુર જી-અયોધ્યા ઉત્તરપ્રદેશ) ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# 33 GAS અધિકારીઓની સિનિયર સ્કેલમાં બઢતી: એડિશનલ કલેક્ટર, ડેપ્યુટી કમિશનર સહિતના અધિકારીઓના પે લેવલમાં વધારો.....

**ગાંધીનગર, તા.13**

રાજ્ય સરકારે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (GAS) કેડરના 33 અધિકારીઓને સિનિયર સ્કેલ (લેવલ-12, પગાર માળખું 78,800-2,09,200)માં પ્રમોશન આપતું નોટિફિકેશન જાહેર કર્યું છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી સૂચના મુજબ તમામ અધિકારીઓને સિલેક્શન સ્કેલ (લેવલ-13)માં ઉન્નત કરી હાલની જ જવાબદારીઓ પર યથાવત્ રાખવામાં આવ્યા છે.



પ્રમોશન મેળવનાર અધિકારીઓમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડિરેક્ટર, રેસિડન્ટ એડિશનલ કલેક્ટર, પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર, ડેપ્યુટી કમિશનર, એડિશનલ કલેક્ટર સહિતના મહત્વના હોદ્દા પર કાર્યરત અધિકારીઓનો સમાવેશ થાય છે.

મોરબી, ખેડા, પંચમહાલ-દાહોદ, વડોદરા, અમદાવાદ, વલસાડ, બનાસકાંઠા, કચ્છ, જૂનાગઢ, રાજકોટ, નર્મદા સહિત વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા અધિકારીઓને લાભ મળ્યો છે. સચિવાલય ગાંધીનગર ખાતે કાર્યરત કેટલાક પર્સનલ સેક્રેટરી અને વિભાગીય અધિકારીઓને પણ બઢતી આપવામાં આવી છે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ પ્રમોશન ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલા SCA નં. 5182/2020 અને 5972/2020ના અંતિમ નિર્ણયને આધીન રહેશે. રાજ્યપાલના આદેશથી જાહેર થયેલા આ નિર્ણયને વહીવટી તંત્રમાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે અને અધિકારીઓમાં ઉત્સાહનો માહોલ છે.

# નડિયાદ પાસે નેશનલ હાઈવે 48 પર અકસ્માત: અજાણ્યા વાહનની ટક્કરે બાઈક સવાર બે યુવાનોના મોત

**નડિયાદ, તા.13**

ખેડા જિલ્લાના વસો પોલીસ મથકની હદમાં આવતા દાવડા ગામની સીમમાં ગત રાત્રિએ માર્ગ અકસ્માત સર્જાયો હતો. નેશનલ હાઈવે 48 પરથી પસાર થઈ રહેલા બે યુવાનોને અજાણ્યા વાહને ટક્કર મારતા બંનેના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા.

મૃતકોની ઓળખ નડિયાદની ઈન્દિરાનગરીમાં રહેતા પ્રવિણભાઈ વાલજીભાઈ મારવાડી (ઉં.વ. 32) અને તેમના કારીગર અકુભાઈ કાગસીયા (ઉં.વ. 28) તરીકે થઈ છે. ગત 12 ફેબ્રુઆરીના રોજ સાંજે પ્રવિણભાઈ અને અકુભાઈ બોલેરો પીકઅપ ગાડીમાં ગણપતિની મૂર્તિઓ ખેડા મૂકવા ગયા હતા. મૂર્તિઓ ઉતાર્યા બાદ, તેઓ બોલેરો ગાડી ખેડા ખાતે મૂકીને પોતાની બાઈક પર ખેડાથી નડિયાદ પરત ફરી રહ્યા હતા.




રાત્રિના આશરે 9:30 થી 10:00 વાગ્યાના અરસામાં, જ્યારે તેઓ દાવડા ગામની સીમમાં નેશનલ હાઈવે 48 પર બુલેટ ટ્રેનના ગર્ડર નીચેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી પ્રવિણભાઈના મોટરસાયકલને અડફેટે લીધું હતું.

આ ટક્કર વાગતા જ પ્રવિણભાઈ અને પાછળ બેઠેલા અકુભાઈ બંને રોડ પર પટકાયા હતા. અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. અકસ્માત બાદ રાત્રિના સમયે ત્યાંથી પસાર થતા એક વ્યક્તિએ રોડ પર પડેલા યુવાનોને જોઈ પ્રવિણભાઈના પિતા વાલજીભાઈના મોબાઈલ પર ફોન કરીને જાણ કરી હતી.

આ સાંભળીને પરિવારના સભ્યો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. ત્યાં જઈને જોતા પ્રવિણભાઈ અને અકુભાઈ મૃત અવસ્થામાં મળી આવ્યા હતા.

ઘટનાની જાણ થતા જ એમ્બ્યુલન્સ મારફતે બંનેના મૃતદેહોને નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. વાલજીભાઈએ આ મામલે વસો પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. વસો પોલીસ મથકના અધિકારીએ આ મામલે તપાસ શરૂ કરી છે અને હાઈવે પર લાગેલા CCTV ફૂટેજ તેમજ અન્ય પુરાવાઓના આધારે અકસ્માત સર્જનાર અજાણ્યા વાહનને શોધી કાઢવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. અકસ્માત કયા વાહન સાથે અને કઈ રીતે થયો તે દિશામાં અત્યારે તપાસ ચાલી રહી છે. હાલમાં બંને મૃતકોના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી પૂર્ણ કરી પોલીસે કાયદેસરની તપાસ ચાલુ રાખી છે.

# 'PIL એ બોલવા માટેનો મંચ નથી': હાઈકોર્ટે VMC ગરબાના ગ્રાઉન્ડને લઈને અરજદારની અરજી નકારી

**અમદાવાદ, તા.13**

ગુજરાત હાઈકોર્ટમાં વડોદરાથી રાહુલ વ્યાસે પાર્ટી ઈન પર્સન તરીકે ગરબાના મુદ્દાને લઈને હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે ફેબ્રુઆરી મહિનામાં ગરબા અંગેની જાહેર હિતની અરજી પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

અરજદારે જણાવ્યું હતું કે, વડોદરા મહાનગરપાલિકા તેના વિસ્તારમાં આવતા તમામ ગરબા ગ્રાઉન્ડ માત્ર 1 રૂપિયાના ટોકને આપે છે. જ્યારે આયોજકો ખેલૈયાઓ પાસેથી ગરબા રમવા અને જોવા માટે મસમોટી ફી વસૂલે છે.

કોર્ટે કહ્યું હતું કે, ઓર્ગેનાઇઝર રૂપિયા ખર્ચીને ગરબાનું આયોજન કરે છે તો રૂપિયા તો લે જ ને! , ફ્રી એન્ટ્રી કેવી રીતે આપે? ગરબા ઈવેન્ટનું આયોજન VMC કરતું નથી. ગરબા ગુજરાતીના હૃદય અને આત્મા છે, VMC તેને પ્રમોટ કરે છે. જોકે, અરજદારે કહ્યું હતું કે ગરબા ગ્રાઉન્ડ 1 રૂપિયાના ભાડે આપવાથી, VMCને દર વર્ષે 600 કરોડનું નુકશાન થાય છે. કોર્ટે કહ્યું હતું કે, VMC નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન છે.



અરજદારે જણાવ્યું હતું કે, VMCના સત્તા પક્ષ દ્વારા બીટા ઓર્ગેનાઈઝરને દર વર્ષે અકોટા ગ્રાઉન્ડ 1 રૂપિયાના ટોકને અપાય છે, આ ઓર્ગેનાઈઝર લાખો રૂપિયા લોકો પાસેથી વસૂલે છે. જોકે, કોર્ટે કહ્યું હતું કે આ પર્સનલ મેટર છે, જો ભેદભાવ પૂર્વક ગ્રાઉન્ડ ફાળવ્યું હોય તો તેના માટે અલગ કાનૂની ઉપચારો ઉપલબ્ધ છે. તેના માટે જાહેર હિતની અરજી થઈ શકે નહીં.

અરજદારે જણાવ્યું હતું કે, 30 વર્ષથી VMCમાં આવું ચાલે છે, ગરબા જોવાના પણ પૈસા આયોજકો લે છે. જોકે, હાઈકોર્ટે અરજદારને કહ્યું હતું કે PIL એ બોલવા માટેનો મંચ નથી, અહીં કાયદાના ફ્રેમવર્ક મુજબ કામ ચાલે છે. VMCએ પૂછ્યું હતું કે, અરજદાર શું કરે છે તે અરજીમાં સ્પષ્ટ નથી ? તે લોકસભાની ચૂંટણી લડ્યો છે.

હાઈકોર્ટે અરજદારને પ્રશ્ન કરતા તેને જણાવ્યું હતું કે, અરજદાર પોતે લીગલ કન્સલટન્ટ છે, બીજા એક અરજદાર વકીલ અને ત્રીજા અરજદાર વડોદરાનો રહેવાસી નાગરિક છે. જોકે, કોર્ટે કહ્યું હતું કે તમે ચૂંટણી વચનોમાં આ વાત કરજો, આ અરજી રદ કરવામાં આવે છે. હાઈકોર્ટે કહ્યું હતું કે, તમે પાર્ટી ઈન પર્સન તરીકે કોઈનો પક્ષ રજૂ કરી શકો નહીં, બીજી વખત આવી અરજી કરી તો દંડ કરવામા આવશે.

# IT કંપનીમાં નોકરી કરતી યુવતીને મંત્રેલું પાણી પીવા સાસરિયાઓનું દબાણ: પરિણીતાની ફરિયાદ

**અમદાવાદ, તા.13**

રાજકોટની યુવતીએ મેટ્રોમોનિયલ સાઈટ પરથી બેંકમાં નોકરી કરતા યુવક સાથે લગ્ન કર્યા હતા.પરંતુ લગ્નજીવન શરૂ થયા બાદ જ પતિ અને સાસરીયાઓ દ્વારા અંધશ્રદ્ધા અને કમાણીના દબાણ સાથે માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.યુવતીને મંત્રેલું પણ પીવડાવવામાં આવતું હતું જેથી યુવતીએ પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મૂળ રાજકોટની અને અમદાવાદના ઘાટલોડિયામાં રહેતી 29 વર્ષીય યુવતી આઈટી કંપનીમાં કામ કરે છે.યુવતીએ મેટ્રોમોનિયલ સાઈટ પરથી વર્ષ 2024માં જૂનાગઢના અને હાલ વડોદરા ખાતે બેંકમાં નોકરી કરતા યુવક સાથે લગ્ન કર્યા હતા.લગ્ન બાદ સાસરીયાઓએ યુવતી સામે શરતો મૂકતા જણાવ્યું હતું કે તે અમદાવાદમાં નોકરી કરીને ઘરનું ભાડું અને અન્ય ખર્ચ ઉઠાવે તો જ તેને પતિ સાથે રહેવા દેવામાં આવશે.ઉપરાંત પિયરમાંથી મળેલું સોનું પરત આપવા દબાણ કરાયું હતું.



સાસરિયા અંધશ્રદ્ધામાં યુવતી પર વિવિધ આક્ષેપો કરતા હતા. પિયરમાંથી લાવેલી મીઠાઈમાં વશીકરણ કરેલું હોવાનું કહી તે ગાયને ખવડાવી દેવામાં આવી હતી. યુવતીને મંત્રેલું પાણી પીવા દબાણ કરવામાં આવતું અને પતિને તેના પર તાંત્રિક વિધિ કરવામાં આવી હોવાનો ભય બતાવવામાં આવતો હતો.આ દરમ્યાન યુવતી બિમાર પડી ત્યારે પતિએ સારવાર કરાવવાની જગ્યાએ તેને એકલી મૂકી દીધી હતી.ત્યારબાદ પતિએ ઈમેઈલ અને મેસેજ દ્વારા ડિવોર્સ માટે અરજી કરી દીધી હોવાનું જણાવી હવે છૂટાછેડા લેવા પડશે તેમ કહી ફોન મૂકી દીધો હતો.

# પોલીસ બંદોબસ્તમાં રહેલા પોલીસ કર્મીને અડફેટે લીધો: થલતેજ મેટ્રો સ્ટેશન પાસે લાયસન્સ વગર ગાડી ચલાવનાર કાર ચાલકે પોલીસકર્મીને ટક્કર મારી...

**અમદાવાદ, તા.13**

શહેરના થલતેજ વિસ્તારમાં મેટ્રો સ્ટેશન પાસે NSG કમાન્ડો દ્વારા મોક ડ્રીલનું આયોજન 12 જાન્યુઆરીના રોજ રાત્રે કરવામાં આવ્યું હતું. મોકડ્રીલમાં સ્થાનિક બોડકદેવ પોલીસ બંદોબસ્તમાં હતી ત્યારે પોલીસ દ્વારા સુરક્ષાના ભાગરૂપે રોડ પર અવર-જવર બંધ કરાવી હતી ત્યારે શીલજ થી થલતેજ ગામ તરફ આવતા એ કાર ચાલકે ઉપાડ ઝડપે ગાડી ચલાવી હતી જેને પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દ્વારા રોકવામાં આવી હતી પરંતુ તેણે તેની ઉપર ગાડી ચડાવી દીધી હતી અને પાડી દીધાતા જેમાં તેને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બોડકદેવ પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી છે.



એસીપી એસ.એમ.પટેલ એ જણાવ્યું હતું કે થલતેજ મેટ્રો સ્ટેશન ખાતે 12 જાન્યુઆરીના રોજ રાત્રે મોખડેલનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બોડકદેવ પોલીસ બંદોબસ્તમાં હતી. મોકડ્રીલ ચાલી રહી હતી જે દરમિયાનમાં શીલજ ગામ તરફથી પૂરઝડપે થલતેજ મેટ્રો સ્ટેશન તરફ એક કાર ચાલક આવી રહ્યો હતો. જેથી બોડકદેવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સરદારસિંહ અને અન્ય સ્ટાફ હાજર હતો.જેથી સરદાર સિંહે આ ગાડીને રોકવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ કારચાલક દ્વારા કાર રોકવામાં આવી નહીં અને તેમની ઉપર ચડાવી દેવાનો પ્રયાસ કર્યો હતો જેથી તેઓ નીચે પડી ગયા અને તેમને શરીરના ભાગે ઈજાઓ થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા પોલીસ દ્વારા તાત્કાલિક કારચાલકને પકડી લેવામાં આવ્યો હતો.

કારચાલકનું નામ યશ સોની હોવાનું જાણવા મળ્યું છે શીલજ પાસે આવેલા એક સ્પામાં નોકરી કરે છે અને તેની સાથે ગાડીમાં એક યુવતી પણ હતી, જે તેની સાથે જ સ્પામાં નોકરી કરે છે. કારચાલક યશ પાસે ગાડીનું લાયસન્સ નહોતું જેના કારણે થઈને તેણે પોલીસ રોકશે તેવા ડરના કારણે પુરપાટ ઝડપે ગાડી ચલાવી દીધી હતી. આ મામલે યશ સોની વિરુદ્ધ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી છે.

# જનરલ હોસ્પિટલ પાસે 10 ફૂટનું સર્કલ હટાવતા ત્રણ બાજુ 4 ફૂટ રોડ ખુલ્લો થયો

**આણંદ, તા.13**

આણંદ શહેરના માર્ગો પાલિકાના શાસન દરમિયાન ચોકડી આડેધડ તોતિંગ સર્કલ દાતાઓના સહયોગથી તૈયાર કરાયા હતા. પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં શહેરના માર્ગો પર ટ્રાફિક બમણો થઈ ગયો છે. જેના કારણે મોટા સર્કલ વાહનચાલકો માટે માથાના દુ:ખાવા સમાન બની ગયા હતા. રોડ સેફટીના નિયમ મુજબ ચાલકો જીવન ખતરામાં મુકાય તે રીતે સર્કલ બનાવી શકાય નહીં તેમ છતાં પાલિકાએ આડેધડ સર્કલ ઉભા કરી દીધા હતા. બે દિવસ અગાઉ અહિંસા ચોક પાસે વિશાલ સ્થંભ દૂર કર્યો હતો. ગુરૂવારના રોજ સિવિલ હોસ્પિટલ નજીકના સર્કલ ને તોડતાં ત્રણ બાજુ 4 ફૂટ રોડ ખુલ્લો થયો છે.



કરમસદ આણંદ મનપા દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર અડચણ રૂપ બનતાં દબાણ હટાવ ની કામગીરી હાથ ધરવામાં આવી છે. આણંદ શહેરના સ્ટેશન રોડ જનરલ હોસ્પિટલ પાસે 10 ફૂટના ઘેરવામાં બનાવેલા સર્કલ ચાલકો માટે જોખમી બની ગયું હતું. તાજેતરમાં રોડ સેફટીની મીટીંગમાં જોખમી તોતીંગ સર્કલને કારણે અકસ્માતના બનાવો વધી ગયા હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી. જેને ધ્યાને લઈને કલેકટરે શહેરના તમામ માર્ગો પરથી નડતર રૂપ સર્કલ દૂર કરવા મનપાને સુચના આપી હતી. મનપાની એસ્ટેટ વિભાગની ટીમોએ ગુરૂવારે જનરલ હોસ્પિટલ પાસેનું તોતીંગ સર્કલ દૂર કરીને ચોકડી પર ત્રણેય બાજુ ચાર ફૂટનો માર્ગ ખુલ્લો કર્યો છે. જેથી 108 સહિત તમામ વાહનો સરળતાથી ટર્ન લઈ શકશે.

આણંદ મનપા અધિકારીએ જણાવ્યું હતું કે,મોટુ સર્કલ દૂર કરીને જગ્યા ખુલી કરાઈ છે. પરંતુ માર્ગ ટ્રાફિક કંટ્રોલમાં રહે તે માટે અને શહેરની શોભા વધારો થાય તેવું આર્ટીફિશિલ સર્કલ બનાવવામાં આવશે.જેથી સરળતાથી વાહનો પસાર થઈ શકશે.આગામી દિવસો શહેરના અન્ય માર્ગો પર આવેલા નડતર સર્કલ દૂર કરવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# ઈઝરાયલી PM ને મળતા જ ટ્રમ્પે ઈરાનને ધમકાવ્યું: એક મહિનાની મુદત આપી, મધ્ય પૂર્વમાં વધુ એક બીજું એરક્રાફ્ટ કેરિયર પણ મોકલ્યું

**વોશિંગ્ટન, તા.13**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપતા કહ્યું છે કે તે જલદીથી પરમાણુ કરાર કરે, નહીં તો તેને ગંભીર પરિણામોનો સામનો કરવો પડી શકે છે. ટ્રમ્પે કહ્યું કે જો કરાર નહીં થાય તો સ્થિતિ ‘ખૂબ પીડાદાયક’ બની શકે છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન ટ્રમ્પે કહ્યું, ‘આપણે કરાર કરવો જ પડશે, નહીં તો સ્થિતિ ખૂબ જ મુશ્કેલ અને પીડાદાયક બની જશે. હું આવું નથી ઈચ્છતો, પરંતુ કરાર જરૂરી છે.’

સમયમર્યાદા વિશે પૂછવામાં આવતા ટ્રમ્પે કહ્યું કે આ પ્રક્રિયા લાંબી ચાલવી ન જોઈએ. તેમણે કહ્યું કે આગામી એક મહિનાની અંદર કોઈ નિર્ણય થઈ જવો જોઈએ અને ઈરાને જલ્દી સહમત થવું જોઈએ. ટ્રમ્પે આ ચેતવણી ત્યારે આપી છે જ્યારે એવા અહેવાલો આવ્યા છે કે મધ્ય પૂર્વમાં વધુ એક એરક્રાફ્ટ કેરિયર પહોંચી રહ્યું છે. ન્યૂઝ એજન્સી એપીના અહેવાલ મુજબ એક સૂત્રએ જણાવ્યું કે ઈરાન સાથે વધતા તણાવને ધ્યાનમાં રાખીને, અમેરિકાનું એક વિમાનવાહક જહાજ કેરેબિયનથી મધ્ય પૂર્વ મોકલવામાં આવી રહ્યું છે.



ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જો વાતચીત નિષ્ફળ રહી તો સ્થિતિ વધુ બગડી શકે છે. તેમણે કહ્યું, ‘જો સમજૂતી નહીં થાય તો વાર્તા અલગ હશે.’ તેમનું કહેવું હતું કે જો સમજૂતી ન્યાયપૂર્ણ અને સારી નહીં હોય, તો ઈરાન માટે સમય ખૂબ મુશ્કેલ બની શકે છે. આ નિવેદન તે બેઠકના એક દિવસ પછી આવ્યું, જે ટ્રમ્પે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે કરી હતી. ટ્રમ્પે કહ્યું, ‘અમારી બેઠક સારી રહી અને નેતન્યાહુ સ્થિતિને સમજે છે, પરંતુ અંતિમ નિર્ણય મારા હાથમાં છે.’

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું નેતન્યાહુ ઈચ્છે છે કે તેઓ વાતચીત બંધ કરી દે, તો ટ્રમ્પે કહ્યું કે તેઓ વાતચીત ત્યાં સુધી ચાલુ રાખશે જ્યાં સુધી તેમને યોગ્ય લાગશે. તેમણે એમ પણ કહ્યું કે જો સમજૂતી નહીં થાય તો ‘ફેઝ 2’ શરૂ થશે, જે ઈરાન માટે ખૂબ કઠોર હશે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું નથી કે ‘ફેઝ 2’ માં કયા પગલાં લેવામાં આવશે. ટ્રમ્પના આ નિવેદનોથી સ્પષ્ટ છે કે અમેરિકા એક તરફ વાતચીત ચાલુ રાખવા માંગે છે, પરંતુ બીજી તરફ ઈરાન પર દબાણ પણ બનાવી રહ્યું છે.

ઈરાનનો ન્યુક્લિયર પ્રોગ્રામ પશ્ચિમ એશિયામાં એક કેન્દ્રીય ફ્લેશપોઈન્ટ બની રહ્યો છે. ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન અમેરિકા 2015ની ન્યુક્લિયર ડીલમાંથી હટી ગયું હતું. ત્યારથી પરમાણુ ઈંધણના સંવર્ધન સ્તર અને પ્રાદેશિક સુરક્ષાને લઈને બંને દેશો વચ્ચે તણાવ યથાવત છે. ભારત માટે ખાડી ક્ષેત્રની સ્થિરતા આર્થિક અને વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારત તેના ક્રૂડ ઓઈલનો મોટો હિસ્સો પશ્ચિમ એશિયામાંથી આયાત કરે છે અને આ ક્ષેત્રમાં મોટી સંખ્યામાં ભારતીય નાગરિકો પણ રહે છે. જો અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધે છે, તો તેની અસર તેલ બજાર અને પ્રાદેશિક સુરક્ષા પર પડી શકે છે.

થોડા દિવસ પહેલાં ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, ઈરાનનું શાહેદ-139 ડ્રોન અમેરિકી નૌકાદળના ‘USS અબ્રાહમ લિંકન’ એરક્રાફ્ટ કેરિયર (યુદ્ધ જહાજ) નજીક પહોંચી ગયું હતું. USS અબ્રાહમ લિંકન અમેરિકી નૌકાદળનું એક ન્યુક્લિયર-પાવર્ડ એરક્રાફ્ટ કેરિયર છે. તેને દુનિયાના સૌથી મોટા અને સૌથી શક્તિશાળી યુદ્ધ જહાજોમાંથી એક માનવામાં આવે છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના નિવેદન અનુસાર, અમેરિકી નૌકાદળે આત્મરક્ષામાં F-35C ફાઈટર જેટથી ઈરાની ડ્રોનને તોડી પાડ્યું.

# બાંગ્લાદેશમાં તારિક રહેમાનની BNPની 'ડબલ સેન્ચુરી', 17 વર્ષ બાદ સત્તામાં પુનરાગમન નિશ્ચિત

**ઢાકા, તા.13**

બાંગ્લાદેશમાં વર્ષ 2024ના લોહિયાળ સત્તાપલટા અને વિદ્યાર્થી આંદોલન બાદ યોજાયેલી પ્રથમ ઐતિહાસિક સામાન્ય ચૂંટણીમાં મોટા ફેરફારના સંકેતો મળી રહ્યા છે. 12 ફેબ્રુઆરીએ થયેલા મતદાન બાદ આજે શુક્રવારે જાહેર થઈ રહેલા વલણો અને અનૌપચારિક પરિણામોમાં 'બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી' (BNP) એ સ્પષ્ટ બહુમતી તરફ દોટ મૂકી છે.

બાંગ્લાદેશ નેશનલ પાર્ટી (BNP) એ 13મી સંસદીય ચૂંટણીમાં ભવ્ય જીત મેળવતા અનૌપચારિક પરિણામોમાં 200 બેઠકનો આંકડો પાર કરી લીધો છે. જોકે જમાત એ ઈસ્લામીના નેતૃત્વ હેઠળના ગઠબંધનના ખાતામાં ફક્ત 68 જ બેઠક આવી છે. આજે બપોર સુધીમાં તમામ 299 સીટના સત્તાવાર પરિણામ જાહેર થઈ જશે.

બાંગ્લાદેશની રાજનીતિમાં 17 વર્ષ સુધી નિર્વાસિત રહ્યા બાદ તારિક રહેમાનનું પુનરાગમન હવે સત્તાના શિખર સુધી પહોંચતું દેખાય છે. શેખ હસીનાની આવામી લીગ પર પ્રતિબંધ અને ગેરલાયકાતને કારણે આ ચૂંટણીમાં તેમની પાર્ટી મેદાનમાં નહોતી, જેના કારણે BNP માટે રસ્તો સાવ ખુલ્લો થઈ ગયો હતો.



મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારની દેખરેખ હેઠળ થયેલી આ ચૂંટણીમાં બાંગ્લાદેશના લોકોએ 'જૂના શાસન' ને ઉખેડી ફેંકીને લોકશાહીના નવા પ્રકરણ પર મહોર મારી છે.

અહેવાલો અનુસાર, તારિક રહેમાન પર લગભગ 84 કેસ હતા, જેમાં ડઝનબંધ ગુનાહિત અને ભ્રષ્ટાચાર સંબંધિત આરોપોનો સમાવેશ થાય છે. ઓગસ્ટ 2024 માં શેખ હસીનાની સરકારના પતન પછી કાનૂની વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર થયો અને 2026 ની શરૂઆતમાં, તેમને મોટાભાગના મોટા કેસોમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા. આમાં 2004 માં શેખ હસીનાની રેલી પર ગ્રેનેડ હુમલો પણ શામેલ હતો, જેના માટે તેમને 2018 માં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

ચૂંટણીમાં ઐતિહાસિક જીત દેખાતા જ BNP નેતૃત્વએ પરિપક્વતા બતાવી છે. તારિક રહેમાને સમર્થકોને અપીલ કરી છે કે આ જીતનો ઉત્સવ રસ્તા પર રેલીઓ કાઢીને નહીં, પરંતુ શુક્રવારની નમાઝમાં સામેલ થઈને શાંતિથી ઉજવવો જોઈએ. પાર્ટીએ પોતાના કાર્યકરોને કોઈપણ પ્રકારની હિંસા કે વિવાદથી દૂર રહેવા કડક સૂચના આપી છે.

એક તરફ જ્યાં BNP જીતની ઉજવણી કરી રહી છે, ત્યારે બીજી તરફ જમાત-એ-ઈસ્લામીના નેતા મૌલાના મમનુલ હકે ઢાકા-13 બેઠક પર ગરબડના આક્ષેપો કર્યા છે. તેમણે દાવો કર્યો છે કે બેલેટ પેપરની ખામીયુક્ત ડિઝાઈનને કારણે તેમના હજારો મતો રદ કરવામાં આવ્યા છે. જોકે, ચૂંટણી પંચે અત્યાર સુધી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

# ચીઆંખના પલકારામાં આખો રસ્તો જમીનમાં સમાયો, મેટ્રો કામગીરી દરમિયાન દુર્ઘટના.....

**શાંઘાઈ, તા.13**

ચીનના વિકાસની પ્રશંસા આખી દુનિયામાં કરવામાં આવે છે. બુલેટ ટ્રેન, અત્યાધુનિક રસ્તાઓ, પુલ વગેરેના ક્ષેત્રમાં ચીને ઘણી પ્રગતિ કરી લીધી છે. ચીનનું શાંઘાઈ શહેર આ પ્રગતિનું કેન્દ્ર કહેવાય છે, પરંતુ વિકાસની આ તેજ રફ્તાર વચ્ચે ઘણીવાર એવી ઘટનાઓ સામે આવી જાય છે, જેને જોતા જ દરેક કોઈને આશ્ચર્ય થઈ જાય છે. આવો જ એક તાજો મામલો શાંઘાઈથી સામે આવ્યો છે, જ્યાં અચાનક રસ્તાનો એક મોટો હિસ્સો એવી રીતે ધસ્યો, માનો પાતાળનો દરવાજો ખૂલી ગયો હોય. આ દરમિયાન ત્યાં આસપાસ જે કંઈ હાજર હતું એ બધું એમાં સમાતું ગયું. એનો વીડિયો પણ સામે આવ્યો છે. વીડિયોમાં આસપાસમાં ઘણા લોકો છે, જે ધસતા રસ્તાથી પોતાને દૂર કરવાનો પ્રયાસ કરતાં નજરે પડી રહ્યા છે.



સેકન્ડોમાં પાતાળમાં સમાઈ ગયો રસ્તો આ ભયાનક નજારાને રસ્તાના કિનારે રહેલા કેમેરાઓએ કેપ્ચર કરી લીધો, જેનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. વાઈરલ વીડિયોમાં નજરે પડી રહ્યું છે કે ચીનના સૌથી આધુનિક શહેરનો એક વ્યસ્ત રસ્તો આંખના પલકારામાં જ પાતાળમાં સમાઈ ગયો. જણાવવામાં આવ્યું કે અહીં એક મોટો સિંકહોલ ખૂલી ગયો, જેનાથી રસ્તાનો મોટો હિસ્સો ધસી ગયો.

જિયામિન મેટ્રોલાઈન પાસે નિર્માણકાર્ય દરમિયાન થયો અકસ્માત આ ઘટના ચીનના શાંઘાઈ શહેરમાં જિયામિન મેટ્રો લાઈનના નિર્માણકાર્ય દરમિયાન થઈ. જણાવવામાં આવ્યું કે રસ્તાની નીચે મેટ્રોનું કામ ચાલી રહ્યું હતું. અચાનક એક મોટો સિંકહોલ બની ગયો, જેના કારણે રસ્તાનો મોટો હિસ્સો ધસી ગયો. જણાવવામાં આવ્યું કે ગઈકાલે રાત્રે શાંઘાઈમાં જિયામિન લાઈનના ક્યૂક્સિન રોડ મેટ્રો સ્ટેશનના નિર્માણ સ્થળ પર થયેલા લીકેજના પરિણામ સ્વરૂપ રસ્તાનો એક મોટો હિસ્સો ધસી ગયો.

# દાવો- કિમ જોંગે 13 વર્ષની પુત્રીને ઉત્તરાધિકારી તરીકે પસંદ કરી: બીજિંગ પ્રવાસે પિતા સાથે જોવા મળી હતી, જાહેર કાર્યક્રમોમાં પણ હાજરી આપી

**સિઓલ, તા.13**

ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉને પોતાની 13 વર્ષની દીકરી કિમ જૂ એને પોતાના ઉત્તરાધિકારી તરીકે પસંદ કરી છે. દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીએ ગુરુવારે સાંસદોને આપેલી માહિતીમાં આ દાવો કર્યો હતો.

દક્ષિણ કોરિયાની નેશનલ ઈન્ટેલિજન્સ સર્વિસ (NIS)એ જણાવ્યું હતું કે કિમ જૂ એની સતત વધતી જાહેર ઉપસ્થિતિને ધ્યાનમાં રાખીને આ આકલન કરવામાં આવ્યું છે. NISએ કહ્યું હતું કે તેણે “ઘણી પરિસ્થિતિઓ”ને ધ્યાનમાં રાખીને આ નિષ્કર્ષ કાઢ્યો છે, જેમાં સત્તાવાર કાર્યક્રમોમાં કિમ જૂ એની મુખ્ય ઉપસ્થિતિ પણ સામેલ છે.

તાજેતરના મહિનાઓમાં જૂ એ ઘણા મોટા કાર્યક્રમોમાં પોતાના



પિતા સાથે જોવા મળી છે. સપ્ટેમ્બરમાં બીજિંગ પ્રવાસ દરમિયાન પણ તે કિમ જોંગ ઉન સાથે દેખાઈ હતી. આ તેનો પહેલો વિદેશીપ્રવાસ હતો, જેની માહિતી સામે આવી.

NISએ એમ પણ કહ્યું હતું કે તે આ વાત પર નજર રાખશે કે શું જૂ એ આ મહિને યોજાનારા પાર્ટી સંમેલનમાં ભાગ લે છે. આ ઉત્તર કોરિયાનો સૌથી મોટો રાજકીય કાર્યક્રમ છે, જે દર પાંચ વર્ષે એકવાર થાય છે.

આ જ પાર્ટી સંમેલનમાં પ્યોંગયાંગ આગામી પાંચ વર્ષ માટે પોતાની પ્રાથમિકતાઓ, જેવી કે વિદેશનીતિ, યુદ્ધની તૈયારી અને પરમાણુ કાર્યક્રમ પર વિસ્તૃત માહિતી આપી શકે છે.

દક્ષિણ કોરિયાના સાંસદ લી સોંગ-ક્વેને ગુરુવારે પત્રકારોને જણાવ્યું હતું કે NISએ અગાઉ જૂ એને “ઉત્તરાધિકારી બનવાની તાલીમ લઈ રહી છે” એમ જણાવ્યું હતું. હવે એજન્સીનું માનવું છે કે તે “ઔપચારિક રીતે ઉત્તરાધિકારી જાહેર” થવાના તબક્કામાં પહોંચી ગઈ છે.

લીએ કહ્યું, “કિમ જૂ એ ઘણા મોટા કાર્યક્રમોમાં તેમના પિતા સાથે જોવા મળ્યા છે. તે કોરિયન પીપલ્સ આર્મીના સ્થાપના દિવસના કાર્યક્રમમાં સામેલ થઈ હતી અને કુમસુસાન પેલેસ ઓફ ધ સન પણ ગઈ હતી. કેટલીક સરકારી નીતિઓ પર તેનાં મંતવ્યો સામે આવવાના સંકેતો પણ મળ્યા છે. આ બધી બાબતોને ધ્યાનમાં લેતાં NIS માને છે કે હવે તેને ઉત્તરાધિકારી તરીકે નામાંકિત કરવામાં આવી છે.”

કિમ જૂ એની ચીન યાત્રાએ સવાલો ઊભા કર્યા હતા કે શું કિમ પોતાની પુત્રીને ભવિષ્યના ઉત્તરાધિકારી તરીકે તૈયાર કરી રહ્યા છે. નિષ્ણાતોનું પણ માનવું હતું કે જૂને ચીન લઈ જવું એ તેમની વધતી હેસિયતનો સંકેત છે.

બીજિંગ રેલવે સ્ટેશન પર તેને પોતાના પિતા સાથે ઊભેલી જોઈને એ સ્પષ્ટ થઈ ગયું હતું કે વિદેશમાં પણ તેને ઉત્તર કોરિયાના નંબર 2 માનવામાં આવી રહી છે. આ રીતે કિમ જોંગ-ઉને દુનિયાને સંદેશ આપ્યો હતો કે જૂ એ તેમની ઉત્તરાધિકારી બનશે.

# H-1B વિઝા અંગેનો ટ્રમ્પનો પ્લાન ફેલ, જંગી ફી છતાં અમેરિકન કંપનીઓ દ્વારા બમ્પર હાયરિંગ...

## કંપનીઓ એચ-1બી કામદારને સરેરાશ અમેરિકનની તુલનાએ 16 ટકા ઓછો પગાર ચૂકવતી હોવાના અહેવાલો

**વોશિંગ્ટન, તા.13**

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે અમેરિકનોની નોકરી છીનવી લેતા H-1B વિઝા વર્કરોના પ્રવાહને અટકાવવા માટે એક લાખ ડોલરની ફી તેના પર નાખી, પરંતુ આ ફી પણ H-1B વર્કરોના પ્રવાહને અટકાવી શકી નથી. આ બતાવે છે કે H-1B વિઝાની જંગી ફી સામે કંપનીઓએ કોઈ રીતે એડજસ્ટમેન્ટ કરીને પણ મોટાપાયા પર H-1B વર્કરોને લેવાનું ચાલું જ રાખ્યું છે. ઉલ્લેખનીય છે કે એચ-1બી વિઝા પર મોટાભાગે ભારતીયો જ અમેરિકા જાય છે. અમેરિકન ટેલેન્ટને પણ ભારતીયોને આ વિઝા દ્વારા હાયર કરવામાં વધુ રસ છે. જોકે ટ્રમ્પે લાખોમાં ફી ઝીંકી છતાં મોટાપાયે હાયરિંગ ચાલુ રહેતા આ ટ્રમ્પ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે.

અમેરિકા સ્થિત નેશનલ બ્યૂરો ઓફ ઈકોનોમિક રિસર્ચના નવા અભ્યાસ મુજબ H-1B વિઝા માટે એક લાખ ડોલરની જંગી ફી કંપનીઓની H-1B વર્કરની માંગ



પર અસર કરી શકી નથી.

અર્થશાસ્ત્રી જ્યોર્જ બોર્જાસે ધ H-1B વેજ ગેપ, વિઝા ફી, કંપનીની માંગ પર પેપર લખ્યું છે.તેમણે જણાવ્યું હતું કે આ ફી વધારીને 1.50 લાખથી બે લાખ ડોલર કરવામાં આવે તો પણ H-1B વિઝા વર્કરોની માંગ પર કોઈ અસર નહીં પડે. તેમનું તારણ હતું કે અમેરિકામાં જન્મેલા કામદારોની તુલનાએ H-1B વર્કરોને ઓછું વેતન ચૂકવાય છે. સરેરાશ H-1B વર્કર સરેરાશ અમેરિકન ટેકનોલોજી વર્કર કરતાં 16 ટકા જેટલી ઓછી કમાણી કરે છે.જો કે H-1B વર્કરોને ચૂકવાતા વેતનનો આધાર કંપનીઓ પર છે. અમેરિકાની મહાકાય ટેક કંપનીઓ મેટા અને એપલH-1Bબી વર્કરોને 1.50 લાખ ડોલરની નજીક વાર્ષિક પગાર ચૂકવે છે. જ્યારે ભારતીય મૂળની આઈટી કંપનીઓ ઈન્ફોસિસ અને વિપ્રો 80000 ડોલર જેટલો વાર્ષિક પગાર ચૂકવે છે.

આ ઉપરાંત એમેઝોન, ગૂગલ, માઈક્રોસોફ્ટ, મેટા, એપલ અને ટેસ્લા જેવી કંપનીઓમાં H-1B અને અમેરિકન કામદારો વચ્ચેનો પગારનો તફાવત ઓછો છે. જ્યાર ઈન્ફોસિસ, ટીસીએસ, વિપ્રો અને એચસીએલ જેવી ભારતીય કંપનીઓમાં આ તફાવત વધારે છે.

# જમીન પર ભયભીત કરનારા BLA એ પ્રથમ એર યુનિટ લોન્ચ કરી, પાકિસ્તાનનું ટેન્શન વધ્યું

**ઈસ્લામાબાદ, તા.13**

પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સેનાની મુશ્કેલીઓ આગામી દિવસોમાં વધી શકે છે. બલૂચિસ્તાનમાં સક્રિય અલગતાવાદી સંગઠન બલૂચ લિબરેશન આર્મી (BLA) એ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરતા પોતાની પ્રથમ એર અને ડ્રોન વોરફેર યુનિટ 'કાઝી એરો હાઈવ રેન્જર્સ'(QAHR)ની રચના કરવાની સત્તાવાર જાહેરાત કરી છે.

સંગઠનના જણાવ્યા અનુસાર, આ યુનિટ ખાસ કરીને અદ્યતન ડ્રોન ઓપરેશન અને હવાઈ દેખરેખ રાખવાની ક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ વ્યૂહરચના પાછળ વરિષ્ઠ કમાન્ડર અબ્દુલ બાસિતનો હાથ હોવાનું કહેવાય



છે, જેમણે સંગઠનમાં આધુનિક યુદ્ધ પદ્ધતિઓને પ્રાધાન્ય આપ્યું છે.

BLA દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે આ નવી યુનિટનો પ્રથમ ઉપયોગ તાજેતરમાં ગ્વાદરમાં હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન હેરોફ 2.0' દરમિયાન કરવામાં આવ્યો હતો. આ ઓપરેશનમાં લશ્કરી મથકો, બંદર અને સંચાર માળખાને નિશાન બનાવવામાં આવ્યા હતા. જોકે, આ દાવાઓની હજુ સુધી કોઈ સ્વતંત્ર પુષ્ટિ થઈ શકી નથી. આ જાહેરાતની સાથે સંગઠને એક વીડિયો પણ જાહેર કર્યો છે, જેમાં પહાડી વિસ્તારોમાં હથિયારધારી સભ્યો ડ્રોનનું પરીક્ષણ કરતા અને ગ્વાદર પર ડ્રોન ઉડતું હોય તેવા દ્રશ્યો જોવા મળે છે.

સંરક્ષણ નિષ્ણાતો માને છે કે જો આ દાવો સાચો હોય, તો તે બલૂચિસ્તાનમાં ઉગ્રવાદી સંગઠનોની લડવાની રીતમાં મોટા ફેરફારનો સંકેત છે. અત્યાર સુધી અહીં પરંપરાગત ગેરિલા હુમલાઓ થતા હતા, પરંતુ હવે ડ્રોન ટેકનોલોજીનો પ્રવેશ પાકિસ્તાની સુરક્ષા એજન્સીઓ માટે એક નવો અને ગંભીર પડકાર ઉભો કરી શકે છે. હાલમાં આ મામલે પાકિસ્તાની અધિકારીઓ તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

# ટિકટોક કંપનીનું એડવાન્સ AI મોડેલ સિડેન્સ 2.0 લોન્ચ

**શાંઘાઈ, તા.13**

ચીનની કંપનીએ જાન્યુઆરી 2025માં એઆઈ મોડલ ડીપસીક લોન્ચ કરીને સૌને ચોંકાવ્યા હતા. હવે, ટિકટોકની પેરેન્ટ કંપની બાઈટડાન્સે તેનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વીડિયો મોડલ સિડેન્સ 2.0ને લોન્ચ કર્યું છે. આ મોડલ ચીની સોશિયલ મીડિયા પર વાયરલ થયું છે. ઘણા યુઝર્સ તેને એઆઈ સેક્ટરમાં ક્રાંતિ ગણાવી રહ્યા છે.

સિડેન્સ 2.0 ટેક્સ્ટ, એક જ ફોટો, ઓડિયો અને વીડિયો પ્રોમ્પ્ટના આધારે સિનેમેટિક સ્ટોરીલાઈન આધારિત વીડિયો જનરેટ કરી શકે છે. ચીનની નંબર-1સોશિયલ મીડિયા સાઈટ વાઈબો પર તે વાયરલ થયું છે. આ મોડલ



સંબંધિત વીડિયોઝને કરોડો વ્યૂ મળ્યા છે. યુઝર્સ તેની મદદથી ક્રિએટિવ અને હાઈ-ક્વોલિટી વીડિયોઝ બનાવી રહ્યા છે. ટેસ્લાના ફાઉન્ડર ઈલોન મસ્કે પણ આ મોડલની પ્રશંસા કરી હતી.

ડીપસિક થોડા સમયમાં તેનું નવું મોડલ લોન્ચ કરવાની છે ત્યારે ટેક જાણકારોના મતે, સિડેન્સ 2.0 ચીન માટે ડીપસિક જેટલું જ મહત્ત્વનું સાબિત થઈ શકે છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ મોડલ ફિલ્મ, જાહેરાત, અને ઈ-કોમર્સ જેવા સેક્ટર્સ પર ઊંડી અસર છોડશે. આ સાથે જ ડિજિટલ ન્યૂઝ પોર્ટલ પર આ મોડલ વધુ લોકપ્રિય બની શકે છે.

વાઈબો પર વાયરલ થયેલા એક વીડિયોમાં અમેરિકન રેપર કાન્યે વેસ્ટ અને રિયાલિટી ટીવી સ્ટાર કિમ કર્દાશિયનને ચીનના મહેલમાં બતાવવામાં આવ્યા છે. વાયરલ વીડિયોમાં તેઓ ચીની ભાષા મેન્ડેરિનમાં વાતચીત કરીને ગીત ગાઈ રહ્યા છે. સોશિયલ મીડિયા સાઈટ પર આ વીડિયો એકદમ સાચો દેખાતો હોવાની અનેક કોમેન્ટ્સ કરવામાં આવી હતી.

# કેનેડા પર 100% ટેરિફ ઝીંકવા જતાં ટ્રમ્પને લપડાક પડતા રહી ગઇ

**વોશિંગ્ટન, તા.13**

અમેરિકન પ્રમુખ ટ્રમ્પને કેનેડા પરના બિલને લઈને વોટિંગમાં બરોબરની લપડાક પડતા રહી ગઈ છે. ટ્રમ્પના કેનેડા સામેના વિરોધમાં કેટલાક રિપબ્લિકનોએ પણ ડેમોક્રેટ્સને સાથ આપતા આ બિલ 219-211થી માંડ-માંડ પસાર થયુ હતુ. એક સમયે તો આ બિલ પસાર નહીં થઈ શકે તેમ લાગતુ હતુ. રિપબ્લિકનોના અંકુશવાળી પ્રતિનિધિ સભાએ કોઈ બિલને લઈને પ્રમુખનો વિરોધ કર્યો હોય તેવું પ્રથમ વખત બન્યું છે.

ટ્રમ્પને ટેરિફના પાવરમાં રસ છે અને તેની મદદથી તે અમેરિકાના વ્યાપારિક ભાગીદારોને વાટાઘાટના ટેબલ પર લાવવા માંગે છે. ટ્રમ્પના



આ વલણના કારણે અમેરિકાના જ બીજા લોકોને ચિંતા છે કે આના કારણે અમેરિકન કારોબારો વેપાર યુદ્ધમાં સપડાઈ જશે અને અમેરિકનોએ મોંઘવારીનો સામનો કરવાનો આવશે.

અમેરિકન ડેમોક્રેટ્સ સાંસદ ગ્રેગરી મીક્સે જણાવ્યું હતું કે આજનું મતદાન સાવ સરળ હતું. તમારે અમેરિકન કુટુંબના જીવનધોરણના ખર્ચને નીચુ લાવવુ છે કે ફક્ત એક જ વ્યક્તિને વફાદાર રહીને અમેરિકનોને મોંઘવારીનો ભોગ બનવા દેવા છે. કેનેડાના ચીન સાથેના ટ્રેડ ડીલથી નારાજ ટ્રમ્પે તેના પર 100 ટકા ટેરિફ નાખવાની ધમકી આપી છે.

આના પગલે અમેરિકાના તેના લાંબા સમયના સહયોગી કેનેડા અને તેના પીએમ માર્ક કાર્ની સાથેના સંબંધો વણસ્યા છે. ગૃહના વડા જહોન્સને કેનેડા પર ટેરિફને લઈને ડેમોક્રેટ્સ અને રિપબ્લિકનો વચ્ચેના સંઘર્ષને અટકાવતા જણાવ્યું હતું કે તેઓએ આ માટે સુપ્રીમ કોર્ટના ચુકાદાની રાહ જોવી જોઈએ. અમેરિકાના નીચલા ગૃહમાં થયેલું મતદાન હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની બેચેનીની ઝલક આપે છે. સેનેટે અસંતોષ વ્યક્ત કરતાં પહેલાં જ કેનેડા અને અન્ય દેશો પર ટ્રમ્પના ટેરિફને હટાવવાની તરફેણમાં મતદાન કર્યુ છે, પરંતુ આ ટેરિફમાં કાપનો પ્રસ્તાવ બંને ગૃહોએ પસાર કરીને સહી કરવા ટ્રમ્પને જ મોકલવો પડશે.

## તંત્રી લેખ

# વિશ્વના AI તખ્તા પર ભારતને આગલી હરોળમાં મૂકતું બેંગલુરૂનું સર્વમ્ AI

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના તખ્તા પર વર્તમાનમાં ભારતની સર્વમ AI કંપની ટોકિંગ પોઈન્ટ બની છે. AIની રેસમાં ભારતે સાબિત કરી આપ્યું છે કે અમે વિકસિત દેશોની હરોળમાં ઊભા રહેવા સક્ષમ છે. ચેટજીપીટી, જેમિની જેવા AI ચેટબોટ્સ ગુજરાતી સહિત ઘણી ભારતીય ભાષાઓને રિસ્પોન્ડ કરે છે, પણ તેની ઘણી મર્યાદાઓ છે. ભારતની સર્વમ્ AI ભારતની તમામ પ્રમુખ ભારતીય ભાષાઓને પ્રાધાન્ય આપશે. 'AI ફોર એવરીવન' એ કંપનીનું સૂત્ર છે. ગુજરાતી, હિન્દી અને દક્ષિણ ભારતની ચાર મુખ્ય ભાષાઓ સહિત ભારતની તમામ ૨૨ શિડયુલ ભાષાઓનો તેમાં સમાવેશ કરાયો છે. સર્વમ્ AI અમેરિકાના ઓપન એઆઇ અને ચીનના ડીપસીકને સીધો પડકાર ફેંકવા માગે છે. વોટ્સએપ પર સર્વમ્ AIનું ટ્રાયલ થયું હતું ત્યારે અનેક પ્રતિભાવો મળ્યા હતા, જેમાં એક વાત કોમન હતી. તે એ કે સર્વમ્ AI એ માત્ર નવું ચેટબોટ નથી, પણ તે ભારતને ગૌરવ અપાવતું નવું સંશોધન છે. સર્વમ્ AIને કારણે અન્ય વિદેશી ચેટબોટ્સ પર આધાર રાખવો નહીં પડે તેવી અપેક્ષા છે. એક વપરાશકારે લખ્યું છે કે સર્વમ AIનો ઉપયોગ કરીને મેં એક અઠવાડિયામાં ચાર એપ બનાવી છે જેમાં કેન્સર સપોર્ટ, વોઇસ ટ્રાન્સલેશન, મેડિકલ સ્ક્રાઈબ જેવાનો સમાવેશ થાય છે.

સર્વમ્ એ સંસ્કૃત શબ્દ છે.સર્વમ્ એટલે સર્વ, અથવા આ કંપનીના સંદર્ભમાં કહીએ તો, તો સર્વને માટે, સર્વ વસ્તુ, સર્વ સ્થળ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની રેસમાં ભારત ખાસ્સું પાછળ રહી ગયું હતું, પણ હવે સર્વમ AI સાથે ભારતે એક હનુમાન કૂદકો માર્યો છે તેમ કહી શકાય. ઈન્ટરનેટ ટેકનોલોજીમાં ભારત આમ તો ઘણી બસ ચૂકી ગયું છે. જેમ કે, બ્રાઉઝર સંબંધિત રીસર્ચ. ભારતે પોતાનું બ્રાઉઝર બનાવ્યું નહીં એટલે ભારતીયોએ ગુગલ ક્રોમ, ફાયર ફોક્સ, સફારી વગેરે જેવાં વિદેશી બ્રાઉઝર પર ભરોસો રાખવો પડયો છે. AIના મામલામાં આવું ન થાય તે માટે ભારત અત્યારથી જ પ્રયત્નશીલ બની રહ્યું છે. દાવો એવો થયો છે કે ગુગલના જેમિની અને ઓપન એઆઇના ચેટજીપીટી કરતાં પણ સર્વમ્ AI ટેકનોલોજીની દ્રષ્ટિએ બહેતર અને ઉપયોગ કરવામાં સરળ બની રહેશે. સર્વમ્ AI સ્ટાર્ટઅપની સ્થાપના બેંગલુરુમાં પ્રત્યુષ કુમાર અને વિવેક રાઘવન નામના ઉત્સાહી યુવાનોએ ડિસેમ્બર ૨૦૨૩માં કરી હતી. ૪૨ મિલિયન ડોલરનું ફન્ડ એકઠું કરવામાં આવ્યું હતું. આ રકમનો મોટો હિસ્સો રિસર્સ એન્ડ ડેવલપમેન્ટ પાછળ ખર્ચાયો છે. ભારત સર્વમ્ AI જેવા સાહસની જ રાહ જોઇને બેઠું હતું. ઈન્ડિયનએઆઈ મિશન હેઠળ ભારતનું પોતાનું મૂળભૂત મોડલ વિકસાવવા માટે ૬૭ કંપનીઓ કતારમાં ઊભી હતી. તેમાંથી ૨૬ એપ્રિલ ૨૦૨૫ના રોજ ભારતના આઈટી મિનિસ્ટર અશ્વિન વૈષ્ણવે સર્વમ્ AI પર પસંદગીનો કળશ ઢોળ્યો.

સર્વમ્ AIના સંચાલકો કહે છે કે ગુગલના જેમીની અને ઓપન AIના ચેટ જીપીટી કરતાં વધુ અસરકારક પરિણામો સર્વમ્ AI આપી રહ્યું છે. સર્વમ્ AIની ચર્ચા વિશ્વના તખ્તા પર એટલા માટે થઈ રહી છે કે અન્ય AI મોડલ કરતાં તેની ટેકનોલોજીમાં દેખીતો ફર્ક છે. ભારતનું સર્વમ્ AI ભારતીયોની તાસીર, ઉપયોગિતા અને સુવિધાને ધ્યાનમાં રાખીને જ બનાવવામાં આવ્યું છે. વિવિધ ભારતીય ભાષાની આર્કાઈવ્ઝ, મેન્યુસ્ક્રીપ્ટ અને ડોક્યુમેન્ટસને હેન્ડલ કરવા પર વિશેષ ફોકસ કરવામાં આવ્યું છે. સર્વમ્ AIની ટીમ બરાબર જાણે છે કે ભારતના વપરાશકારોને શું જોઈએ છે. AI વધુને વધુ ભારતીયો સુધી પહોંચાડવાનું અને વપરાશકારોની પડતી સમસ્યાઓના સોલ્યુશન પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. AIનો ઉપયોગ આસાન બની રહે, ભરોસોપાત્ર બની રહે અને તે મૂળ ભારતની ટેકનોલોજી હોય એવી સૌની અપેક્ષા સર્વમ્ AI પુરી કરી શકશેએમ લાગી રહ્યું છે. એક અહેવાલ એવા પણ છે કે ભારતનો પ્રથમ AI પાર્ક તમિળનાડુ ખાતે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ઊભો કરાઈ રહ્યો છે. તે માટે તમિળનાડુની સરકારે સર્વમ્ AI સાથે એમઓયુ પણ સાઈન કર્યા છે.

**અમેરિકામાં ખેડૂત એક પ્રોફેશનલની જેમ કામ કરે છે અને નફો રળે છે જ્યારે ભારતમા ખેતી જીવનશૈલીનો એક ભાગ છે. આ ઉપરાંત ખેતીની પદ્ધતિ, મશીનો, બિયારણો, સરકારી સમર્થન વગેરેમાં પણ બંને દેશોમાં ખૂબ જ મોટો તફાવત છે : અમેરિકી ખેડૂતો વિશાળ ખેતરોમાં જે ઉપજ લે છે તેનું વેચાણ પણ વૈશ્વિક ધોરણે અને વૈશ્વિક બજાર ભાવે થાય છે. ભારતમાં પણ મોટા પ્રમાણમાં ખેતપેદાશો ઉત્પન્ન થાય છે અને વૈશ્વિક બજારો સુધી પહોંચે છે પણ તેમાંથી જે નફો આવે છે તે વેપારીઓ અને વચેટીયાઓને મળી જાય છે. આ નફો ખેડૂત સુધી તો પહોંચતો જ નથી: અમેરિકામાં ખેડૂતોને સરકાર પોતાના પાર્ટનર સમજીને સાચવે છે**

# ભારત અને અમેરિકાના ખેડૂતો વચ્ચે આભ-જમીનનું અંતર

## અમેરિકન ખેડૂતો પાસે સરેરાશ 180 હેક્ટર જમીન જ્યારે ભારતીય ખેડૂત પાસે 1.08 હેક્ટર જમીન હોય છે



અમેરિકા દ્વારા નાટકીય રીતે ભારત ઉપરનો ટેરિફ ઘટાડી દેવાયો છે તથા તેને જે દંડ કરવામાં આવ્યો હતો અને તેના ભાગરૂપે જે ટેરિફ વસુલવામાં આવ્યો હતો તે પણ પરત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આમ તો બધી જ જાહેરાતો ગુઢ રાજકીય લાભ ખાટવા માટે કરાઈ હોવાનું આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાઈ રહ્યું છે પણ ભારત સરકાર તેના વિશે મગનું નામ મરી પાડવા તૈયાર નથી. એકાએક અમેરિકા ભારત ઉપર ઓળઘોળ થઈ ગયું તેનું એક કારણ એવું માનવામાં આવે છે કે, અમેરિકાની ખેતપેદાશોને ભારતમાં પ્રવેશવાનો રસ્તો સાફ કરી દેવાયો છે. ભારત સરકાર દ્વારા મોઘમ રીતે કે પછી બંધ બારણે આ મુદ્દે મંજૂરી આપી દેવાઈ છે અને ભારતના ગરીબ ખેડૂતોને હવે રસ્તે રઝળતા અને પાયમાલ કરવાની યોજના બનાવી હોવાના અહેવાલો છે.

ઉલ્લેખનીય છે કે, ભારતીય ખેડૂતો અને અમેરિકાના ખેડૂતોમાં ખૂબ જ મોટા તફાવતો છે. દેખીતી રીતે કહીએ તો અમેરિકા અને ભારતના ખેડૂતો વચ્ચે આભ જમીનનું અંતર છે.

અમેરિકન ખેડૂતો પાસે હજારો વીઘાના મોટા મોટા ખેતરો હોય છે, અત્યાધુનિક મશીનો, ખાતરો, સુવિધાઓ હોય છે અને લાખો રૂપિયાની તેમની આવક હોય છે. બીજી તરફ ભારતમાં સરેરાશ ખેડૂત પાસે પરાણે બે-ચાર વીઘા જમીન હોય છે અને તેમાંય ્રેટ્રેક્ટર ભાડે લાવવાની ચિંતા, સિંચાઈની વ્યવસ્થા થશે નહીં તેની ચિંતા, વરસાદની ચિંતા, બજારમાં યોગ્ય ભાવે ઉપજ વેચાશે કે નહીં તેની ચિંતા વગેરે હોય છે. ભારતમાં ગણતરીના ખેડૂતો શ્રીમંત કહી શકાય તેવા છે જ્યારે એક વર્ગ એવો છે જેની પાસે ઘર ચલાવવાની પણ પૂરતી વ્યવસ્થા નથી. એકાદ સીઝન નિષ્ફળ જાય તો જીવ સટોસટની બાજી આવી જાય છે.

અમેરિકામાં ખેડૂતોની જે જિંદગી છે તે કોઈ કલ્પના નથી. અહીંયા સરકાર મોટા ફાયદા લેવા માટે અને ખેડૂતોને લાભ થાય તે માટે લાખો રૂપિયાની સબસીડી આપે છે.

બીજી તરફ આપણે ત્યાં નજીવી રકમ સબસીડી અને ખેડૂત સહાયના નામે મળે છે અને તેના પણ ઉત્સવ કરવામાં આવે છે. ખેડૂતોને જેટલી રકમ ખાતામાં નથી મળતી તેના કરતા વધારે રકમ તો ખેડૂત સહાયની જાહેરાતો પાછળ ખર્ચી કાઢવામાં આવે છે. આ ઉપરાંત ખેતીની પદ્ધતિ, મશીનો, બિયારણો, સરકારી સમર્થન વગેરેમાં પણ બંને દેશોમાં ખૂબ જ મોટો તફાવત છે.

અમેરિકામાં ખેડૂત એક પ્રોફેશનલની જેમ કામ કરે છે અને નફો રળે છે જ્યારે ભારતમા ખેતી જીવનશૈલીનો એક ભાગ છે, રોજગારીનું પારિવારિક કે પારંપરિક સાધન છે. તેના કારણે જ બંને દેશોના ખેડૂતોમાં વિશાળ અંતર રહે છે.

ઉલ્લેખનીય છે કે, સૌથી મોટો તફાવત અમેરિકા અને ભારતના ખેડૂતોની જમીનના આકારનો હોય છે. અમેરિકામાં એક ખેડૂત પાસે સરેરાશ ૧૮૦ હેક્ટર એટલે કે ૪૫૦ એકર જેટલી જમીન હોય છે. તેનાથી પણ આગળ વતા કરીએ તો ઘણી એગ્રી ઈન્ડસ્ટ્રીની કંપનીઓ છે જેમની પાસે હજારો એકર જમીન હોય છે. તેની સરખામણીએ ભારતમાં એક ખેડૂત પાસે સરેરાશ ૧.૦૮ હેક્ટર એટલે કે. ૨.૭ એકર જમીન હોય છે.

ભારતના ૮૫ ટકા ખેડૂતો નાના અને સીમાંત વર્ગમાં આવે છે. તેમની પાસે મોટી જમીન નથી, પૂરતા સંસાધનો નથી અને સરકારી સહાય કે સેવાઓ પણ મળતી નથી.

બીજી બાબત એવી છે કે, અમેરિકામાં ખેડૂતો પ્રિસિજન ફાર્મિંગનો ઉપયોગ કરે છે જે વૈજ્ઞાનિક પદ્ધતિ આધારિત ખેતી છે. આ સિવાય અહીંયા જીપીએસ અને એઆઈની મદદથી ચાલતા ટ્રેક્ટરોનો અને અન્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે જે ખેતર ખેડવાથી માંડીને વાવણી કરવા સુધીનું કામ કરી લે છે. ખેડૂતો ડ્રોન દ્વારા અને સેટેલાઈટ ઈમેજ દ્વારા પોતાના ખેતરોનું ધ્યાન રાખે છે.

ખેતરમાં પાણી અને ખાતર આપવા માટે પણ અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. તેના દ્વારા ખેતરના કયા ભાગમાં ખાતર નાખવાની જરૂર છે કે પાણીની જરૂર છે તેની માહિતી મેળવીને વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. આ ઉપરાંત જમીનમાં રહેલો ભેજ, પોષક તત્ત્વોની માહિતી મેળવવા માટે પણ ડિજિટલ સેન્સર અને અન્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. ખેડૂતોને તેમના સ્માર્ટફોન અને ટેબલેટ ઉપર આ તમામ માહિતી મળી જાય છે. બીજી તરફ ભારતમાં સરેરાશ ખેડૂતો માટે આ ટેક્નોલોજી કે સંસાધનો માત્ર એક કલ્પના સમાન છે. તેમાંય સિમાંત અને નાના ગામડાના ખેડૂતો માટે બળદની જગ્યાએ ટ્રેક્ટર મળી જાય તો તે પણ સ્વપ્ન સાકાર થયા સમાન હોય છે. અહીંયા મોટાભાગના ખેડૂતો માટે ટ્રેક્ટર, થ્રેસર મળી જાય તે પણ આધુનિક ટેક્નોલોજી સમાન છે. આ સિવાયની સુવિધાઓ વિશે તે વિચારી શકે તેમ પણ નથી.

અમેરિકી ખેડૂતો વિશાળ ખેતરોમાં જે ઉપજ લે છે તેનું વેચાણ પણ વૈશ્વિક ધોરણે અને અમેરિકામાં વ્યાપક સ્તરે થાય છે.

આ ખેડૂતોને વૈશ્વિક બજારના ભાવ મળે છે. ભારતમાં પણ મોટા પ્રમાણમાં ખેતપેદાશો ઉત્પન્ન થાય છે અને વૈશ્વિક બજારો સુધી પહોંચે છે પણ તેમાંથી જે નફો આવે છે તે વેપારીઓ અને વચેટીયાઓને મળી જાય છે.

આ નફો ખેડૂત સુધી તો પહોંચતો જ નથી. ભારતમાં એવી અણઘડ નીતિઓ અને વ્યવસ્થા અમલમાં છે કે, ખેડૂતોને એમએસપી તો કદાચ મળી જાય છે પણ લાભ ખેડૂતો સુધી પહોંચતા જ નથી. અમેરિકન ખેડૂતો મોટાભાગે એફએમસીજી સેક્ટરની વિવિધ કુંપનીઓ સાથે જોડાણ કરી લે છે. તેઓ લાખો ટન માલ સીધે સીધો ખરીદી લે છે.

અહીંયા પાક લેતા પહેલાં જ તેના ભાવ, તેની ડીલ અને બાકીની વ્યવસ્થા નક્કી કરી લેવામાં આવે છે. ખેડૂતોને જરાય ચિંતા કરવાની હોતી નથી.

અમેરિકાન ખેડૂતો મોટાભાગે પોતાના ખેતરમાં એક જ પાક ઉગાડવાના આયોજન સાથે ખેતી કરતા હોય છે.

અહીંયા મોટા મોટા ખેતરોમાં એક જ પાક લેવામાં આવતો હોવાથી તેનો વેપાર કરવામાં સરળતા રહે છે. અહીંયા મોટાભાગે મકાઈને વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે. અહીંયા કોર્ન બેલ્ટ તરીકે મોટો વિસ્તાર છે જ્યાં મકાઈ ઉગાડવામાં આવે છે. ત્યારબાદ સોયાબીનની વ્યાપક ખેતી થાય છે. તેનો ઉપયોગ તેલ માટે અને પશુ આહાર માટે કરવામાં આવે છે.

પશ્ચિમી અમેરિકામાં ઘઉંની મોટા પ્રમાણમાં ખેતી કરવામાં આવે છે. સાઉથ અમેરિકાના ખેડૂતો દ્વારા કપાસનું વ્યાપક વાવેતર કરવામાં આવે છે.

ભારતમાં મોટાભાગે ઘઉં, ચોખા અને શેરડીની ખેતી કરવામાં આવે છે. ત્યારબાદ નાની-મોટી પેદાશો લેવામાં આવે છે. આ સિવાય બટાટા, ડુંગળી અને ટામેટા જેવા શાકભાજીની મોટી ખેતી થાય છે. બાકી કઠોળ, દાળ અને અન્ય ફળો તથા શાકભાજીની છુટીછવાઈ ખેતી થાય છે. તેના કારણે ખેડૂતોને ભારતમાં મોટું વળતર મળતું નથી.

ઉલ્લેખનીય છે કે, ભારત અને અમેરિકા વચ્ચે ખેતીની પદ્ધતિમાં પણ મોટો તફાવત છે. અમેરિકામાં ખેડૂતો કોર્પોરેટ પદ્ધતિથી ખેતી કરે છે. વિશાળ ખેતરોમાંથી પાક લણવા માટે પણ કંબાઈન હાર્વેસ્ટરનો ઉપયોગ કરવામાં આવે છે. આ મશીન દ્વારા એક જ દિવસમાં હજારો એકર જમીનમાંથી પાક લણી લેવામાં આવે છે. આ ઉપરાંત બાયો ટેક્નોલોજી દ્વારા બીજ તૈયાર કરીને તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેના કારણે જંતુનાશકોનો નહીવત ઉપયોગ કરવો પડે છે. કીડા અને બિમારીઓથી પાક કુદરતી રીતે જ બચી જાય છે. આ સિવાય ખેતીની અન્ય પદ્ધતિની વાત કરીએ તો અમેરિકામાં ૯૦ ટકા ખેતરો ફેમિલી ફાર્મ હોય છે. તેમાં ખેડૂત અને તેનો પરિવાર જ કામ છે. તેમની પાસે અત્યાધુનિક મશીનો અને સાધનો હોય છે કે, પરિવારના લોકો જ ૪૦૦-૫૦૦ એકર જમીનમાં ખેતી કરી લે છે. ભારતમાં આ કામ કરાવવું હોય તો ૧૦૦થી ૧૫૦ ખેતમજૂરોની જરૂર પડે છે. આ ઉપરાંત અહીંયા ઘણા ખેડૂતો પાસે તેનાથી પણ મોટા ખેતરો છે જેઓ કેટલાક લોકોને કામ ઉપર રાખે છે.

આ સિવાય ખેડૂતો પાસે એગ્રોનોમિસ્ટ, મિકેનિક, એકાઉન્ટન્ટ અને એગ્રોસાયન્ટિસ્ટ તથા અન્ય ટેકનિકલ સ્ટાફ નોકરીએ રાખીને ઓછા માણસોમાં મોટા ખેતરોની સંભાળ રાખતા હોય છે. ભારતમાં મોટાભાગને ખેડૂતો પાસે પરિવાર ખેતરમાં કામ કરતો નથી. જે ખેડૂત પરિવારો ખેતરોમાં કામ કરે છે તે ખેતમજૂરો હોય છે. તેના કારણે ક્યારેય ખેડૂતો વ્યાપક નફો કરી શકતા નથી.

અમેરિકાના ખેડૂતોની જે આવક અને શ્રીમંતાઈ છે તેની પાછળ સરકારની મદદ પણ રહેલી છે. અમેરિકામાં ખેડૂતોને સેરરાશ ૩૦,૦૦૦ ડોલર એટલે કે અંદાજે ૨૬ લાખ રૂપિયાની સીધી સરકારી સહાય કરવામાં આવે છે. વર્ષે ખેડૂતોને ૨૬ લાખ તો માત્ર મદદ મળે છે. આ સિવાય અન્ય લાભ અલગ રીતે મળે છે. તેની સામે ભારતીય ખેડૂતોની વાત કરીએ તો ભારતીય ખેડૂતોને પીએમ કિસાન યોજના દ્વારા માત્ર ૬૦૦૦ રૂપિયા વર્ષે આપવામાં આવે છે. અમેરિકામાં પાક નિષ્ફળ જાય કે રોગચાળો ફાટે કે કુદરતી આપત્તીમાં નુકસાન જાય તો સરકાર દ્વારા વળતર રૂપે મોટી રકમ આપવામાં આવે છે જેથી ખેડૂતને નુકસાન ન જાય. તેની સામે ભારતમાં નુકસાન જવાની સ્થિતિમાં તો મહિનાઓ સુધી તેની તપાસ કરવા સુધીની તસદી લેવામાં આવતી નથી. આ ઉપરાંત પાક સહાયના નામે માત્ર મજાક જેવી જાહેરાતો કરવામાં આવે છે. ઘણા રાજ્યોમાં તો ખેડૂતોને વર્ષો સુધી વળતરની જાહેર કરેલી રકમ પણ મળતી નથી. અમેરિકામાં ખેડૂતોને સરકાર પોતાના પાર્ટનર સમજીને સાચવે છે. તેમને વળતર આપે છે. જ્યારે ભારતમાં સહાય અને વળતરનો આશય માત્ર દેવામાંથી બહાર લાવવાનો કે ખેડૂત પરિવાર ભુખમરામાં ન સપડાય તેનો છે. દેશની ઈકોનોમીમાં ખેડૂત ખૂબ જ મહત્ત્વનો છે તેવું ક્યારેય માનવામાં આવ્યું જ નથી.

# દેશનું સૌથી મોટું સુરક્ષા દળ સરકાર સામે કોર્ટે ચઢ્યું



દેશની આંતરીક સુરક્ષા સંભાળનાર સૌથી મોટુ દળ સીઆરપીએફ, બીએસએફ, સીઆઈએસએફ, આઈટીબીપી અને એસએસબી એટલે કે સીએપીએફ (સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ) કેન્દ્ર સરકાર સામે સુપ્રિમ કોર્ટમાં લડાઈ લડી રહ્યું છે. આ તમામ દળો ગૃહમંત્રાલય હેઠળ કામ કરે છે. આ જ મંત્રાલય સાથે એમને કાયદાકીય વાંધો પડયો છે. સીઆરપીની સ્થાપના ૧૯૩૯માં અંગ્રેજોએ કરી હતી. આઝાદી પછી એનું નામ સીએપીએફ કરવામાં આવ્યું. ત્યાર પછી બીએસએફ, આઈટીબીપી, એસએસબી અને સીઆઈએસએફની સ્થાપના થઈ. આ બધાને મળીને સીએપીએફ કહેવામાં આવે છે. શરૂઆતમાં ઉચ્ચ પદે લશ્કર અથવા તો આઈપીએસ અધિકારીઓને ડેપ્યુટેશન પરથી લાવવામાં આવતા હતા. પછીથી આ વ્યવસ્થા કાયમી થઈ ગઈ. આજે પરિસ્થિતિ એવી છે કે ડીઆઈજી અને આઈજી જેવા હોદ્દા પર મોટી સંખ્યામાં આઈપીએસ અધિકારીઓ હોય છે. સીએપીએફના અધિકારીઓનો આક્ષેપ છે કે એમના અધિકારીઓને ઉચ્ચ પદે જવાનો મોકો નથી મળતો.

લોકસભામાં વિરોધપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ લોકસભામાં આપેલું ભાષણ ખૂબ જાણીતુ થયું છે. ભાષણને કારણે સરકાર ચિંતામાં પડી ગઈ છે અને મંત્રીઓએ વળતા પ્રહાર ચાલુ કર્યા છે. જોકે રાજકીય નીરિક્ષકોના કહેવા પ્રમાણે રાહુલ ગાંધી સામે વિશેષાધિકાર ભંગની દરખાસ્ત લાવવાની હિંમત સરકાર કરી શકે એમ નથી. સરકારને ડર છે કે જો આમ કરવા જશે તો આખા દેશમાં રાહુલ ગાંધી હીરો બની જશે. વિવાદ હજી શાંત થયો નથી. કેટલાક રાજકીય નીરિક્ષકો એવી સંભાવના વ્યક્ત કરે છે કે રાહુલ ગાંધીએ લોકસભામાં આપેલા પ્રવચનમાંથી કદાચ કેટલાક અંશ રેકર્ડ પરથી દુર કરવામાં આવે. કોંગ્રેસના સાંસદ કેસી વેણુગોપાલએ ભાજપ પર બેવડી નીતી અપનાવવાનો આક્ષેપ કર્યો હતો. એમણે કહ્યું હતું કે, 'અગાઉ રાહુલ ગાંધીને સાંસદ તરીકે દુર કરવામાં આવ્યા હતા, પરંતુ લોકોએ એમને મોટા અંતરથી ચૂંટીને ફરીથી સંસદમાં મોકલ્યા છે.'

ભારત અને અમેરિકા વચ્ચે જે વ્યાપાર સમજૂતી થઈ એના વખાણ ગાય-વગાડીને કરવામાં આવ્યા. વિરોધ પક્ષોએ આ સમજૂતીને ભારતના ખેડૂતો વિરુદ્ધની ગણાવી હતી. સરકાર પક્ષે એવી હૈયાધારણ આપવામાં આવી હતી કે આ સમજૂતીને કારણે ખેડૂતોનું અહીત થવાનું નથી. જોકે હવે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ખેડૂતો તેમજ ઉદ્યોગપતિઓ આવનાર વર્ષોમાં મોટુ નુકસાન થવાની સંભાવના વ્યક્ત કરે છે. જમ્મુ - કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં મોટા પાયે સફરજનની ખેતી થાય છે. આયાત ડયુટીમાં છૂટ આપ્યા પછી આવનાર મહિનામાં અમેરિકાના સફરજન ભારતના બજારમાં ખડકવામાં આવશે. આ કારણે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશ અને કેટલાક અંશે ઉત્તરાખંડના સફરજનની કીંમતમાં પણ મોટા પાયે ઘટાડો થશે. ભારત - અમેરિકા વચ્ચે થયેલી સમજૂતીમાં સફરજનની આયાત ડયુટી ૫૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરી નાખવામાં આવી છે.

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સંસદમાં કેન્દ્રીય મંત્રી હરદીપ પૂરી પર આક્ષેપ કર્યા હતા. એપસ્ટીનની ફાઈલમાં હરદીપનું નામ હોવા સંદર્ભે રાહુલ ગાંધીએ ખૂલાસો માંગ્યો હતો. વિરોધ પક્ષની ટીકાનો મારો થતાં જ રઘવાયેલા હરદીપ પુરીએ બચાવમાં કહ્યું છે કે 'એપસ્ટીન સાથે એમની મુલાકાત કેટલાક ખાસ પ્રસંગોએ થઈ હતી. તેઓ એક પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે અમેરિકા ગયા હતા ત્યારે એપસ્ટીનને મળ્યા હતા. એમની સાથે ફક્ત એક વખત ઈમેલ દ્વારા સંવાદ થયો હતો. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, હરદીપ પુરીની ઓળખાણ એપસ્ટીન સાથે કોણે કરાવી એની એમને ખબર છે. હરદીપ પુરી પણ જાણે છે કે કોણે એમની ઓળખાણ એપસ્ટીન સાથે કરાવી હતી. હરદીપ પુરીએ બચાવમાં કહેવું પડયું હતું કે, 'એપસ્ટીન સાથે જોડાયેલી ૩૦ લાખ જેટલી ફાઈલો રીલીઝ કરવામાં આવી છે. હું ન્યૂયોર્કમાં ૮ વર્ષ રહ્યો છું. ત્યાં હું સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના એમ્બેસેડર તરીકે રહેતો હતો.'

લોકસભાના સ્પીકર ઓમ બીરલા વિરુદ્ધ વિરોધપક્ષે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવા નોટીસ આપી છે. ઓમ બીરલાએ વિરોધ પક્ષના ૮ સાંસદોને સસ્પેન્ડ કર્યા હતા ત્યાર પછી વિરોધપક્ષ અને સ્પીકર વચ્ચે વિવાદ ઉભો થયો છે. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના સાંસદ અરવિંદ સાંવતએ આક્ષેપ કર્યો છે કે, 'લોકસભામાં જે રીતે કાર્યવાહી થઈ રહી છે એ બંધારણને અનુરૂપ નથી. લોકશાહીમાં સંસદનું સ્થાન સૌથી અગત્યનું છે. ઓમ બીરલા વિવાદમાં આવ્યા હોય એવું પહેલી વખત બન્યું નથી. ૨૦૨૪ના જૂન મહિનામાં બીજી વખત લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાયા પછી ઓમ બીરલા પર આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેઓ વિરોધપક્ષના સાંસદોને બોલવા નથી દેતા. તેઓ સરકાર તરફી હોવાનો આક્ષેપ પણ એ વખતે થયો હતો. સ્પીકર તરીકે ચૂંટાયા પછી જ્યારે નરેન્દ્ર મોદીએ એમની સાથે હાથ મેળવ્યા હતા ત્યારે બીરલાએ એમની સાથે નમીને હાથ મેળવ્યા હતા. બીજી તરફ રાહુલ ગાંધીએ હાથ મેળવ્યા હતા ત્યારે બીરલા નમ્યા વગર ટટ્ટાર ઉભા રહ્યા હતા. એ વખતે પણ રાહુલ ગાંધીએ સ્પીકરની ટીકા કરી હતી. નીટ પરીક્ષા બાબતે થતી ચર્ચામાં જ્યારે રાહુલ ગાંધી બોલી રહ્યા હતા ત્યારે સ્પીકર ઓમ બીરલાએ એમનું માઈક બંધ કરી દીધું હતું.

સુપ્રિમ કોર્ટે ઓટીટી પ્લેટફોર્મ નેટફલીક્સ અને ફિલ્મ દિગ્દર્શક નીરજ પાંડે પાસે 'ઘૂસખોર પંડીત' ટાઈટલ બાબતે ખૂલાસો માંગ્યો હતો. ન્યાયાધીશોએ કહ્યું હતું કે, કોર્ટ એ જાણવા માંગે છે કે, ફિલ્મનું નામ બદલવાનો પ્રસ્તાવ કેમ રજૂ કરવામાં આવ્યો છે. કોર્ટે ચોખ્ખા શબ્દોમાં કહ્યું હતું કે, આ પ્રકારનું નામ એટલા માટે નક્કી કરવામાં આવે છે કે ફિલ્મને પ્રસિદ્ધી મળે. જસ્ટીસ બી વી નાગરત્નાની બેન્ચે 'ઘૂસખોર પંડીત'ના નિર્માતાને ઠપકો આપતા કહ્યું હતું કે, કોઈપણ વર્ગને અપમાનીત કરી શકાય નહીં. સમાજમાં પહેલા જ આટલી મોટી તડ છે. એને તેમા હવે તમે વધારો નહીં કરો. તમે ટાઈટલ બદલવાની વાત કરો છો તો અમને કહો કે તમે નવું નામ કયું રાખવાના છો? એ પણ કહો કે તમારી ફિલ્મમાં સમાજના કોઈક વર્ગ માટે વાંધાજનક વાત છે કે નહીં?

# સુંદરકાંડ કહે છે, દશાનન થવું કે દશરથ થવું એ આપણાં જ હાથમાં છે

માનસ સુંદરકાંડનાં પાંચમાં દિવસની કથામાં પ્રવેશતા જે બાપુએ કહ્યું કે લંકિનીની સાથે જુદી પ્રકારનો સત્સંગ કર્યા પછી, હનુમાનજી લંકામાં પ્રવેશ કરે છે, અને અહીં હનુમાનજી દશાનનનાં મંદિરમાં પ્રવેશી રાવણ દર્શન કરે છે, દશાનનનું દર્શન પણ કરવાં યોગ્ય છે. દસમુખ થવું કે દશરથ થવું એ આપણાં હાથમાં છે. માનસનાં આ બે મુખ્ય પાત્રોનું રહસ્ય અદભુત છે. દશમુખ રાવણ અને દશરથ અવધ નરેશ. આ સંસારમાં કોઈનું મૂળ ખરાબ નથી, પરંતુ પરિસ્થિતિ, દેશ, કાળ, પ્રકૃતિ, એવમ પ્રવૃત્તિ એ પાંચ એવી દોરી છે કે જે, માણસને ખેંચીને ક્યારેક દશમુખ બનાવી દે છે, તો ક્યારેક દશરથ બનાવી દે. પરિસ્થિતિ એટલે કે સંજોગ, દેશ એટલે કે સ્થાન, કાળ એટલે સમય, ખુદનો સ્વભાવ, અને વ્યક્તિની પ્રવૃત્તિ! આ પાંચેય બાબતને વ્યક્તિની દશાનન કે દશરથ બનવાની ભૂમિકા માનવામાં આવે છે, બાકી બધામાં એ જ સત્વ છે. રાવણનું મૂળ જુવો તો રાજા પ્રતાપભાનુ, કેટલું ઉત્તમ કુળ, પણ આ પાંચેયને કારણે બીજા જન્મમાં રાવણ થયાં. તો દશરથનું મૂળ મનું, એટલે કે આદમ અને ઈવ! જોકે મનુજ એટલે આપણે બધા જ મનુનાં સતાન છીએ. સમગ્ર મનુષ્ય સૃષ્ટિની શરૂઆત મનુ થી થઈ, અને ભારતીય દર્શન મુજબ મનુ અને શતરૂપા એ આપણા આદિ માતાપિતા છે. દશરથ એ મનુનો બીજો જન્મ છે. વિજ્ઞાન કહે છે પહેલાં બધું જડ હતું, એટલે કે આ જગત જડનો વિસ્તાર છે, પણ તુલસી કહે છે કે ભૌતિક જગતનો વિકાસ જરુર જડ થી થયો હશે, કે આ તોડો, તે તોડો, અણું, પરમાણું ઈલેક્ટ્રોન... પણ સજીવ સૃષ્ટિ તો ચૈતન્યનો ચિદ્ વિલાસ છે, અહીં નિરંતર ચૈતન્ય વિકસિત થતું રહે છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

મૂળમાં રાવણ સારો છે, અને એટલે રાવણ અવતાર છે! અવતારનું દર્શન પણ થવું જોઈએ. હનુમાનજી લંકામાં પ્રવેશ કર્યો અને રાવણનાં મંદિરમાં આવ્યાં, રાવણ સૂતેલો હતો અને સૂતેલા વ્યક્તિ વિશે અનુમાન બાંધવું એ શું ઉચિત છે? પણ હનુમાનજી વિચારે છે કે, મારી મા જાનકી લંકામાં છે! એટલે કે શક્તિ, શાંતિ, અને ભક્તિ લંકામાં હોવાં છતાં જે માણસ સૂઈ જાય, એ કેવું ! એની પરથી કહ્યું કે રાવણ તમોગુણી છે. તો પાછું એમ પણ વિચારે છે કે, બે ચાર તોલા સોનું હોય એ માણસ સૂઈ ન શકે અને આને તો આજુબાજુ સોનું જ સોનું છે! અને છતાં સૂઈ ગયો, એટલે ડામાડોળ છે.

વિભિષણની મદદથી હનુમાનજી અશોકવાટિકા પહોંચી ગયા, મા જાનકી રુપી ભક્તિનું દર્શન કર્યું, પણ હજી પોતાનો પરિચય આપે એ પહેલાં જ રાવણ આવ્યો. હનુમાનજીએ જોયું કે આ તો એ જ છે, જેને મેં સૂતેલો જોયો હતો, આટલી જલ્દી જાગી ગયો? હનુમાનજીનું રાવણ દર્શન બદલી ગયું, કે ભલે સૂતેલો હતો, પણ સમયસર જાગી પણ જાય છે, અને સાચું જાગરણ જ એ છે, જેમાં જાનકી દર્શનની ઈચ્છા થાય, બાકી ભક્તિની કામના એમનેમ થોડી થાય ! રાવણ એકલો નથી આવ્યો! મંદોદરી આદી રાણીઓને લઈને આવ્યો છે, એટલે કે જાનકીને પોતાનાં વશમાં નથી સમજતો, અને કોઈની પત્નીને મળવાં એકલાં જવાય નહીં, એ મર્યાદા એ જાણે છે. ઠાઠમાઠથી આવ્યો છે, ભક્તિનાં દર્શન કરવાં જઈએ ત્યારે મોઢાં પર એક રોનક હોવી જોઈએ. હનુમાનજી કહે છે કે અશોકવાટિકામાં બેઠેલી સીતા એકદમ કૃશકાય થઈ ગઈ છે, એમનાં ગાલ સુકાઈ ગયાં છે. જ્યારે રાવણ કહે છે હે સુમુખી! એટલે આટલો બુદ્ધિશાળી અને વીસ આંખ હોવા છતાં શું રાવણ ભૂલ કરી રહ્યો છે? પણ સાવધાન રાવણ કહે છે કે હું રુપનો દિવાનો નથી! અહીં કોઈ સુંદર સુમુખી નથી! પણ દુનિયાને કહેવા માંગુ છું કે, એ જ સુમુખી છે જેનાં મુખમાં નિરંતર હરિનામ છે. સીતાને સયાની કહી છે, એટલે કે સીતા સમજદાર, હું વીસ પગે દોડતો રહ્યો, વીસ હાથે લૂંટતો રહ્યો, વીસ આંખે જોતો રહ્યો! પરંતુ તું ધન્ય છે કે તારા પગમાંથી દ્રષ્ટિ હટતી જ નથી. પૂજાપાઠ સમયે બધાં સામગ્રી લઈને જાય છે, પણ હું તને શું આપું એટલે આ મંદોદરી આદી રાણીઓને તમારી દાસી બનાવી દઉં. પહેલી નજરે તો એવું લાગે કે આ એક પ્રલોભન આપે છે, એક ડિલ કરે છે. એવું લાગે કે રાવણ બહુ કામી છે, પણ એ પ્રતિજ્ઞા કરે છે કે હું આ જન્મમાં ભજન કરી શકીશ નહીં, પણ રામને હાથે મરીશ તો મારી તો મુક્તિ થઈ જશે, પરંતુ મારું કર્તવ્ય છે કે મારી સાથે જેનું પ્રારબ્ધ જોડાયેલું છે, એ બધાને તું દાસી બનાવી લે, જેથી મારાં ગયાં પછી તું એની પર કૃપા કરતી રહે. પણ હે જગદંબા અત્યારે તું મને કૃપા દ્રષ્ટિથી જો.

હવે જાનકી જવાબ આપે, એનું ચિંતન કરીએ તો સૌ પ્રથમ તો ખાનદાન કુળની પુત્રવધૂ છે એટલે તણખલું આડું કર્યું, અને તુલસીદાસજી અહીં જાનકી કે સીતા શબ્દ વાપર્યો નથી, પણ વૈદેહી, એટલે કે હે રાવણ હું વિદેહી છું! આ દેહમાં સીતા નથી, આ તો છાંયા છે. બીજું જાણે રાવણને કહેતી હોય તું વૈભવી છો, પણ તારાં વૈભવની કિંમત મારી માટે આ તણખલાં જેટલી જ છે. મને ખબર છે કે રાવણ હું તારી વાત નહીં માનું તો તું મને મારી નાખીશ, પણ રામનાં વિરહમાં હવે મને મારો પ્રાણ તણખલાં જેટલો પણ પ્રિય નથી. મારી કૃપા દ્રષ્ટિ માટે તું લાયક નથી, કમળના ખીલવા માટે સૂર્યોદય જરૂરી છે, આગિયાનાં પ્રકાશથી કમળ ખીલતાં નથી, તું અંધકારવાદી છે, તું નિશિચર છો. રાવણ ગુસ્સે થઈ તલવાર કાઢી પણ મંદોદરી રોકે છે, અને કહ્યું સ્વામી નારી પર આ રીતે વાર કરી શકાય નહીં, અને રાવણ જતો રહે છે. વ્યથિત થયેલાં મા જાનકીનું દર્શન હવે હનુમાનજી કરે છે. રાવણ ગયાં પછી જાનકી પોતાની જાતને બાળી નાખવા અંગાર માંગે છે. હનુમાનજીને થયું કે રામની શરણાગતિ મુકીને મા આમ કેમ કરે છે! એણે મુદ્રિકા નાખી, રામનામ નીચે પડતું નથી, એને ભક્તિ ઉઠાવી લે છે, પણ વિચારે છે કે આવી ક્યાંથી! અને લંકામાં રામ પારાયણ બેઠી, વક્તા છે હનુમાનજી અને શ્રોતા છે મા જાનકી. હનુમાનજી ત્યાં બેસીને રામ ગુણ ગાવા લાગ્યા, એ સાંભળીને જાનકી ના દુખ વાગવા લાગ્યાં કથાથી મોટું કોઈ સમાધાન નથી. જાનકીને આ વક્તાનાં દર્શનની ઈચ્છા થઈ કથાનું અમૃત ઘોળનાર તું કોણ છે? પ્રગટ થા! હનુમાનજી ગોધરા વાનરનાં રૂપમાં જોઈને જાનકી મુખ ફેરવી ગઈ! એને થયું સુવર્ણ મૃગ થઈને આવ્યો હતો, કે જે સન્યાસી થઈને આવ્યો હતો, એ માણસ ફરી પાછો વાનરરૂપમાં કોઈને મોકલી રહ્યો છે! વક્તાનું આ બહુ મોટું અપમાન કહેવાય, પરંતુ હનુમાનજીએ વિચાર્યું કે મા તમે મોં ફેરવી લીધું એ સારું કર્યું, કારણ કે કથાકારની કથા જ સાંભળવાં યોગ્ય હોય છે, એનું મો જોવાનું નથી હોતું. વક્તાને નહીં વક્તવ્યને પકડો! જાનકીને થયું કે કથા અટકી ગઈ, અને કથા જ મારું દુઃખ દૂર કરતી હતી, એટલે જાનકી એ પરિચય પૂછ્યો, હનુમાનજીએ કહ્યું 'રામદૂત મેં માતુ જાનકી', પરંતુ જાનકીની શંકાનું સમાધાન નથી થતું, ત્યારે હનુમાનજી કરુણાનિધિ શબ્દનો પ્રયોગ કરે છે, અને કહે છે મા તું વિશ્વાસ કર હું રામનો જ દૂત છું.

ગુજરાતમાં 'વિધવા નાણાકીય સહાય' (WFA) હેઠળ હવે 'ગંગા સ્વરૂપા યોજના'ના લાભાર્થીઓને સહાય રકમ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક ખાતામાં મળશે

# ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકમાં શૂન્ય બેલેન્સથી ખુલશે ડબલ્યુએફએ ખાતાઓ, ઘરબેઠાં મળશે પૈસા ઉપાડવાની સુવિધા

## ઉત્તર ગુજરાતમાં પોસ્ટ વિભાગ દ્વારા 14 થી 20 ફેબ્રુઆરી સુધી વિશેષ અભિયાન હેઠળ 'વિધવા નાણાકીય સહાય' માટે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક (આઈપીપીબી) ખાતાઓ ખોલવામાં આવશે



**અમદાવાદ, તા.13**

ગુજરાત સરકાર દ્વારા વિધવા મહિલાઓને નાણાકીય સહાય પ્રદાન કરીને તેમને સ્વતંત્ર અને આત્મનિર્ભર બનાવવા માટે શરૂ કરવામાં આવેલી 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના', જેને 'વિધવા નાણાકીય સહાય' (WFA) યોજના તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનો લાભ હવે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક મારફતે પણ મેળવી શકાશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં કુલ 1,47,647 ડબલ્યુએફએ લાભાર્થીઓ પોસ્ટ ઓફિસ ખાતાઓ દ્વારા આર્થિક સહાય મેળવી રહ્યા છે. આ અનુસંધાને તાજેતરમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા તમામ ડબલ્યુએફએ લાભાર્થીઓના આધાર-સીડેડ આઈપીપીબી ખાતા ખોલવા માટે પહેલ કરવામાં આવી છે, જેથી આધાર આધારિત ડીબીટી દ્વારા લાભ સીધો લાભાર્થીઓ સુધી પહોંચાડી શકાય. હાલમાં જે લાભાર્થીઓ પોસ્ટ ઓફિસ ખાતાઓ મારફતે લાભ મેળવી રહ્યા છે, તેઓ હવે પોતાનો લાભ આઈપીપીબી ખાતાઓમાં પ્રાપ્ત કરશે. આ માટે ઉત્તર ગુજરાત હેઠળના અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાઓમાં પોસ્ટ વિભાગ દ્વારા 14 ફેબ્રુઆરીથી 20 ફેબ્રુઆરી સુધી વિશેષ અભિયાન ચલાવી 'વિધવા નાણાકીય સહાય' હેઠળ નવા આઈપીપીબી ખાતાઓ ખોલવામાં આવશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડબલ્યુએફએ લાભાર્થીઓ પોતાનું આઈપીપીબી ખાતું ખોલાવવા માટે નજીકની પોસ્ટઓફિસનો સંપર્ક કરી શકે છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક (આઈપીપીબી) ખાતાઓ પોસ્ટમેન અને ગ્રામિણ ડાક સેવક દ્વારા વિનંતી પર લાભાર્થીના ઘરે જઈને પણ ખોલી આપવામાં આવશે. ખાતું ખોલવા માટે આધાર કાર્ડ, આધાર સાથે જોડાયેલ મોબાઈલ નંબર અને બચત ખાતાની પાસબુક જરૂરી રહેશે. આ ખાતાઓ શૂન્ય બેલેન્સથી પણ ખોલી શકાય છે. આઈપીપીબી ખાતું ખુલ્યા બાદ તેમાં આધાર સીડિંગ કરવામાં આવશે. જો કોઈ લાભાર્થી પાસે પહેલેથી જ આઈપીપીબી ખાતું હોય, તો ડબલ્યુએફએ ચુકવણી મેળવવા માટે માત્ર આધાર સીડિંગ કરાવવું જરૂરી રહેશે. લાભાર્થીનું આઈપીપીબી ખાતું પહેલેથી હાજર પોસ્ટ ઓફિસ બચત ખાતા સાથે પણ લિંક કરી શકાય છે, જેથી પોસ્ટઓફિસ બચત ખાતા અને આઈપીપીબી બંનેના લાભ એક સાથે મેળવી શકાય.

અમદાવાદ મંડળના પ્રવર અધિક્ષક શ્રી ચિરાગ મહેતાએ જણાવ્યું કે અમદાવાદમાં કુલ 33,990 ડબલ્યુએફએ લાભાર્થીઓ પોસ્ટ ઓફિસ ખાતાઓ મારફતે આર્થિક સહાય પ્રાપ્ત કરી રહ્યા છે. જો કોઈ લાભાર્થીને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક (આઈપીપીબી) ખાતું ખોલવામાં કોઈ મુશ્કેલી પડે, તો તેઓ સહાય માટે 8210608040 પર સંપર્ક કરી શકે છે.

એગ્રીસ્ટેક યોજના હેઠળ AI ટેકનોલોજીથી પાક સર્વેનું ડેટા વેરિફિકેશન શરૂ

# ડિજિટલ ક્રોપ સર્વે પૂર્ણ થયેલા ખેડૂતોને ઓટોમેટેડ વોઇસ કોલ અથવા વોટ્સએપ મેસેજ દ્વારા સંપર્ક કરવામાં આવશે

### આ સંબધમાં આવતા કોલ કે મેસેજ પર ખેડુતોને તેમની ખેતી અંગેની સચોટ માહિતી આપવા અનુરોધ



**નડિયાદ, તા.13**

ભારત સરકારની 'એગ્રીસ્ટેક' યોજના હેઠળ ખેતીમાં આધુનિકતા લાવવાના ઉદ્દેશથી ડિજિટલ ક્રોપ સર્વેની કાર્યપ્રણાલી અમલમાં મૂકવામાં આવેલ છે. આ કાર્યને વધુ ચોક્કસ અને પારદર્શક બનાવવા માટે, સરકારે AI બોટ સિસ્ટમ દ્વારા ડેટા વેરિફિકેશનની પ્રક્રિયા શરૂ કરી છે.

હાલમાં રવિ ઋતુ દરમિયાન, સર્વેયરો દ્વારા ખેતરોની મુલાકાત લઈને મોબાઈલ એપ્લિકેશન દ્વારા પાકના ભૌગોલિક સ્થાન (જીઓ-ટેગ) સાથે ફોટા અને વિગતો રેકોર્ડ કરવામાં આવેલ છે. આ ડેટાની સચોટતા સુનિશ્ચિત કરવા AI બોટનો ઉપયોગ કરવામાં આવી રહેલ છે.

ડિજિટલ ક્રોપ સર્વે પૂર્ણ થયેલા ખેડૂતોને ઓટોમેટેડ વોઈસ કોલ અથવા વોટ્સએપ મેસેજ દ્વારા સંપર્ક કરવામાં આવશે. આ કોલ અને મેસેજ દ્વારા ખેડૂતો પાસેથી તેમના ખેતર અને પાક સંબંધિત માહિતીની પુષ્ટિ કરવામાં આવશે.

ખેતી નિયામકની કચેરી ગુજરાત રાજ્ય ગાંધીનગર અને નાયબ ખેતી નિયામક(વિ) ખેડા નડીયાદ દ્વારા ખેડૂતોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ આવા કોલ અથવા મેસેજ પર તેમના ખેતર અને પાકની સાચી અને સચોટ માહિતી આપે.

આ એક સરકારી પહેલ હોવાથી, કોઈપણ પ્રકારની અફવાઓ અથવા ગેરમાર્ગે દોરનારી વાતોથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. આ પગલું ખેતી સંબંધિત ડેટાને વધુ પારદર્શક બનાવવા અને ભવિષ્યમાં ખેડૂતોને સરકારી યોજનાઓના લાભ ઝડપથી મળી શકે તે માટે લેવાયેલ છે.

ખેડા જિલ્લાના તમામ ખેડૂતોને આ ડિજિટલ પહેલમાં સક્રિય સહયોગ આપવા અને સરકારી પ્રક્રિયાઓ પ્રત્યે જાગૃત રહેવાની નાયબ ખેતી નિયામક(વિ) ખેડા નડીયાદ દ્વારા અપીલ કરવામાં આવી છે.

## રોલ ઓબ્ઝર્વર આર.સી.મીણાની અધ્યક્ષતામાં તદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત બેઠક યોજાઈ



**નડિયાદ, તા.13**

રોલ ઓબ્ઝર્વર ખેડા અને મુખ્ય સચિવ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર, આર.સી.મીણાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી નડિયાદ ખાતે મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત બેઠક યોજાઈ હતી. જેમાં, નોટિસના તબક્કે થયેલ કામગીરીની સમીક્ષા તથા મતદારયાદીના હેલ્થ પેરામીટર્સની ચકાસણી કરવામાં આવી હતી.

રોલ ઓબ્ઝર્વરદ્વારા હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજુ કરવા અને સ્વીકારવા બાબતે તમામ સ્તરે થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી. તેમજ મેપિંગ ન થયેલ મતદારો તેમજ મેપિંગમાં વિસંગતતા ધરાવતા તમામ મતદારોને નોટિસના સમયગાળા દરમ્યાન નોટિસની બજવણી, મતદારોની સુનાવણી તથા મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા લેવામાં આવેલ નિર્ણયો બાબતે ચર્ચા કરવામાં આવી. જે ચર્ચાના અંતે રોલ ઓબ્ઝર્વરએ વિધાનસભા મતવિભાગના મતદાર નોંધણી અધિકારી દ્વારા કરેલ કામગીરી બાબતે સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ મિટીંગમાં જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર અમિત પ્રકાશ યાદવ, નાયબ જિલ્લા ચુંટણી અધિકારીકુસુમ પ્રજાપતિ તથા વિધાનસભા મતવિભાગના મતદાર નોંધણી અધિકારી હાજર રહ્યા હતા.

નોંધનીય છે કે ભારતના ચુંટણી પંચ દ્વારા તા.૦૧/૦૧/૨૦૨૬ ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરેલ, જે અન્વયે તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ ખેડા જિલ્લાની કુલ-૦૬ વિધાનસભા મતવિસ્તારના કુલ-૧૮૬૭ મતદાન મથકોની સંકલિત મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ કરવામાં આવેલ, ત્યારબાદ તા.૧૯/૧૨/૨૦૨૫ થી તા.૧૦/૦૨/૦૨૬ સુધી નોટિસ તબક્કો હોય, જે પૂર્ણ થયેલ છે.

# જિલ્લા પ્રભારી સચિવ આર.સી.મીણાની અધ્યક્ષતામાં મલ્ટી ડાયમેન્શનલ પોવર્ટી ઇન્ડેક્સના સૂચનાંકોની સમીક્ષા બેઠક યોજાઈ

### પ્રભારી સચિવએ શિક્ષણ, આરોગ્ય, પોષણ જેવા મહત્વપૂર્ણ વિષયો ઉપર વિશેષ પ્રયાસો દ્વારા પરિણામલક્ષી કામગીરી કરવા કર્યું સૂચન

**નડિયાદ, તા.13**

જિલ્લા પ્રભારી સચિવ આર.સી. મીણાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી નડિયાદ ખાતે યોજાયેલ બેઠકમાં મલ્ટી ડાયમેન્શનલ પોવર્ટી ઈન્ડેક્સના સૂચનાંકોની સમીક્ષા કરવામા આવી અને જિલ્લાવાસીઓના જીવનધોરણને ઉત્તમ બનાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



બેઠકમાં નવ રચિત ફાગવેલ તાલુકામાં પોવર્ટી ઈન્ડેક્સ અંતર્ગત હાથ ધરાયેલ સર્વેનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. કુલ ૨૮૨ પરિવારો ઉપર સર્વે કરી ફાગવેલ તાલુકાના ગામડાઓમાં લોકોના શિક્ષણ, આરોગ્ય, માસિક આવક, વ્યવસાય, બેન્ક એકાઉન્ટ, સ્થળાંતર, પાયાની સુવિધાઓ સહિતના વિષયો પર જાણકારી મેળવવામાં આવી હતી. સચિવમીણાએ પ્રત્યેક કામગીરી વિશે વિગતવાર ચર્ચા કરી હતી.

પ્રભારી સચિવએ ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય, પોષણ, શૌચાલય, ગેસ બોટલ ડિલિવરી વ્યવસ્થા અને બેંક એકાઉન્ટ જેવા મહત્વપૂર્ણ વિષયો ઉપર વિશેષ પ્રયાસો દ્વારા પરિણામલક્ષી કામગીરી કરવા સૂચન કર્યું હતું.

સચિવએ શિક્ષણના સંદર્ભમાં વિદ્યાર્થીઓમાં રુચિ કેળવાય એ મુજબનું શિક્ષણ આપવા અનુરોધ કર્યો હતો. વધુમાં એલપીજી ગેસ વિતરણ ધારકો નિયમિત રીતે ગ્રાહકોને ગેસની બોટલ પહોંચાડે તેનું ધ્યાન રાખવા જણાવ્યું હતું. સાથે જ લોકોમાં સ્વચ્છતા અને શૌચાલયના ઉપયોગ અંગે સમજણ કેળવવા જરૂરી પ્રયાસો કરવા કહ્યું હતું.

ઉપરાંત સરકારની યોજનાકીય સહાયથી કોઈ વંચિત ન રહી જાય તે માટે પ્રત્યેક ગ્રામવાસીનું એક્ટિવ બેન્ક એકાઉન્ટ હોય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

આમ, પ્રભારી સચિવમીણાએ આરોગ્ય, શિક્ષણ અને સ્વચ્છતા જેવા બહુમૂલ્ય માપદંડો પર કામગીરી દ્વારા ખેડા જિલ્લા વાસીઓને ઉત્તમ જીવનધોરણ પ્રાપ્ત થાય તે દિશામાં કામગીરી કરવા સૂચન કર્યા હતા.

આ સંદર્ભમાં કલેકટર અમિત પ્રકાશ યાદવે સચિવના પ્રત્યેક સૂચનો પર સીમાચિહ્નરૂપ કામગીરી કરી જિલ્લા વાસીઓને ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ખાતરી આપી હતી.

આ બેઠકમાં કપડવંજ અને ઠાસરા પ્રાંત અધિકારીઓ, નાયબ ચૂંટણી અધિકારી નાયબ જિલ્લા વિકાસ અધિકારીપ્રાથમિક શિક્ષણ અધિકારી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીનડિયાદ અને મહુધા મામલતદારસહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીધામ-આદીપુર ખંડમાં ચૌહરિકરણ અને આધુનિક સિગ્નલિંગ પ્રણાલીનું સફળ કમિશનિંગ, ક્ષમતા અને સુરક્ષામાં થશે વધારો

**ગાંધીનગર, તા.13**

પશ્ચિમ રેલ્વેએ ગાંધીધામ-આદીપુર વચ્ચે 8.96 કિમી લાંબા ખંડ પર ચૌહરિકરણ (Quadrupling) તથા અત્યાધુનિક સિગ્નલિંગ પ્રણાલીનું કામ સફળતાપૂર્વક કમિશન કર્યું છે. આ કામ હેઠળ ગાંધીધામ બી બ્લોક કેબિન અને આદીપુર જંક્શન સહિત ત્રણ ઈન્ટરલોક્ડ લેવલ ક્રોસિંગ ગેટ (એલસી નં. 3, 3X અને 4) ને આઈબીએસ (Intermediate Block Signalling) સાથે જોડવામાં આવ્યા છે. મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે વરિષ્ઠ અધિકારીઓ સાથે ગ્રાઉન્ડ ઝીરો પર હાજર રહી આ કામની દેખરેખ રાખી. આ ચોથી લાઈનિંગ પ્રોજેક્ટનો મહત્વપૂર્ણ તબક્કો હતો, જેમાં નવી લાઈનો, સિગ્નલિંગ અને પોઈન્ટ્સને સુરક્ષિત રીતે હાલની પ્રણાલી સાથે એકીકૃત કરવામાં આવ્યા. આ દરમિયાન જરૂરી તકનીકી સુધારાઓ અને પરીક્ષણો દ્વારા નવી રચનાના સુરક્ષિત અને નિરંતર સંચાલનને સુનિશ્ચિત કરવામાં આવ્યું. આ સિદ્ધિ ગાંધીધામ-ભુજ સેક્શનમાં સંચાલન કાર્યક્ષમતા અને અવસંરચના મજબૂતી તરફનું મહત્વપૂર્ણ પગલું છે. ગાંધીધામ-આદીપુર ખંડ માટે ક્યોસાન નિર્મિત (K5D મોડેલ) નવી ડિસ્ટ્રિબ્યુટેડ ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (EI) પ્રણાલી કમિશન કરવામાં આવી છે. તેમાં 5 લાઈનો અને 1 SIC સાઈડિંગ, 146 રૂટ, 56 ટ્રેક, 18 મેઈન, 16 શન્ટ અને 5 કોલિંગ-ઓન સિગ્નલ, તેમજ 28 પોઈન્ટ્સ સામેલ છે.

આ ઉપરાંત AFDAS (Revel make), 2 ELD (Reliance make), 2 ડેટા લોગર (Efftronics) જેમાં 1024 ડિજિટલ અને 32 એનાલોગ ઈનપુટ ક્ષમતા છે, 2 IPS (Statcon Energiaa make) અને FACS (Reliance make)ની વ્યવસ્થા કરવામાં આવી છે. પોઈન્ટ્સનું પેરલેલ ઓપરેશન તથા NDKR/RDKR સર્કિટ પણ લાગુ કરવામાં આવ્યા છે. હાલની ક્યોસાન (K5BMC મોડેલ) ડિસ્ટ્રિબ્યુટેડ EI પ્રણાલીમાં સુધારા અને વિસ્તરણ કરીને તેને ચોથી લાઈનિંગ સેક્શન સાથે જોડવામાં આવી છે. હવે અહીં 4 લાઈનો (પહેલાં 3), 146 રૂટ (પહેલાં 70), 69 ટ્રેક (પહેલાં 39), 27 મેઈન, 14 શન્ટ અને 4 કોલિંગ-ઓન સિગ્નલ તેમજ 39 પોઈન્ટ્સ (પહેલાં 23) ઉપલબ્ધ છે. હાલની AFDAS, ELD, ડેટા લોગર, IPS અને FACSનું એકીકરણ કરીને NDKR/RDKR પોઈન્ટ સર્કિટ અમલમાં મૂકવામાં આવ્યા છે. આ સુધારાથી લાઈન ક્ષમતા વધશે, જેથી વધુ મુસાફરી અને માલગાડીઓનું સમકાલીન સંચાલન શક્ય બનશે અને ભીડમાં ઘટાડો થશે. સમયપાલનમાં સુધારો થશે તેમજ વિલંબ અને ઠેરવાં ઘટશે. આધુનિક EI, AFDAS, ડેટા લોગર અને ઈન્ટરલોક્ડ ગેટથી સુરક્ષા સ્તર મજબૂત બનશે.

વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી: હવે ૧૦૦ દિવસના બદલે મળશે ૧૨૫ દિવસની રોજગાર ગેરંટી

# વિકસિત ભારત' અભિયાન હેઠળ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીનો નવો સૂર્યોદય

### કાયદા મુજબ સાપ્તાહિક ધોરણે અથવા કોઈપણ સંજોગોમાં કામ પૂર્ણ થયાના પંદર દિવસની અંદર વેતનની ચૂકવણી ફરજિયાત

**નડિયાદ, તા.13**

ભારત સરકાર દ્વારા ગ્રામિણ વિકાસને નવી દિશા આપવા માટે તેમજ ગ્રામીણ પરિવારોને મજબૂત આજીવિકાની સુરક્ષા મળી રહે અને મૂળભૂત ગ્રામીણ માળખાગત સુવિધાઓ મજબૂત બને તે હેતુસર વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી: VB - G RAM G (વિકસિત ભારત - જી રામ જી) કાયદો અમલમાં આવેલો છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી લલિતકુમાર પટેલએ વીબી-જી રામજી કાયદા વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી અને કાયદા અંતર્ગતના પ્રાવધાન, વિશિષ્ટ અધિકારો, બેરોજગારી ભથ્થા સહિત ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોને રોજગારના વધુ સારા અવસરો પૂરા પાડવા પ્રતિબદ્ધતા દાખવી હતી.

કાયદાની રૂપરેખા આપતા નિયામકશ્રીએ જણાવ્યું હતું કે, ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી અંતર્ગત સંસદમાં કાયદો પસાર કરવામાં આવ્યો છે. આ કાયદા દ્વારા દેશના ગ્રામિણ પરિવારો માટે રોજગાર લક્ષી ઐતિહાસિક પગલું લેવામાં આવ્યું છે. જે ગ્રામીણ રોજગાર નીતિના પરિવર્તનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ કાયદો ગ્રામીણ પરિવારો માટે નાણાકીય વર્ષ દીઠ વૈધાનિક વેતન રોજગાર ગેરંટી ૧૦૦ દિવસથી વધારીને ૧૨૫ દિવસ કરે છે અને સશક્તિકરણ, સર્વસમાવેશક વૃદ્ધિ, વિકાસલક્ષી પહેલોના અભિસરણ (convergence) અને સંતૃપ્તિ-આધારિત (saturation-based) વિતરણને આગળ વધારવાનો પ્રયાસ કરે છે, જેનાથી સમૃદ્ધ, સ્થિતિસ્થાપક અને આત્મનિર્ભર ગ્રામીણ ભારતનો પાયો મજબૂત થાય છે.

આ જે કાયદો છે એમાં ખાસ સુધારા દ્વારા લોકોને સક્ષમ બનાવવામાં આવે છે તેમને રોજગારી વધુ સારી રીતે મળી રહે તેની ગેરંટી આપવામાં આવે છે. કુલ ૧૦૦ દિવસના બદલે સુધારો કરીને ૧૨૫ દિવસની કુટુંબને રોજગારી મળે તેની કાનૂની ગેરંટી આ અધિનિયમમાં આપવામાં આવી છે, આ કાયદો સાપ્તાહિક ધોરણે અથવા કોઈપણ સંજોગોમાં કામ પૂર્ણ થયાના પંદર દિવસની અંદર વેતનની ચૂકવણી કરવાનું ફરજિયાત બનાવે છે. નિયત સમયગાળા પછીના વિલંબના કિસ્સામાં, વિલંબનું વળતર નિર્ધારિત જોગવાઈઓ અનુસાર ચૂકવવાપાત્ર રહેશે જે વેતન સુરક્ષાને મજબૂત કરે છે અને કામદારોને વિલંબથી બચાવે છે. બેરોજગારી ભથ્થું પણ વધુ સચોટતાથી મળે તે માટે પણ કાયદામાં આ રીતે એક પ્રાવધાન કરવામાં આવ્યું છે.

પદ્ધતિસર માળખા વિશે જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, આ કાયદો પરિવારોને દરેક નાણાકીય વર્ષમાં ગ્રામીણ પરિવાર દીઠ ૧૨૫ દિવસથી




ઓછી નહીં તેવી વેતન રોજગારની વૈધાનિક ગેરંટી પૂરી પાડે છે. જેના પુખ્ત સભ્યો બિનકુશળ શારીરિક કામ કરવા માટે સ્વૈચ્છિક તૈયારી દર્શાવે છે. અગાઉની ૧૦૦ દિવસની પાત્રતામાં કરવામાં આવેલો આ વધારો આજીવિકા સુરક્ષા, કામની આગાહી અને ગ્રામીણ પરિવારો માટે આવકની સ્થિરતાને નોંધપાત્ર રીતે મજબૂત બનાવે છે. સાથે સાથે તેમને રાષ્ટ્રીય વિકાસમાં વધુ અસરકારક અને અર્થપૂર્ણ રીતે યોગદાન આપવા સક્ષમ બનાવે છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરથી વ્યક્તિના ખાતામાં સીધા પૈસા જમા થશે અને પંચાયતી રાજ સંસ્થાઓને સક્ષમ બનાવી અને તેઓ પોતે પોતાના કામો નક્કી કરી શકે તેવો પણ તેમને અધિકાર આપવામાં આવ્યો છે. આમ, આ કાયદો દેશના ગ્રામીણ પરિવારોની રોજગારી માટે એક ઐતિહાસિક પગલું છે કે, જેમાં જળ સુરક્ષા, ગ્રામીણ માળખાની સુવિધા, આજીવિકા વૃદ્ધિના કામો, અને આબોહવા પરિવર્તનના સુધારાત્મક કામો.... આ પ્રકારે કામોની અગ્રતા નક્કી કરી અને ગ્રામસભાઓ કામો નક્કી કરી શકે છે.

વીબી-જી રામજી કાયદો ૨૦૨૫ થકી ગામના સ્કિલ્ડ અને અનસ્કિલ્ડ લોકો માટે રોજગારીની વૃદ્ધિ સારી તકોનું નિર્માણ થાય તે માટે પ્રયત્નશીલ છે. આ સાથે જ ભ્રષ્ટાચાર રોકવા માટે દરેક કામનું સોશિયલ ઓડિટ, જીપીએસ (GPS) ટ્રેકિંગ અને બાયોમેટ્રિક હાજરી, સેટેલાઈટ ઈમેજિંગ, મોબાઈલ એપ્લિકેશન જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આમ વિવિધ પદ્ધતિઓના માધ્યમથી કામોનું ઓડિટ થાય તે માટે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લાકક્ષાએ પણ તમામ અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે એમ એમણે ઉમેર્યું હતું.

વિવિધ જોગવાઈઓનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, વાવણી અને લણણીની મુખ્ય સીઝન દરમિયાન કૃષિ શ્રમિકોની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે આ કાયદો રાજ્યોને નાણાકીય વર્ષમાં કુલ સાહીઠ દિવસ સુધીના એકીકૃત વિરામ સમયગાળા (pause period)ને સૂચિત કરવાની સત્તા આપે છે. સંપૂર્ણ 125 દિવસની રોજગાર ગેરંટી અકબંધ રહેશે, જે બાકીના સમયગાળા દરમિયાન પૂરી પાડવામાં આવશે, જે કૃષિ ઉત્પાદકતા અને કામદારોની સુરક્ષા બંનેને ટેકો આપતું સંતુલન સુનિશ્ચિત કરે છે. આ કાયદા દ્વારા ગામના તમામ લોકોને પોતાની રોજગારી મેળવવાનો હક છે, તેમને રોજગારી મળે અને સાથે-સાથે તેમને જે ચૂકવણું છે એ પણ સમયસર થાય અને કોઈ સંજોગોમાં કામ ન મળી શકે અથવા ગ્રામ પંચાયત ન આપી શકે તો તેને એ રીતે બેરોજગારી ભથ્થાનું પણ પ્રાવધાન કરવામાં આવ્યું છે.

આમ જણાવી નિયામકશ્રીએ ગ્રામીણ સ્તરે વધુ ને વધુ રોજગારીનું સર્જન થાય અને લોકોને જાણકારી થકી રોજગારી મળે એ હેતુસર આ કાયદાનો પ્રચાર-પ્રસાર કરવા અપીલ કરી હતી.

# વર્લ્ડકપમાં ટીમ ઈન્ડિયાનો વર્લ્ડ રેકોર્ડ! દુનિયાની કોઈ ટીમ ન કરી શકી એ પરાક્રમ ભારતે કરી બતાવ્યું

નવી દિલ્હી, તા.13

વર્લ્ડ કપ 2026ની તેની બીજી ગ્રુપ મેચમાં ભારતીય ટીમએ તોફાની બેટિંગ કરીને ઈતિહાસ રચી દીધો છે. નામિબિયા સામે રમાયેલી આ મેચમાં નામિબિયાએ ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. સંજુ સેમસનની પહેલી વિકેટ વહેલી પડી ગઈ હતી, પરંતુ ત્યારબાદ ઈશાન કિશને નામિબિયાના બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. ભારતીય ટીમે માત્ર 6 ઓવરમાં 86 રન ફટકારી દીધા હતા. જે ભારતીય ટીમનો T20માં સૌથી મોટો પાવરપ્લે સ્કોર બન્યો છે. ભારતીય ટીમે પાવરપ્લે બાદ આગલી જ ઓવરમાં 100 રનનો આંકડો પાર કરી લીધો હતો. ભારતે માત્ર 6.5 ઓવરમાં 100 રન પુરા કર્યા હતા. આ સાથે જ ભારતીય




ટીમએ T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી ઝડપી ટીમ સદીનો નવો કીર્તિમાન સ્થાપ્યો છે. અગાઉ આ રેકોર્ડ નેધરલેન્ડના નામે હતો. જેણે 2014માં આયર્લેન્ડ સામે 7 ઓવરમાં 100 રન બનાવ્યા હતા. પરંતુ ભારતીય ટીમએ નામિબિયા સામે માત્ર 41 બોલમાં જ સદી ફટકારી રેકોર્ડ બનાવ્યો હતો. પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે નિર્ધારિત 20 ઓવરમાં 209 રનનો વિશાળ સ્કોર ખડો કરી દીધો હતો. ભારતીય ટીમ તરફથી ઈશાન કિશને માત્ર 24 બોલમાં 6 ચોગ્ગા અને 5 છગ્ગાની મદદથી 61 રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી. આ ઉપરાંત હાર્દિક પંડ્યાએ પણ શાનદાર રમત બતાવતા અડધી સદી ફટકારી હતી. 210 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી નામિબિયાની ટીમ 18.2 ઓવરમાં માત્ર 116 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આ સાથે ભારતે 93 રનથી મોટી જીત પ્રાપ્ત કરી હતી. T20 વર્લ્ડ કપમાં રનની દ્રષ્ટિએ ભારતની આ સૌથી મોટી જીત છે. ખેલાડીઓનું પ્રદર્શન, વરુણ ચક્રવર્તી: 2 ઓવરમાં 7 રન આપીને 3 વિકેટ ઝડપી. હાર્દિક પંડ્યા અને અક્ષર પટેલ: 2-2 વિકેટ ઝડપી.

# પાકિસ્તાની બોલિંગ લાઈનને વેરવિખેર કરી નાખવાનો ઈશાન કિશને જણાવ્યો 'ગંભીર' પ્લાન

નવી દિલ્હી, તા.13

ICC T20 વર્લ્ડ કપ 2026માં ભારતની ટોચના ક્રમની બેટિંગે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે ટીમની રણનીતિ પાવરપ્લેમાં આક્રમક શરૂઆત કરવાની છે. ગુરુવારે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ઈશાન કિશને આ વિચારધારાને સાબિત પણ કરી દેખાડી હતી. તેણે માત્ર 24 બોલમાં 61 રનની વિસ્ફોટક ઈનિંગ રમી નામિબિયા સામે ભારતની 93 રનની રેકોર્ડબ્રેક જીતનો પાયો નાખ્યો હતો.

ઈશાન કિશને પોતાની ઈનિંગમાં 6 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા હતા. તેની આક્રમક બેટિંગના કારણે ભારતે પ્રથમ 6 ઓવરમાં 86 રન બનાવી લીધા હતા. જે આ ટુર્નામેન્ટમાં પાવરપ્લે દરમિયાન ટીમનો સર્વશ્રેષ્ઠ સ્કોર છે. ખાસ કરીને પાવરપ્લેની છેલ્લી ઓવરમાં ઈશાને સતત ચાર છગ્ગા અને એક ચોગ્ગો ફટકારીને 28 રન



બનાવ્યા હતા. ભારતે માત્ર 6.5 ઓવરમાં 100 રન પૂરા કર્યા, જે આ સ્પર્ધામાં સૌથી ઝડપી ટીમ સદીનો નવો રેકોર્ડ છે.

મેચ બાદ ઈશાન કિશને કહ્યું કે, 'ટીમનો પ્રયાસ પાવરપ્લેનો મહત્તમ લાભ લેવાનો હોય છે. દરેક મેચમાં પરિસ્થિતિ અલગ હોય છે, તેથી વિકેટ, બોલર અને સંજોગોને વહેલી તકે સમજવા જરૂરી છે.' તેણે વધુમાં ઉમેર્યું કે, જરૂર પડે ત્યારે તે સિંગલ રન લઈને બીજા બેટ્સમેનને સ્ટ્રાઈક આપવામાં પણ ખચકાશે નહીં, કારણ કે ટીમની જરૂરિયાત સૌથી ઉપર છે. ઈશાનના મતે, ટોચના ત્રણ બેટ્સમેનોમાંથી કોઈ એકે લાંબી ઈનિંગ રમવી જોઈએ. જેથી મોટા સ્કોરનો પાયો મજબૂત રહે. જો કે તેણે સ્વીકાર્યું કે હવે તે પહેલા કરતા વધુ પરિપક્વ થઈ ગયો છે. મુખ્ય કોચ ગૌતમ ગંભીરના માર્ગદર્શન હેઠળ તેણે પોતાની રમતમાં સતત સુધારો કર્યો છે.

વર્ષ 2026 ઈશાન કિશન માટે ખાસ સાબિત થઈ રહ્યું છે. ટીમમાં વાપસી કર્યા પછી 6 ઈનિંગ્સમાં તેણે 296 રન બનાવ્યા છે. તેની એવરેજ 49.33 અને સ્ટ્રાઈક રેટ 222.55 રહ્યો છે, જે તેને હાલમાં ભારતનો સૌથી પ્રભાવશાળી બેટ્સમેન બનાવે છે. નોંધનીય છે કે, 2023ના વનડે વર્લ્ડ કપ પછી તે ટીમની બહાર થઈ ગયો હતો અને તેનો સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ પણ રદ થયો હતો. પરંતુ ઘરેલું ક્રિકેટમાં સતત સારા પ્રદર્શન અને સખત મહેનતના દમ પર તેણે ફરીથી રાષ્ટ્રીય ટીમમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે.

# વિરાટ' ના ફેન્સ પર કેપ્ટન સૂર્યા કેમ ગુસ્સે થયો? હાર્દિકને મેદાનમાં ગળે ભેટી પડ્યો હતો

નવી દિલ્હી, તા.13

શુક્રવારે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ભારત અને નામિબિયા વચ્ચે રમાયેલી મેચમાં એક અજીબોગરીબ કિસ્સો બન્યો હતો. મેચ જ્યારે તેની ચરમસીમા પર હતી ત્યારે અચાનક વિરાટ કોહલીના નામની ટી-શર્ટ પહેરેલો એક ચાહક સુરક્ષા જવાનોને થાપ આપીને મેદાનની અંદર દોડી આવ્યો હતો.

આ ચાહક મેદાનમાં ઘૂસીને સીધો જ હાર્દિક પંડ્યા પાસે પહોંચી ગયો હતો. સુરક્ષા જવાનો તેને પકડે તે પહેલા જ તે હાર્દિકને ભેટી પડ્યો હતો. હાર્દિક પંડ્યાએ પણ ખૂબ જ શાંતિથી અને પ્રેમથી આ ફેનને ગળે લગાવી લીધો હતો. જ્યારે સિક્યોરિટી ગાર્ડ્સ તેને ખેંચીને બહાર લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે હાર્દિકે દરમિયાનગીરી કરી હતી અને સુરક્ષા જવાનોને વિનંતી કરી હતી કે તેની સાથે કડક વલણ ન




અપનાવવામાં આવે.

એક તરફ હાર્દિક ચાહક પ્રત્યે નરમાશ બતાવી રહ્યો હતો, તો બીજી તરફ કેપ્ટન સૂર્યકુમાર યાદવ આ ઘટનાથી અત્યંત ગુસ્સામાં જોવા મળ્યો હતો. સૂર્યા લાલચોળ થઈ ગયો હતો કારણ કે તેને ડર હતો કે અજાણ્યો વ્યક્તિ મેદાનની પિચ પર દોડી જશે તો પિચને નુકસાન થઈ શકે છે. જે મેચના પરિણામ પર અસર કરી શકે. ખેલાડીઓની સુરક્ષા અને પિચની જાળવણીને લઈને સૂર્યાએ મેદાન પર જ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

ભારતે આ મેચમાં નામિબિયાને 93 રનથી કારમો પરાજય આપીને ટૂર્નામેન્ટમાં પોતાની સતત બીજી જીત નોંધાવી છે. શાનદાર ફોર્મમાં ચાલી રહેલી ભારતીય ટીમ હવે આગામી 15 ફેબ્રુઆરીએ શ્રીલંકાના કોલંબોમાં પાકિસ્તાન સામે મહામુકાબલો રમવા માટે મેદાનમાં ઉતરશે.

# પાકિસ્તાની ટીમની ઓસ્ટ્રેલિયામાં ફજેતી! હોટલનું બિલ ન ભરવાના કારણે રસ્તા પર ભટકતા રહ્યા ખેલાડીઓ...

ઈસ્લામાબાદ, તા.13

ઓસ્ટ્રેલિયાના કેનબેરામાં પાકિસ્તાની હોકી ટીમને ભારે શરમજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. હોટલનું બાકી બિલ ન ચૂકવાતા મેનેજમેન્ટે ટીમનું બુકિંગ રદ કરી દીધું હતું. જેના કારણે ખેલાડીઓ કલાકો સુધી રસ્તા પર ભટકતા રહ્યા હતા. આ ઘટના 'FIH પ્રો લીગ'ના બીજા તબક્કા દરમિયાન બની હતી, જ્યાં ટીમ હોબાર્ટમાં મેચ રમવા પહોંચી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ટીમ અને અધિકારીઓનું બુકિંગ એક ફોર-સ્ટાર હોટલમાં કરવામાં આવ્યું હતું. તેમને ખાતરી આપવામાં આવી હતી કે, 'પાકિસ્તાન હોકી ફેડરેશન' અને 'પાકિસ્તાન સ્પોર્ટ્સ બોર્ડ'




દ્વારા એડવાન્સ પેમેન્ટ કરી દેવામાં આવ્યું છે. પરંતુ જ્યારે ખેલાડીઓ કેનબેરા પહોંચ્યા, ત્યારે હોટલ મેનેજમેન્ટે સ્પષ્ટ કહી દીધું કે - 'કોઈ બુકિંગ નથી અને કોઈ પેમેન્ટ મળ્યું નથી.'

હેડ કોચ તાહિર ઝમાને પાકિસ્તાનમાં ઉચ્ચ અધિકારીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સમયના તફાવત અને ફંડની અછતને કારણે કલાકો સુધી કોઈ ઉકેલ આવ્યો નહોતો. લાંબી મુસાફરી બાદ ખેલાડીઓ પાસે ન તો આરામ કરવાની જગ્યા હતી કે ન તો ખાવા-પીવાની વ્યવસ્થા. અંતે, ભારે જહેમત બાદ હોટલે મર્યાદિત રૂમ આપ્યા હતા. જેમાં એક જ રૂમમાં બે-ત્રણ ખેલાડીઓ રોકાવા માટે મજબુર બન્યા હતા. આ માનસિક તણાવ વચ્ચે બીજા જ દિવસે ટીમે મેદાનમાં ઉતરવું પડ્યું અને ઓસ્ટ્રેલિયા સામે 2-3 થી હારનો સામનો કરવો પડ્યો.

પાકિસ્તાની હોકી ટીમ અત્યારે ખરાબ સમયમાંથી પસાર થઈ રહી છે. પ્રો લીગમાં ટીમ અત્યાર સુધીની તમામ છ મેચ હારી ચૂકી છે. પરંતુ કેનબેરાની આ ઘટના રમત કરતા વધુ પાકિસ્તાની રમત જગતની સિસ્ટમની નિષ્ફળતા દર્શાવે છે. આ અગાઉ આર્જેન્ટિનામાં પણ ખેલાડીઓને સમયસર ભથ્થું મળ્યું નહોતું.

આશ્ચર્યની વાત એ છે કે, ટીમ આ પ્રવાસ પર કોઈ કાયમી મેનેજર વગર ગઈ છે. પૂર્વ ઓલિમ્પિયન અંજુમ સઈદને ફ્લાઈટમાં ધૂમ્રપાન અને એરપોર્ટ સુરક્ષા સાથેની દલીલોના વિવાદ બાદ હટાવી દેવામાં આવ્યા હતા. હાલમાં ટીમ વહીવટી રીતે રામભરોસે હોય તેવું લાગી રહ્યું છે.

એક સમયે ઓલિમ્પિક અને વર્લ્ડ હોકી પર રાજ કરનાર પાકિસ્તાનની હાલત આજે એવી છે કે, ખેલાડીઓને રહેવા માટેના પણ ફાંફાં છે. કેનબેરામાં સ્થાનિક પાકિસ્તાની સમુદાયના લોકોએ આગળ આવીને ખેલાડીઓની મદદ કરવી પડી હતી. સવાલ માત્ર હાર-જીતનો નથી, પરંતુ એવી વ્યવસ્થાનો છે જેણે રાષ્ટ્રીય રમતના ખેલાડીઓને રસ્તા પર ભટકવા મજબૂર કર્યા છે.

હોલિવૂડમાં મજબૂત સ્થાન ઉભું કર્યા બાદ હવે તે લગભગ એક દાયકાના લાંબી વિરામ બાદ એસ. એસ. રાજામૌલીની ફિલ્મ 'વારાણસી' દ્વારા ભારતીય સિનેમામાં પુનરાગમન કરી રહી છે



# એક દાયકા બાદ 'વારાણસી'ના માધ્યમથી પ્રિયંકા ચોપરા ભારતમાં પુનરાગમન કરશે

મુંબઈ, તા.13

પ્રિયંકા ચોપરા આજના સમયમાં વિશ્વભરમાં પોતાની આગવી ઓળખ ધરાવતી ગણતરીની ભારતીય અભિનેત્રીઓ પૈકીની એક છે. હોલિવૂડમાં મજબૂત સ્થાન ઉભું કર્યા બાદ હવે તે લગભગ એક દાયકાના લાંબી વિરામ બાદ એસ.એસ. રાજામૌલીની ફિલ્મ 'વારાણસી' દ્વારા ભારતીય સિનેમામાં પુનરાગમન કરી રહી છે. જોકે, આ સફળતાની મજલ સરળ નહોતી.

બોલિવૂડમાં ટોચના શિખરે હોવા છતાં પ્રિયંકાએ ભારતીય સિનેમા છોડવાનો સાહસિક નિર્ણય લીધો હતો. તે સમયગાળામાં તે ભારતની સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓ પૈકીની એક હતી અને 'મેરિ કોમ', 'બાજીરાવ મસ્તાની' અને 'દિલ ધડકને દો' જેવી સફળ ફિલ્મો આપી ચૂકી હતી.

વેરાયટી મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યુમાં પ્રિયંકાએ જણાવ્યું હતું કે "તમારી 30ની ઉંમરે કરિયર ફરીથી શરૂ કરવું ખરેખર ડરાવનારું છે. હું સુરક્ષિત હતી, આર્થિક રીતે મજબૂત હતી, અને સ્થાપિત હતી. છતાં મેં બધું જ બદલવાનો નિર્ણય લીધો." 2015 આસપાસ તે અમેરિકા સ્થાયી થઈ અને શરૂઆતમાં ગાયિકા તરીકે પશ્ચિમમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ તેણે અભિનય ક્ષેત્રમાં પગલું ભર્યું.

પ્રિયંકાએ સ્વીકાર્યું હતું કે પશ્ચિમમાં શરૂઆતમાં તેને પૂર્વગ્રહો અને માન્યતાઓનો સામનો કરવો પડ્યો.

"લોકો કહેતા, 'ઓહ, તમે તો અંગ્રેજી સારું બોલો છો.' મીટિંગમાં જવાના પહેલાં જ મારા વિશે એક પૂર્વધારણા બનાવી લેવાતી," તે યાદ કરે છે.

પરંતુ પ્રિયંકાએ 'નવાઈભર્યા' કે મર્યાદિત પાત્રોમાં અટવાઈ રહેવું સ્વીકાર્યું નહીં. તેના બદલે તે 'બોર્ડરલેસ એન્ટરટેઈનમેન્ટ'નો ભાગ બનવા માગતી હતી, જ્યાં અલગ-અલગ દેશોના કલાકારો સાથે કામ કરવાની તક મળે.

પ્રિયંકાએ પશ્ચિમમાં અભિનયની શરૂઆત ટેલીવિઝન શો 'ક્વોન્ટિકો'માં મુખ્ય ભૂમિકા સાથે કરી. ત્યારબાદ તેણે 'બેવોચ' અને 'ધ મેટ્રિક્સ 4' જેવી મોટી ફિલ્મોમાં સહાયક ભૂમિકાઓ ભજવી.

પછી તે 'સિટાડેલ', 'હેડ્સ ઑફ સ્ટેટ' અને આવનારી પાઈરેટ એડવેન્ચર ફિલ્મ 'ધ બ્લફ' (કાર્લ અર્બન સાથે) જેવી પ્રોજેક્ટ્સમાં મુખ્ય ભૂમિકાઓમાં દેખાઈ છે.

'વારાણસી' પ્રિયંકાની લગભગ દસ વર્ષ બાદ ભારતીય ફિલ્મોમાં પુનરાગમનનો સંકેત કરે છે. તેની છેલ્લી હિન્દી ફિલ્મ 'ધ સ્કાય ઈઝ પિંક' કોરોના મહામારી પહેલાં રિલીઝ થઈ હતી.

પેન-ઈન્ડિયા ફિલ્મ 'વારાણસી'માં પ્રિયંકા સાથે મહેશ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન પણ મુખ્ય ભૂમિકામાં છે. ભારતીય ઈતિહાસ પર આધારિત સમય-યાત્રા (ટાઈમ-ટ્રાવેલ) એડવેન્ચર તરીકે વર્ણવાયેલી આ ફિલ્મ એપ્રિલ 2027માં સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. પ્રિયંકાનું પુનરાગમન માત્ર એક ફિલ્મ નહીં, પરંતુ તેની સાહસિક સફરની નવી કડી માનવામાં આવી રહી છે.

# રત્ના પાઠકે આજના એક્ટર-એક્ટ્રેસના લાવ-લશ્કર અને મોટા કાફલાની ઝાટકણી કાઢી...

મુંબઈ, તા.13

બોલીવૂડની પીઢ અને અનુભવી અભિનેત્રી રત્ના પાઠક શાહે મોટા લાવ-લશ્કર અને કાફલા સાથે આજના એક્ટર-એક્ટ્રેસ દ્વારા કરાતી મુસાફરી અને તેની સાથે જોડાયેલી વ્યવસ્થાની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારની પદ્ધતિએ અભિનેતાઓને બાળક જેવી સ્થિતિમાં મૂકી દીધા છે અને આથી તેઓ સંબંધિત પરિપ્રેક્ષ્ય અને પોતાની જાતે અંગે નિર્ણય લેવા સક્ષમ રહેતા નથી. રત્નાએ કહ્યું કે સુરક્ષા અને સમયની વ્યવસ્થા માટે થોડી સહાય જરૂરી હોઈ શકે છે, પરંતુ અતિશય લાવ-લશ્કર અને મોટો કાફલો જરૂરી નથી અને તે સિનેમેટિક કૌશલ્ય માટે કોઈ લાભદાયી પણ નથી. પ્રોડયૂસર લોકો તેની સામે વિરોધ કેમ નથી કરતા એમ પણ રત્નાએ આક્રોશભર્યા સ્વરોમાં કહ્યું હતું. વાસ્તવમાં પ્રોડ્યુસરો પણ પણ ફિલ્મ દ્વારા



કરોડો રૂપિયા કમાવાની આશામાં હોય છે (જેમ કે 1,000 કરોડ), પરંતુ રત્ના માને છે કે આ "બબલ" અંતે ફૂટશે.

# કોઈ સમુદાયને આમ ઉતારી ન પાડી શકો: ઘૂસખોર પંડતના સર્જકો ને સુપ્રીમે ઝાટક્યા



મુંબઈ, તા.13

'ઘૂસખોર પંડત' ટાઈટલ બદલ સુપ્રીમ કોર્ટે પણ સર્જક નીરજ પાંડેની આકરી ઝાટકણી કાઢી છે. તમને કોઈ સમાજને આ રીતે ઉતારી પાડવાનો હક્ક નથી. આવું તે કેવું ટાઈટલ છે એમ કહી સુપ્રીમ કોર્ટે આકરી ભાષામાં ઠપકો આપ્યો હતો.

ફિલ્મનાં ટાઈટલ સામે સમગ્ર દેશના બ્રાહ્મણ સમાજમાં વિરોધ વંટોળ ફૂંકાયો છે અને કેટલાંય સ્થળે એફઆઈઆર તથા કોર્ટ કેસ પણ થયા છે. સુપ્રીમ કોર્ટમાં પણ એક પીઆઈએલ થઈ છે. તેની સુનાવણી દરમિયાન ફિલ્મ સર્જક વતી ઉપસ્થિત થયેલા વકીલે સુપ્રીમનું ધ્યાન દોર્યું હતું કે અમે ફિલ્મનું ટાઈટલ બદલવાના છીએ તેવી ખાતરી દિલ્હી હાઈકોર્ટને ઓલરેડી આપી દીધી છે. આ તબક્કે સુપ્રીમ કોર્ટે વધારે નારાજગી વ્યક્ત કરતાં કહ્યુ હતું કે એમ, નહિ તમારે અમારી સમક્ષ એફિડેવિટ કરીને નવું ટાઈટલ જણાવવું પડશે. જ્યાં સુધી તમે નવું ટાઈટલ નહિ દર્શાવો ત્યાં સુધી અમે આ ફિલ્મને રીલિઝ કરવાની મંજૂરી આપવાના નથી. સુપ્રીમે કહ્યું હતું કે સામાજિક ભેદભાવના વિરોધ અને જાગૃતિના નામે બનતી આવી ફિલ્મોથી વાસ્તવમાં વધુ સામાજિક અજંપો ફેલાય છે. જસ્ટીસ બી વી નાગરત્ના અને જસ્ટીસ બી વી ભૂયાનની બેન્ચે આ અરજી સંદર્ભમાં સીબીએફસી તથા નીરજ પાંડેને નોટિસ પણ ફટકારી હતી.

# સરકારે બેઝ યર બદલતાં જ મોંઘવારીમાં ઊછાળો જોવા મળ્યો: રિટેલ ઈન્ફ્લેશન વધીને 2.75 ટકાએ પહોંચી, આ 8 મહિનામાં સૌથી વધુ છે



**નવી દિલ્હી, તા.13**

જાન્યુઆરીમાં રિટેલ મોંઘવારી ગયા મહિનાની સરખામણીમાં વધીને 2.75% પર પહોંચી ગઈ છે. ડિસેમ્બરમાં તે 1.33% પર હતી. 8 મહિનામાં સૌથી વધુ છે. મે 2025માં મોંઘવારી 2.82% પર પહોંચી ગઈ હતી. સરકારે ગુરુવાર, 12 ફેબ્રુઆરીએ મોંઘવારીના આંકડા જાહેર કર્યા છે.

સરકારે મોંઘવારી માપવા માટે બેઝ યરને 2012 થી બદલીને 2024 કરી દીધું છે. આ ફેરફાર એક દાયકાથી વધુ સમય પછી કરવામાં આવ્યો છે. બ્લૂમબર્ગના સરવેમાં 32 અર્થશાસ્ત્રીઓએ અનુમાન લગાવ્યું હતું કે તેનાથી જાન્યુઆરીની મોંઘવારી દર 2.77% ની આસપાસ રહી શકે છે.

જૂના ઈન્ડેક્સમાં ખાદ્યપદાર્થોનું વેઈટેજ લગભગ 50% હતું, જેને હવે ઘટાડીને 36.8% કરવામાં આવ્યું છે. આંકડા મંત્રાલયના સચિવ સૌરભ ગર્ગના મતે, ભારતીયોની આવક વધવા સાથે હવે તેઓ ભોજન પર ઓછો અને હાઉસિંગ તથા અન્ય સેવાઓ પર વધુ ખર્ચ કરી રહ્યા છે.

શું દૂર કરાયું: હવે જૂના થઈ ગયેલા રેડિયો, વીસીઆર (VCR) અને તાંગા-ગાડીના ભાડાને ઈન્ડેક્સમાંથી બહાર કરી દેવામાં આવ્યું છે.

શું ઉમેરાયું: તેની જગ્યાએ હવે હવાઈ ભાડું, ઓનલાઈન સબ્સ્ક્રિપ્શન, ઈ-કોમર્સ શોપિંગ, ગ્રામીણ હાઉસિંગ રેન્ટ અને વીજળીની કિંમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બેઝ યર એ વર્ષ હોય છે જેની કિંમતોને આધાર (બેઝ) માનવામાં આવે છે. એટલે કે, તે જ વર્ષની વસ્તુઓની સરેરાશ કિંમતને 100નું મૂલ્ય આપવામાં આવે છે. પછી, બીજા વર્ષોની કિંમતોની સરખામણી આ જ બેઝ યર સાથે કરવામાં આવે છે. આનાથી ખબર પડે છે કે મોંઘવારી કેટલી વધી કે ઘટી છે.

ઉદાહરણ: ધારો કે 2020 બેઝ યર છે. તે વર્ષે એક કિલો ટામેટાં 50 ના હતા. હવે 2025માં તે 80ના થઈ ગયા. તો મોંઘવારી = (80 - 50) / 50 + 100 = 60% વધી. આ જ ફોર્મ્યુલા CPIમાં વપરાય છે, પરંતુ તે આખા બજારની વસ્તુઓ પર લાગુ પડે છે.

સરકાર સામાન્ય રીતે દર 5-10 વર્ષે નવું બેઝ યર પસંદ કરે છે. આ એવું વર્ષ હોય છે જે સામાન્ય હોય, ન તો વધુ દુષ્કાળ હોય, ન તો મહામારી, ન તો વધુ મોંઘવારી.

ઓક્ટોબરમાં રિટેલ મોંઘવારી 0.25%ના રેકોર્ડ નીચલા સ્તરે આવી ગઈ હતી. તેનું કારણ ખાવા-પીવાની વસ્તુઓની કિંમતોમાં ઘટાડો હતો. આ વર્તમાન CPI સિરીઝમાં અત્યાર સુધીની સૌથી ઓછી મોંઘવારી હતી. એટલે કે, આ લગભગ 14 વર્ષનું નીચલું સ્તર રહ્યું હતું. આ પહેલા સપ્ટેમ્બરમાં તે 1.44% પર હતી.

મોંઘવારી વધવી અને ઘટવી પ્રોડક્ટની માગ અને પુરવઠા પર આધાર રાખે છે. જો લોકો પાસે પૈસા વધુ હશે તો તેઓ વધુ વસ્તુઓ ખરીદશે. વધુ વસ્તુઓ ખરીદવાથી વસ્તુઓની માગ વધશે અને માગ મુજબ પુરવઠો ન હોવાને કારણે આ વસ્તુઓની કિંમત વધશે. જ્યારે જો માંગ ઓછી હશે અને પુરવઠો વધુ હશે તો મોંઘવારી ઓછી થશે.

# અચાનક કડાકા બાદ ફરી તેજી, સોનામાં ₹1500 તો ચાંદીમાં ₹5500થી વધુનો ઉછાળો આવ્યો

**મુંબઈ, તા.13**

ભારતીય કોમોડિટી માર્કેટમાં આજે સોના અને ચાંદીના ભાવમાં ફરી એકવાર તેજીનો માહોલ જોવા મળ્યો છે. અગાઉના સત્રમાં આવેલા કડાકા બાદ આજે બજાર ખુલતાની સાથે જ બંને કિંમતી ધાતુઓના ભાવમાં ઉછાળો નોંધાયો છે. જોકે ગઈકાલના ટ્રેડિંગ સેશનની વાત કરીએ તો સોના અને ચાંદીની કિંમતોમાં વાયદા બજારમાં મોડી રાતે જોરદાર કડાકાની સ્થિતિ સર્જાઈ હતી. જોકે હવે ફરી એકવાર બજારમાં હરિયાળી જોવા મળી રહી છે. સોનામાં આજે ફરી તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે MCX પર સોનું 153750 પર ખુલ્યું હતું. જે તેના જૂના ક્લોઝિંગ 152836 કરતાં 940 રૂપિયા વધારે છે. જોકે ટ્રેડિંગની શરૂઆત થતાં જ સોનું 154837ના આજના હાઈ લેવલ પર પહોંચી ગયું હતું. જેના પરથી અંદાજ આવે છે કે સોનામાં 2001 રૂપિયાનો ઉછાળો આવ્યો હતો. જોકે સમાચાર લખવા સુધીમાં સોનું 1565 રૂપિયા એટલે કે 1 ટકાના વધારા સાથે ટ્રેડ થઈ રહ્યું છે.



સોનાની વાત કરીએ તો ગઈકાલે સોનું 158000ની આસપાસ ટ્રેડ થઈ રહ્યું હતું. જોકે અચાનક જ આવેલા કડાકાને કારણે સોનું સીધું ગગડીને 149938ના લેવલને ટચ કરી ગયું હતું. જેના લીધે રોકાણકારોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે આજે ફરી સોનું 154837 ના હાઈ લેવલે પહોંચતા રોકાણકારોએ હાશકારો લીધો હતો. જોકે ચાંદીની વાત કરીએ તો ગઈકાલે ચાંદીમાં અચાનક જ મોટો કડાકો આવ્યો હતો. ચાંદી ગઈકાલે 260000 થી 258000 વચ્ચે ટ્રેડ થઈ રહી હતી પરંતુ અચાનક જ 45 મિનિટમાં બાજી પલટાઈ અને ચાંદી ગગડીને સીધી 234722ના લેવલ પર પહોંચી ગઈ હતી જે આશરે 25000થી વધુનો કડાકો દર્શાવે છે. જોકે ચાંદી તેના જૂના ક્લોઝિંગ 236435 થી સીધી 239600 પર ખુલી હતી.

# સેન્સેક્સ 1,048 પોઈન્ટ ઘટીને 82,627 પર બંધ થયો: નિફ્ટીમાં પણ 336 પોઈન્ટનો ઘટાડો રહ્યો, મેટલ, IT અને એનર્જી શેરોમાં વેચવાલી રહી

**મુંબઈ, તા.13**

શેરબજારમાં આજે એટલે કે 13 ફેબ્રુઆરીએ ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 1048 પોઈન્ટ ઘટીને 82,627 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 336 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 25,471 પર બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 28માં ઘટાડો જોવા મળ્યો. જ્યારે નિફ્ટી-50ના 45 શેરોમાં વેચવાલી રહી. આજે મેટલ, IT અને એનર્જી શેરોમાં વધુ ઘટાડો જોવા મળ્યો. અમેરિકામાં AI સંબંધિત ચિંતાઓ વધી ગઈ છે. લોકો ડરી રહ્યા છે કે નવા AI ટૂલ્સ પરંપરાગત IT સેવાઓના વ્યવસાયને અસર કરી શકે છે. આ કારણે અમેરિકામાં AI સ્ટોક્સમાં વેચવાલી જોવા મળી.




અમેરિકી બજારમાં ઘટાડાની અસર ભારતના IT સેક્ટર પર પણ છે, કારણ કે આ કંપનીઓ US ક્લાયન્ટ્સ પાસેથી સૌથી વધુ કમાણી કરે છે. IT શેરો ઘટવાથી આખું બજાર દબાણમાં છે.

ડાઉ જોન્સ 669 પોઈન્ટ (1.34%) ના ઘટાડા સાથે 49,451 પર બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 2.03% ઘટીને 22,597 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 108 પોઈન્ટ (1.57%) ઘટીને 6,832 પર પહોંચ્યો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 0.28% ઘટીને 5,507 પર બંધ થયો. જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 1.21% ઘટીને 56,941 પર બંધ થયો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 1.72% ઘટીને 26,567 પર બંધ થયો. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 1.26% નીચે 4,082 પર બંધ થયો. વિદેશી રોકાણકારો (FII) એ 12 ફેબ્રુઆરીના રોજ 108 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (DII) એ 277 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. આ મહિને એટલે કે ફેબ્રુઆરીમાં અત્યાર સુધી FIIs એ 6,022 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે. આ સમયગાળા દરમિયાન DIIs એ પણ 4,222 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

જાન્યુઆરી 2026માં FIIs એ કુલ 41,435 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન DIIs એ 69,220 કરોડના શેર ખરીદ્યા હતા. શેરબજારમાં ગઈકાલે એટલે કે 12 ફેબ્રુઆરીએ પણ ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 558 અંક ઘટીને 83,675 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 147 અંકનો ઘટાડો રહ્યો, તે 25,807 પર બંધ થયો. આઈટી, મીડિયા અને રિયલ્ટી શેરોમાં વધુ વેચવાલી જોવા મળી. નિફ્ટી IT ઈન્ડેક્સ 5.51% ઘટીને બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 17માં ઘટાડો રહ્યો.

# 1 લાખના રોકાણ પર ₹12,000 સુધીની વાર્ષિક કમાણી: ICL ફિનકોર્પનો NCD ઈશ્યૂ 1.74 ગણો ભરાયો

## ₹10 હજારથી ઈન્વેસ્ટમેન્ટની શરૂઆત કરી શકાય

**મુંબઈ, તા.13**

જો તમે સારા વળતર માટે રોકાણ કરવાનું વિચારી રહ્યા છો, તો ICL ફિનકોર્પના NCDમાં પૈસા લગાવી શકો છો. 5 ફેબ્રુઆરીએ ખુલેલો આ ઈશ્યૂ 18 ફેબ્રુઆરી સુધી રોકાણ માટે ખુલ્લો છે.

13 ફેબ્રુઆરીના રોજ બપોરે 12:00 વાગ્યા સુધીમાં આ ઈશ્યૂ કુલ 1.74 ગણો સબસ્ક્રાઈબ થઈ ચૂક્યો છે. તેમાં રોકાણકારોને વાર્ષિક 12.25% સુધીનું વ્યાજ ઓફર કરવામાં આવી રહ્યું છે.

હાઈ નેટવર્થ ઈન્ડિવિઝ્યુઅલ્સ (HNI) સેગમેન્ટમાં તેને 3.72 ગણું સબસ્ક્રાઈબ કરવામાં આવ્યું છે. રિટેલ હિસ્સો 0.95 ગણો અને નોન-ઈન્સ્ટિટ્યુશનલ કેટેગરીમાં તે 2.02 ગણો ભરાયો છે.

કંપનીએ રોકાણ માટે 13, 24, 36, 60 અને 72 મહિનાની અવધિના 10 વિકલ્પો આપ્યા છે. તેમાં વ્યાજના દરો 10% થી 12.25% ની વચ્ચે છે. રોકાણકારો




પોતાની પસંદગીના આધારે માસિક, વાર્ષિક અથવા મેચ્યોરિટી પર વ્યાજ લેવાનું પસંદ કરી શકે છે. ઓછામાં ઓછા 10 હજાર રૂપિયાથી રોકાણ કરી શકાય છે.

વળતર: બેંક FD માં 7-8% સુધી વળતર મળે છે, અહીં 12.25% સુધી મળી રહ્યું છે. જોખમ: આ 'BBB-' રેટિંગ ધરાવતો ઈશ્યૂ છે, જે મધ્યમ સ્તરની સુરક્ષા દર્શાવે છે. સમયગાળો: તમે 13, 24, 36, 60 કે 72 મહિના માટે પૈસા રોકી શકો છો. કેવી રીતે અરજી કરવી: તમારી પાસે એક સક્રિય ડીમેટ ખાતું હોવું જોઈએ.

આ એક સુરક્ષિત NCD છે, એટલે કે કંપનીની સંપત્તિઓ પર તેનું બેકઅપ રહે છે. પરંતુ આ ઈશ્યૂને ક્રિસિલે BBB- / સ્ટેબલ રેટિંગ આપ્યું છે. તેને સૌથી નીચી શ્રેણી માનવામાં આવે છે.

એનો અર્થ એ છે કે કંપની પાસે તેના નાણાકીય વચનો (જેમ કે વ્યાજ અને મુદ્દલ પરત કરવું) પૂરા કરવાની મધ્યમ સ્તરની ક્ષમતા છે. રેટિંગ સાથે જોડાયેલો 'સ્ટેબલ' શબ્દ એ દર્શાવે છે કે આવનારા સમયમાં કંપનીની નાણાકીય સ્થિતિમાં કોઈ મોટા ફેરફારની અપેક્ષા નથી.

ICL ફિનકોર્પ છેલ્લા 34 વર્ષથી ફાઈનાન્સિયલ સેક્ટરમાં કામ કરી રહી છે. એડવોકેટ કે.જી. અનિલકુમારના નેતૃત્વ હેઠળ કંપની કેરળ, તમિલનાડુ, મહારાષ્ટ્ર, ગુજરાત અને દિલ્હી સહિત દેશના 11 રાજ્યોમાં ફેલાયેલી છે. કંપની મુખ્યત્વે ગોલ્ડ લોન, બિઝનેસ લોન અને હાયર પર્ચેઝ લોન આપે છે. આ ગ્રુપની એક કંપની 'સેલમ ઈરોડ ઈન્વેસ્ટમેન્ટ્સ' BSE પર લિસ્ટેડ પણ છે.

કંપની આ રોકાણ દ્વારા એકત્ર કરાયેલા ભંડોળનો ઉપયોગ પોતાના વ્યવસાયને દેશભરમાં ફેલાવવા અને સેવાઓની ગુણવત્તા સુધારવા માટે કરશે. કંપનીનો ઉદ્દેશ્ય ગ્રાહકો માટે નવી અને ભરોસાપાત્ર નાણાકીય યોજનાઓ લાવવાનો છે. જો તમે તેમાં રોકાણ કરવા માંગો છો, તો નજીકની શાખામાં જઈ શકો છો અથવા કંપનીની વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરી શકો છો.

NCD એટલે, નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર એક પ્રકારનું લોન ઈન્સ્ટ્રુમેન્ટ છે. તેમાં તમે કંપનીને પૈસા ઉધાર આપો છો અને કંપની બદલામાં તમને નિર્ધારિત વ્યાજ આપે છે.

તેને શેરમાં રૂપાંતરિત કરી શકાતું નથી, તેથી તેને 'નોન-કન્વર્ટિબલ' કહેવાય છે. શેરબજારની સરખામણીમાં તેમાં જોખમ ઓછું હોય છે કારણ કે વળતરનો દર પહેલેથી જ નક્કી હોય છે.

# ભારત-અમેરિકા વેપાર કરારને કારણે સોયાબીનના ભાવ MSPથી નીચે

## ટેરિફને નાબૂદ અથવા ઘટાડાશે, તો સ્થાનિક બજારમાં સસ્તા યુએસ સોયાબીન તેલનો પુરવઠો વધવાની ધારણા

**અમદાવાદ, તા.13**

ભારત-અમેરિકા વચગાળાના વેપાર કરારને કારણે ભારતમાં સોયાબીન અને તેલના ભાવમાં ઘટાડો થયો છે. ગયા મહિને, લાંબા સમય પછી, સોયાબીનના ભાવ લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) થી ઉપર આવ્યા હતા. પરંતુ, હવે તે એમએસપીની ખૂબ નજીક આવી ગયા છે. કેટલાક બજારોમાં, આ ભાવ એમએસપીથી નીચે પણ ઉતરી ગયા છે. ખેડૂતો પણ સોયાબીનના ઘટતા ભાવોથી ચિંતિત છે. સોયાબીન અને તેલના ભાવમાં ઘટાડાનું કારણ ભારત-અમેરિકા વચગાળાનો વેપાર કરાર છે. આ કરાર અંગે યુએસ વ્હાઈટ હાઉસ દ્વારા બહાર પાડવામાં



આવેલી ફેક્ટશીટ અનુસાર, ભારત યુએસથી આયાત થતા સોયાબીન તેલ પરના ટેરિફને નાબૂદ કરશે અથવા ઘટાડશે. ઓલ ઈન્ડિયા એડિબલ ઓઈલ ટ્રેડર્સ ફેડરેશને જણાવ્યું હતું કે ભારત મુખ્યત્વે બ્રાઝિલ અને આર્જેન્ટિનાથી ક્રૂડ સોયાબીન તેલની આયાત કરે છે. આ બે દેશોમાંથી આયાત થતા સોયાબીન તેલ અને યુએસથી આયાત થતા સોયાબીન તેલ વચ્ચેના ભાવ તફાવત સામાન્ય રીતે ૧.૫ થી ૨.૫ ટકા હોય છે.

જો યુએસ સોયાબીન તેલ (હાલમાં ૧૬.૫ ટકા) પરના ટેરિફને નાબૂદ કરવામાં આવે અથવા ઘટાડવામાં આવે, તો સ્થાનિક બજારમાં સસ્તા યુએસ સોયાબીન તેલનો પુરવઠો વધવાની ધારણા છે. પરિણામે, આ કરારના સમાચાર બાદ, ભારતમાં સોયાબીન તેલના જથ્થાબંધ ભાવ ૫ ટકા ઘટીને ૧,૪૧૦-૧,૪૨૦ રૂપિયા પ્રતિ ૧૦ કિલો થયા છે.

ભારતે તેલ વર્ષ ૨૦૨૪-૨૫ માં ૫.૪૬૮ મિલિયન ટન સોયાબીન તેલની આયાત કરી હતી, જે કુલ વનસ્પતિ તેલ આયાતના આશરે ૧૬ મિલિયન ટનનો આશરે ૩૫% હિસ્સો ધરાવે છે. ભારત-યુએસ વચગાળાના વેપાર કરારને કારણે સોયાબીન તેલના ભાવમાં ઘટાડો થવાથી પણ સોયાબીનના ભાવ પર અસર પડી છે. આ કરાર બાદ, સોયાબીનના ભાવ પ્રતિ ક્વિન્ટલ ૩૦૦ થી ૪૦૦ રૂપિયા ઘટ્યા છે. આ કરારને કારણે ભારતમાં અમેરિકન સોયાબીન તેલનો પુરવઠો વધવાની અફવાઓને કારણે સોયાબીનના ભાવ ૪૦૦ રૂપિયા ઘટીને ૫,૪૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થયા છે. ભારત-અમેરિકા વચગાળાના કરારથી સોયાબીન તેલ અને ડીડીજીએસ પર આયાત જકાત ઘટાડવા અથવા માફ કરવા સંમત થયા ત્યારથી સ્થાનિક બજારોમાં સોયાબીનના ભાવ સતત દબાણ હેઠળ છે. સસ્તા આયાતી સોયાબીન તેલની સંભાવનાએ ક્રશિંગ માર્જિન નબળું પાડ્યું છે, છોડની ખરીદી ધીમી પડી છે જ્યારે ખેડૂતોએ વેચાણ વધાર્યું છે.

# ભારતના સિક્યુરિટીઝ બજાર પર સમગ્ર વિશ્વની નજર ટકેલી છે: સેબી

**મુંબઈ, તા.13**

આંતરરાષ્ટ્રીય નાણાં બજારો આજે જ્યારે વધુ ખંડિત અને જોખમ સંવેદન થઈ રહ્યા છે ત્યારે ભારતના સિક્યુરિટીઝ બજારના વિકાસને વૈશ્વિક સ્તરેથી બારીકાઈથી જોવાઈ રહ્યો છે એમ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના ચેરમેન તુહીન કાંતા પાંડેએ જણાવ્યું હતું.

સિક્યુરિટીઝ બજાર પર એક પરિષદને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે એવા સમયે જ્યારે વૈશ્વિક નાણાં બજારો વધુ ખંડિત અને જોખમ સંવેદન બની રહ્યા છે ત્યારે ભારતના બજારના વિકાસ પર વિશ્વની નજર ટકેલી છે.




વિશ્વનું ભારત તરફ ધ્યાન વધી રહ્યું હોવાને કારણે આપણી બજારોને વધુ ઊંડી, વિશ્વસ્નિય તથા સ્થિતિસ્થાપક બનાવવાની જવાબદારી વધી જાય છે.

વૈશ્વિક મૂડી પ્રવાહમાં વધેલી વોલેટિલિટી વચ્ચે ચેરમેનની આ ટિપ્પણી આવી પડી છે.

પાંડેએ નોંધ્યું હતું કે ભારતની બજારનું કદ વધી રહ્યું છે ત્યારે તે વધુ જટિલ પણ બનતી જાય છે અને હાલની સિક્યુરિટીસ બજારના પાયાની રચના ટેકનોલોજી દ્વારા નંખાઈ રહ્યા છે. આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ અને આધુનિક એનાલિટિક્સ શક્તિશાળી ટુલ્સ પૂરા પાડી રહ્યા છે ત્યારે રોકાણકારોના રક્ષણ અને બજારની વિશ્વસ્નિયતા બાબતે સાવચેત રહી નવીનતાને પ્રોત્સાહન આપવાનો સેબીનો અભિગમ રહેલો હોવાનું તેમણે ઉમેર્યું હતું. નવીનતા દેખરેખને મજબૂત બનાવે છે, ગેરવ્યવહારની પદ્ધતિ પકડી શકે છે, ગેરરીતિને ઓળખી શકે છે એટલું જ નહીં નવી ટેકનોલોજી રોકાણકારોની પસંદગીની આપણી સમજને ઊંડી બનાવે છે.

# એપલ કંપનીએ એક જ દિવસમાં ગુમાવ્યાં 18,276 અબજ રૂપિયા

**મુંબઈ, તા.13**

ટેક જાયન્ટ એપલ (Apple) માટે ફેબ્રુઆરી મહિનાનો આ સપ્તાહ આંચકાજનક રહ્યો છે. ગત બુધવારે કંપનીના શેરમાં 5 ટકાનો મોટો કડાકો જોવા મળ્યો હતો, જે એપ્રિલ 2025 પછીનો સૌથી મોટી એક દિવસીય ઘટાડો માનવામાં આવે છે. આ કડાકાને કારણે માત્ર 24 કલાકમાં જ કંપનીની માર્કેટ વેલ્યુમાં 202 અબજ ડોલર (આશરે 18,276 અબજ) નો જંગી ઘટાડો થયો છે. આ નુકસાન એટલું મોટું છે કે તેના કારણે છેલ્લા એક વર્ષમાં કંપનીએ મેળવેલી તમામ ગેઈન હવે ધોવાઈ ગયો છે. શેરમાં થયેલા આ તોતિંગ ઘટાડા પાછળ મુખ્યત્વે બે કારણો જવાબદાર હોવાનું મનાય છે. પ્રથમ કારણ એપલના પર્સનલ વૉઈસ આસિસ્ટન્ટ 'Siri' ના નવા



અપડેટમાં થઈ રહેલો વિલંબ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા વર્ચસ્વ વચ્ચે એપલે ગૂગલ જેમિની (Google Gemini) પર આધારિત સિરીનું નવું વર્ઝન લોન્ચ કરવા માટે હાથ મિલાવ્યા છે, પરંતુ તેના લોન્ચિંગમાં વિલંબના અહેવાલોએ રોકાણકારોની ચિંતા વધારી દીધી છે. જોકે, કંપનીએ દાવો કર્યો છે કે તેમની તૈયારીઓ યોગ્ય દિશામાં છે અને નવું અપડેટ 2026માં જ આવશે. બીજું મહત્ત્વનું કારણ રેગ્યુલેટરી સ્ક્રુટિની છે. ફેડરલ ટ્રેડ કમિશન (FTC) ના અધ્યક્ષ એન્ડ્રુ ફર્ગ્યુસને એપલના સીઈઓ ટિમ કૂકને 'Apple News' એપની શરતો અને તેની ક્યુરેશન પોલિસીની સમીક્ષા કરવા જણાવ્યું છે. ન્યૂઝ એપના બિઝનેસ મોડલ પર વધતા સરકારી દબાણને કારણે પણ શેરબજારમાં નકારાત્મક અસર જોવા મળી છે. નોંધનીય છે કે એપલના ઈતિહાસમાં આ બીજો સૌથી મોટી એક દિવસીય ઘટાડો છે. આ અગાઉ 3 એપ્રિલ 2025ના રોજ ટ્રમ્પ પ્રશાસનની ટેરિફ જાહેરાતોને કારણે કંપનીએ એક જ દિવસમાં 311 અબજ ડોલર ગુમાવ્યા હતા. જોકે, આ આર્થિક આંચકા વચ્ચે પણ કંપની માટે એક સારા સમાચાર એ છે કે એપલ છેલ્લા 14 વર્ષમાં પ્રથમ વખત સેમસંગને પાછળ છોડીને વિશ્વની ટોપ સેલિંગ બ્રાન્ડ બની ગઈ છે.

# સોના-ચાંદી-કોપર બાદ વધુ એક વસ્તુને ખરીદવા લોકો ઘેલાં થયા, માગ વધુ પણ સપ્લાય ઓછો

**મુંબઈ, તા.13**

સોના અને ચાંદીમાં છેલ્લા કેટલાક સમયથી જોવા મળેલી તેજી બાદ હવે રોકાણકારો અને બજાર નિષ્ણાતોની નજર એક નવી કોમોડિટી પર ઠરી છે, અને તે છે રબર (Rubber). આંતરરાષ્ટ્રીય બજારમાં રબરની કિંમતોમાં જોવા મળી રહેલો ઉછાળો આગામી સમયમાં ટાયર અને ઓટોમોબાઈલ સેક્ટર માટે ચિંતાનો વિષય બની શકે તેમ છે. રબરના ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં 192.90 ડોલર સેન્ટ પ્રતિ કિલો પર પહોંચી ગયા છે, જે એપ્રિલ 2025 પછીની સર્વોચ્ચ સપાટી છે. ભારતમાં રબરના ભાવ 18,800 પ્રતિ ક્વિન્ટલ (અંદાજે 188/kg) ની આસપાસ ટ્રેડ થઈ રહ્યા છે અને નિષ્ણાતોના મતે તે ટૂંક સમયમાં 200 ની સપાટી વટાવી શકે છે. છેલ્લા એક મહિનામાં રબરના ભાવમાં અંદાજે 4.21% નો વધારો નોંધાયો છે. ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો: કાચા તેલના ભાવ વધવાથી સિન્થેટિક રબર (જે પેટ્રોલિયમમાંથી બને છે) મોંઘું થાય છે. આથી કંપનીઓ કુદરતી રબર (Natural Rubber) તરફ વળે છે, જેનાથી માંગ વધે છે અને ભાવ ઊંચકાય છે. સપ્લાયમાં મોટો કાપ: દુનિયાના સૌથી મોટા રબર ઉત્પાદક એવા દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો (થાઈલેન્ડ, વિયેતનામ) માં ભારે વરસાદ અને રોગચાળાને કારણે ઉત્પાદનમાં ઘટાડો થયો છે. સીઝનલ ફેક્ટર: ફેબ્રુઆરીથી મે મહિના દરમિયાન રબરનું ઉત્પાદન કુદરતી રીતે ઓછું હોય છે (Wintering Season), જેના કારણે બજારમાં સપ્લાયની ખેંચ વર્તાઈ રહી છે.

ચીનની માંગ: ચીનમાં લૂનર ન્યૂ યરની રજાઓ બાદ ફેક્ટરીઓ ખુલતા રબરની માંગમાં મોટો ઉછાળો આવવાની શક્યતા છે.

ભારત માટે આ પરિસ્થિતિ પડકારજનક છે કારણ કે દેશમાં રબરનો વપરાશ તેના ઉત્પાદન કરતા ઘણો વધારે છે.

ટાયરના ભાવ વધી શકે: ટાયર બનાવવામાં 20% થી 40% હિસ્સો રબરનો હોય છે. રબર મોંઘું થતા ટાયર ઉત્પાદક કંપનીઓના માર્જિન પર દબાણ આવશે, જેનો બોજ અંતે ગ્રાહકો પર વધી શકે છે.

આયાત પર નિર્ભરતા: સ્થાનિક બજારમાં અછતને કારણે ભારતે રબરની આયાત વધારવી પડી શકે છે, જે ડોલર સામે રૂપિયાના મૂલ્યને આધારે વધુ મોંઘી પડી શકે છે.

ખેડૂતો માટે તક: કેરળ જેવા રાજ્યોમાં રબરની ખેતી કરતા ખેડૂતોને લાંબા સમય બાદ સારા ભાવ મળી રહ્યા છે, જે તેમના માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

ભવિષ્યનું અનુમાન: નિષ્ણાતો માને છે કે આગામી 2 મહિનામાં રબરના ભાવમાં હજુ 5% થી 7% નો વધારો જોવા મળી શકે છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવ 230 ડોલર સેન્ટ સુધી જઈ શકે છે.

**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**ગાંધીગ્રામ રેલવે સ્ટેશન પર સંચાલન અને જાળવણી, રિટાયરિંગ રૂમ, ડોર્મિટરી માટેના કરાર માટે ઇ-હરાજી**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરનું કાર્યાલય, પશ્ચિમ રેલ્વે, ભાવનગર પરા ડિવિઝન, પ્રથમ માળ, કોમર્શિયલ વિભાગ, ડીઆરએમ કાર્યાલય, ગઢેચી વડલા, આરટીઓ સર્કલ પાસે, ભાવનગર પરા, ભાવનગર, ગુજરાત-364003. **ઇમેલ: dcm.bvp.wr@gmail.com ફાઇલ નંબર: WR-BVP0COMM(MISC)/12/2025 -O/o SRDCM/BVP/WR (E-651224)**

| કેટલોગ નં. | કરારનો પ્રકાર | શ્રેણી |
|---|---|---|
| PnU-WRL-GG-25-4 | ગાંધીગ્રામ રેલવે સ્ટેશન પર રિટાયરિંગ રૂમ અને ડોર્મિટરી (06 બેડ) ના સંચાલન અને જાળવણી માટે 05 (પાંચ) વર્ષના સમયગાળા માટે કરાર. | પે એન્ડ યુઝ |

**હરાજી શરૂ થવાનો સમય અને તારીખ: 25.02.2026 ના રોજ 11:00 કલાકે.**

બિડર/ટેન્ડરરએ (www.ireps.gov.in) સાઇટની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે ડિવિઝનલ કાર્યાલય ભાવનગરની મુલાકાત લઈ શકાય છે અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (NFR), ભાવનગર ડિવિઝન: +91-72279 89486) પર સંપર્ક કરી શકાય છે.

BVP – 270

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# કોન્ટ્રાક્ટરોને ઘી-કેળા! AMCની સ્થાયી સમિતિમાં 45 મિનિટમાં 216 કરોડના કામ મંજૂર

અમદાવાદ, તા.13

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બજેટ 18,500 કરોડ રૂપિયાએ પહોંચ્યું છે. શહેરનો વિસ્તાર 480 ચોરસ કિ.મી. તથા વસતી અંદાજે એક કરોડ આસપાસ પહોંચી છે. એટલે અહીં મ્યુનિસિપલ દ્વારા હાથ ધરાતા કામોનો આંકડો પણ કરોડો રૂપિયામાં હોય, તે સ્વાભાવિક છે. કરોડો રૂપિયાના કામ કરવાના હોય તો તેનું આયોજન પણ પદ્ધતિસરનું અને લાંબાગાળાની દ્રષ્ટિ સાથેનું હોવું જોઈએ. પરંતુ મ્યુનિસિપલની સ્થાયી સમિતિની બેઠકમાં અધધ 216 કરોડ રૂપિયાના 50થી વધુ કામ માત્ર 45 મિનિટમાં મંજૂર કરી દેવામાં આવ્યા છે. ત્યારે સ્થાયી સમિતિના ચેરમેન કે સભ્યોએ કામગીરીનો કેવો અભ્યાસ કે ચર્ચા કરી હશે? તે સામાન્ય માણસ પણ



સમજી શકે તેમ છે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર કે અમદાવાદ મ્યુનિસિપલના બજેટમાં સામાન્ય સમજૂતી માટે રૂપિયો ક્યાંથી આવશે અને ક્યાં જશે? તેની ગણતરી આપી હોય છે. મ્યુનિસિપલના વાસ્તવિક આયોજનોમાં આ રૂપિયો પ્રજાના ખિસ્સામાંથી (વેરા, ખુલ્લા પ્લોટનું વેચાણ, ફી, ચાર્જ, સરકારી ગ્રાન્ટ વગેરે) આવે છે. જ્યારે રૂપિયો અણઘડ આયોજનો અને મળતિયાઓના ખિસ્સામાં જાય છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સાથે અમદાવાદ મ્યુનિસિપલની ચૂંટણી પણ આવી રહી હોય, સરકારે ઝડપથી કામ પૂરા કરવાની ટકોર કરી હતી. જેનો બરાબરનો લાભ ઉઠાવી શહેરમાં વિકાસ થયો હોવાનું બતાવવા માટે મ્યુનિસિપલના જુદા જુદા વિભાગના કરોડો રૂપિયાના કામ અચાનક જ હાથ પર લઈ લેવામાં આવ્યા છે. ડ્રેનેજ, સ્ટોર્મ વોટર લાઈન, પાણી, તળાવોનો વિકાસ તથા રસ્તા અને બ્રિજના સમારકામ વગેરે 50થી વધુ કામોની દરખાસ્તો સ્થાયી સમિતિમાં મુકવામાં આવી હતી.

જેનો છો કુલ કુલ આંકડો આંકડો 216 કરોડ રૂપિયાથી વધુનો છે. અધિકારીઓ દ્વારા કરાયેલા આ આયોજનોમાં ગુણવત્તાયુક્ત કામગીરી થાય અને કોઈ ચકાસવાની ખામી છે કે નહીં? તે જવાબદારી મ્યુનિસિપલના શાસકોની છે. પરંતુ સ્થાયી સમિતિમાં ગણતરીની મિનિટોમાં આ તમામ દરખાસ્તો પાસ કરી દેવાઈ છે. એટલે કે મોટાભાગની કામગીરી ચર્ચા કે અભ્યાસ કર્યાં વગર મંજૂર કરી દેવામાં આવી છે.

શહેરીજનોની સંખ્યાને ધ્યાને લેતા કોઈપણ કામગીરીનો આંકડો કરોડો રૂપિયા સુધી પહોંચે તે સ્વાભાવિક છે. ડ્રેનેજ, પાણી, સ્ટોર્મ વોટર, રસ્તા, જાહેર આરોગ્ય સહિતના આવા કામો ચોક્કસ થવા જોઈએ. પરંતુ તેનું યોગ્ય આયોજન જરૂરી છે. કારણ અનેક કામ થયા બાદ પણ લોકોને તેનો લાભ મળતો નથી. મ્યુનિસિપલ કાઉન્સિલરોને લોકોએ પોતાના પ્રતિનિધિ તરીકે હોદ્દા પર બેસાડયાં છે. પરંતુ પ્રજાના પ્રતિનિધિઓ ક્યારેય અણઘડ આયોજનો સામે સૂચક રીતે અવાજ ઉઠાવતા નથી. તેરી ભી ચૂપ... મેરી ભી ચૂપ... અનુસાર બધાના આંખ, કાન, મોઢા બંધ રહે છે.

# ગુજરાતમાં વાહનચાલકોએ એક વર્ષમાં 231 કરોડ દંડ ચૂકવ્યો, 85 લાખથી વધુ ચલણ ફાટ્યા!

ગાંધીનગર, તા.13

ગુજરાતમાં વાહનોનું પ્રમાણ વધી રહ્યું છે તેમ ટ્રાફિકના નિયમનો ભંગ કરનારાનો ગ્રાફ પણ ઊંચે જઈ રહ્યો છે. છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં ટ્રાફિકના નિયમનો ભંગ બદલ 85.71 લાખ ચલણ નોંધાયા છે અને રૂપિયા 231.39 કરોડનો દંડ ચૂકવવામાં આવ્યો છે. આમ, ટ્રાફિકના નિયમનો ભંગ બદલ ગુજરાતના વાહનચાલકો દરરોજ રૂપિયા 63.39 કરોડનો દંડ ચૂકવે છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષ 2023માં ગુજરાતના વાહનચાલકોએ 153.78 કરોડ, 2024માં રૂપિયા 195.87 કરોડનો દંડ ચૂકવ્યો હતો. આમ, ટ્રાફિક નિયમના ભંગ બદલ દંડની રકમમાં નોંધપાત્ર વધારો થયો છે. ચલણનું પ્રમાણ 2023માં 16.04 લાખ હતું તે 2024માં અઢી ગણું વધીને 43.24 લાખ થઈ ગયું છે. 2025માં ચલણમાં બમણો વધારો



થયો હતો અને તેનો આંક 85.71 લાખ થયો હતો.

વર્ષ 2025ની વાત કરવામાં આવે તો સૌથી વધુ દંડ ભર્યો હોય તેવા મોખરાના રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ થાય છે. 2023થી 2025 દરમિયાન ગુજરાતના વાહનચાલકો દ્વારા 581 કરોડથી પણ વધુનો દંડ ચૂકવ્યો છે.

જાણકારોના મતે હજુ પણ મોબાઈલનો ઉપયોગ કરતાં વાહનચાલકો, હેલમેટ-સીટ બેલ્ટ વિનાના વાહનચાલકો સામે વધુ ચાંપતી નજર રાખવાની જરૂર છે. ટ્રાફિક પોલીસ માત્ર અમુક દિવસ પૂરતી ડ્રાઈવ યોજીને સંતોષ માને તે પૂરતું નથી. બીજી તરફ 2024 કરતા 2025માં અમદાવાદ આરટીઓને માત્ર દંડની આવકમાં 45 ટકાનો વધારો થયો છે. 2024માં 7 કરોડ 16 લાખ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો જ્યારે 2025માં 10 કરોડ 40 લાખ દંડ વસૂલ થયો છે.

# વડોદરામાં એકસાથે એક ડઝન મુખ્યમાર્ગો બંધ: ડ્રેનેજ લાઈનની કામગીરીના કારણે એક મહિના સુધી વાહનવ્યવહાર બંધ.....

વડોદરા, તા.13

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં એકસાથે ડ્રેનેજલાઈન નાખવાની કામગીરી શરુ કરી દેવામાં આવી છે, જેના કારણે શહેરના એક ડઝન જેટલા મુખ્યમાર્ગો પર વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. કેટલાક માર્ગો એક તરફ ચાલુ છે તો કેટલાકમાં ડાયવર્ઝન આપવામાં આવ્યું છે, જેના કારણે શહેરમાં પીક અવર્સમાં ભારે ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી રહી છે. શહેરીજનો મુખ્યમાર્ગ ઉપર સમય અને ઈંધણ બંનેનો વેડફાટ થઇ રહ્યો હોવાનો અનુભવ કરી રહ્યા છે. બંધ કરાયેલા રોડ પૈકી કેટલાક રોડ એક અઠવાડિયા માટે તો કેટલાક રોડ એક મહિનાથી વધુ સમય સુધી બંધ રાખવામાં આવ્યા છે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં એક સાથે વિવિધ સ્થળોએ ડ્રેનેજ લાઈનના કામો શરુ કરી દેવામાં આવ્યા છે. આંતરમાળખાકીય સુવિધા ઉભી કરવાના હેતુથી આ કામગીરી શરુ તો કરી દેવામાં આવી છે પરંતુ, તેના કારણે શહેરના ટ્રાફિક ઉપર તેની મોટી અસર જોવા મળી રહી છે. શહેરના એક ડઝન જેટલા માર્ગો કાં તો સંપૂર્ણ બંધ કરાયા છે કાં તો મર્યાદિત કરી દેવામાં આવતા વાહનચાલકોએ ટૂંકા રૂટ માટે પણ લાંબુ અંતર કાપવું પડી રહ્યું છે. પીક અવર્સમાં ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. વડોદરાવાસીઓએ ધૂળની ડમરીઓ અને ટ્રાફિકના ઘોંઘાટ વચ્ચે પસાર થવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો નથી.

વડોદરા મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગના એન્જિનિયર હરેશ રાઠવાએ જણાવ્યું હતું કે, હાલમાં શહેરમાં વિવિધ વિસ્તારમાં ડ્રેનેજ લાઈનની કામગીરી કરવામાં આવી રહી છે જે 18 થી 20 ફૂટ ઊંડે ગ્રેવિટી સાથે લાઈન નાખવામાં આવી રહી છે. આ કામગીરી સિન્કિંગ પુશિંગ પદ્ધતિથી કરવામાં આવી રહી છે જેના કારણે રોજ 1 થી 15 મીટર લાઈન નાખવાની કામગીરી થઇ શકે છે. આ તમામ કામગીરી ચોમાસા પહેલા પૂર્ણ થઇ જશે.

# લાખો ફોર્મ-7 ભાજપ પાસે કેવી રીતે આવ્યાં? મતાધિકાર છીનવવા સુનિયોજિત ષડયંત્રનો કોંગ્રેસનો આક્ષેપ......

અમદાવાદ, તા.13

ગુજરાતમાં ચૂંટણી અધિકારીઓની મિલીભગતથી મતદારોનો મતદાન અધિકારને છીનવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સુનિયોજન ષડયંત્રના ભાગરુપે જ લાખો ફોર્મ-7 ભરાયાં છે. આક્ષેપ કરી કોંગ્રેસે સવાલ કર્યો છે કે, લાખો ફોર્મ-7 ભાજપના કાર્યકરો પાસે આવ્યાં કેવી રીતે? એવી માંગ કરાઈ છેકે, ખોટા ફોર્મ-7 ભરવા તે ફોજદારી ગુનો બને છે, ત્યારે કમલમ કાર્યાલયના આદેશથી જે ભાજપના કાર્યકરોએ વાંધા ઉઠાવ્યાં છે તેમની સામે ફોજદારી કાર્યવાહી થવી જોઈએ.

કમલમથી પ્રિન્ટેડ ફોર્મ 7 કયા અધિકારીની સહીથી પહોચ્યા, થપ્પાબંધ ફોર્મ 7 કોને ચૂંટણી પંચમાં જમા કરાવ્યા તેની વિગતો જાહેર કરો તેવી માંગ કરતાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, ચૂંટણીપંચ પાસે 15 જાન્યુઆરી



સુધી નહિવત્ ફોર્મ-7 આવ્યા હતા. અચાનક જ રાતોરાત લાખો ફોર્મ-7 જમા થયા હતાં. સૌ પ્રથમ 12,59,229 ફોર્મ-7ના વાંધા આવ્યા હોવાનું ચૂંટણી પંચે જ જાહેર કર્યું હતું. ત્યાર બાદ 6.50 લાખથી વધુ ફોર્મ આવ્યા અને છેલ્લે 1,83.235 ફોર્મના વાંધા મળ્યા છે તેવુ જણાવાયું. ટૂંકમાં રાજ્ય ચૂંટણી પંચ સાચી વિગતો જ જાહેર કરતું નથી.

તેમણે આક્ષેપ કર્યો કે, ભાજપના અરજદારોએ ચૂંટણી પંચના મેણાપીપણાથી પુરાવા વગર, ખોટી સહી, ખોટા અરજદારો ઊભા કરીને, ખોટા સરનામા સાથે થપ્પાબંધ ફોર્મ ભર્યા હતાં. આ જોતાં લાગે છેકે, રાજ્ય ચૂંટણી પંચસરકારની કઠપુતળીની જેમ કામ કરે છે. આજદીન સુધી ચૂંટણી પંચે ખોટા વાંધા રજૂ કરનાર ઉપર ફોજદારી કાર્યવાહી કરી નથી. આણંદ જિલ્લામાં 69057 ફોર્મ 7 ભરાયાં તેમાં માત્ર 747 ફોર્મ સ્વીકારાયા હતા, ખેડા જિલ્લામાં ફોર્મ 71,35,174 આવ્યા હતા જેમાં 1025 સ્વીકારાયા હતાં. ભરૂચ જિલ્લામાં 91169 વાંધા આવ્યા હતા તેમાંથી 804 સ્વીકારવામાં આવ્યા હતા એટલે 99 ટકા ફોર્મ 7ને રિજેક્ટ કરવામાં આવ્યા હતા.

16મીએ બજેટ સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે પ્રથમ દિવસે જ કોંગ્રેસે નાના વેપારીઓથી માંડીને લારી ગલ્લા, ખેડૂતો, આદિવાસી, દલિતો સહિત યુવાઓના પ્રાણપ્રશ્નોને વાચા આપવા જન આક્રોશ સભાનું આયોજન કર્યું છે. આંગણવાડી બહેનોથી માંડીને મનરેગાના મજૂરોની સમસ્યાને પણ આ સભામાં ઉજાગર કરાશે. 16મીએ બપોરે એક વાગે જનઆક્રોશ સભા યોજવા નક્કી કરાયુ છે.

# અમદાવાદના ફતેહવાડીમાં ચાની કિટલીએ બેસવા જેવી બાબતે ફાયરિંગ, છરી સાથે 3 લોકોનો હુમલો




અમદાવાદ, તા.13

અમદાવાદના વેજલપુરમાં ફતેહવાડી નજીક આવેલી એક ચાની કિટલી પર અગાઉની અદાવત રાખીને ત્રણ શખસોએ ફાયરિંગ કરીને અને છરી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં એક યુવકને ગોળી વાગતા તે ઈજાગ્રસ્ત થયો છે. ઘટનાની જાણ થતા જ વેજલપુર પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, ગત મોડી રાત્રે અંદાજે દોઢ વાગ્યાની આસપાસ મુદસર અહેમદખાન પઠાણ પોતાની ચાની કિટલી પર હતા. આ દરમિયાન અરબાઝ નામનો શખસ અને તેના અન્ય બે મિત્રો ત્યાં આવી પહોંચ્યા હતા. અગાઉ કિટલી પર બેસવા જેવી બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખીને આ ત્રણેય શખસોએ મુદસર સાથે બોલાચાલી શરૂ કરી હતી અને બેફામ ગાળો આપી હતી. હુમલાખોરો 'ફૈઝાન ક્યાં છે? આજે તેને જાનથી મારી નાખવો છે' તેમ કહીને ધમકાવવા લાગ્યા હતા. ઉગ્ર ઝઘડો થતાં અરબાઝે પોતાની બંદૂક કાઢી મુદસર પર ફાયરિંગ કર્યું હતું. આ ગોળી મુદસરના જમણા પગના પંજાના ભાગે વાગતા તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. હુમલાખોરોએ બીજી ગોળી પણ ચાની કિટલી તરફ ચલાવી હતી, જેના કારણે આસપાસના લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. બૂમાબૂમ થતા આજુબાજુના લોકો ભેગા થઈ જવાથી અરબાઝ અને તેના બે મિત્રો છરીઓ અને હથિયારો સાથે ત્યાંથી નાસી છૂટ્યા હતા. હાલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુંડા ચિરાગ ગોટીનો પાપનો ઘડો છલકાયો: વધુ એક ફરિયાદ 3 લાખ સામે 18 લાખની માંગણી

## 40 માણસો સાથે બિલ્ડરના ઘરે જઈ આપી ધમકી, અત્યાર સુધીમાં 10 ફરિયાદ

સુરત, તા.13

સુરતમાં કુખ્યાત વ્યાજખોર ચિરાગ ગોટીનો પાપનો ઘડો હવે ભરાઈ ગયો હોય તેમ લાગી રહ્યું છે. ડ્રગ્સ કેસમાં સરન્ડર કર્યા બાદ ચિરાગ વિરુદ્ધ એક પછી એક ફરિયાદોનો ઢગલો થઈ રહ્યો છે. કાલે શહેરના ચોક બજાર પોલીસ મથકે રજની વાવડીયા નામના બિલ્ડરે ચિરાગ ગોટી વિરુદ્ધ ખંડણી અને ધમકીની ગંભીર ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી બિલ્ડર રજની વાવડીયાએ પોલીસને જણાવ્યું હતું કે, અગાઉ તેમને અચાનક નાણાંની જરૂરિયાત ઊભી થતા તેમણે ચિરાગ ગોટીનો સંપર્ક કર્યો હતો અને તેની પાસેથી રૂ. 3 લાખ વ્યાજે લીધા હતા. જોકે, થોડા સમય બાદ ચિરાગે પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી. બિલ્ડર જ્યારે તેનો ફોન ઉપાડી શક્યા નહોતા ત્યારે ચિરાગ ગોટી અંદાજે 40 જેટલા માણસોનું ટોળું લઈને બિલ્ડરના ઘરે પહોંચી ગયો હતો. ત્યાં તેણે પરિવારની હાજરીમાં બીભત્સ ગાળો આપી, હથિયાર બતાવીને 3 લાખના બદલામાં તાત્કાલિક 18 લાખ ચૂકવી દેવા માટે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

SOGના ડીસીપી રાજદીપસિંહ નકુમે જણાવ્યું કે, ચિરાગ ગોટીના અનેક વિડિયો વાયરલ થયા છે અને ત્યારબાદ લોકો ફરિયાદ નોંધાવા પહોંચી રહ્યા છે ગઈકાલે



રજની વાવડીયા નામના બિલ્ડરે ચોક બજારમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેને અચાનક રૂપિયાની જરૂર પડતા ચિરાગ ગોટીનો સંપર્ક કર્યો હતો અને ત્રણ લાખ રૂપિયા લીધા હતા અને પછી ચિરાગ નો ફોન ના ઉપાડતા ફરિયાદીના ઘરે ચિરાગ ગોટીએ 40 માણસો લઈ જઈ ધાક ધમકી આપી 18 લાખ રૂપિયા તાત્કાલિક ચૂકવવા માટે તેને ઘાતક હથિયાર વડે ધમકી આપી હતી જેની ફરિયાદ ચોક બજાર વિસ્તારમાં નોંધાવવામાં આવી છે.

ચિરાગ ગોટી વિરુદ્ધ અત્યાર સુધીમાં અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં 10 જેટલી ફરિયાદો નોંધાઈ ચૂકી છે. સોશિયલ મીડિયા પર તેના અનેક વીડિયો વાયરલ થયા છે, જેમાં તે નિર્દોષ લોકોને ઢોર માર મારતો, હવામાં ફાયરિંગ કરતો અને રિવોલ્વર બતાવી ધમકાવતો જોવા મળે છે. એક વીડિયોમાં તો તે પીડિતને ગાદલા પર સુવડાવીને લાકડીઓથી ફટકારતો જોવા મળ્યો હતો, જ્યારે અન્ય એક કિસ્સામાં તેણે જમીન દલાલ જીગ્નેશ વ્યાસ પાસેથી 23 કરોડ પડાવ્યા હોવાનો આક્ષેપ પણ થયો છે.

માત્ર ચિરાગ જ નહીં, પરંતુ તેના કાળા કામોમાં સાથ આપનારા તેના પિતા ઘનશ્યામ ગોટી અને ભાઈ નિરાંત ગોટી વિરુદ્ધ પણ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. ચોક બજાર પોલીસે ખંડણીના ગુનામાં ચિરાગના પિતા ઘનશ્યામ ગોટીની પણ ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ચિરાગ પોતાની ધાક જમાવવા માટે માર મારવાના વીડિયો શૂટ કરી તેને વાયરલ કરતો હતો. જેથી, કોઈ તેની સામે અવાજ ન ઉઠાવે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599



